# લેહ, લદ્દાખ, કારગિલ, કાશ્મીર

સ્વામી સચ્ચિદાનંદ



# લેહ, લદ્દાખ, કારગિલ, કાશ્મીર

## સ્વામી સચ્ચિદાનંદ

Leh, Laddakh, Kargil, Kashmir

*a travelogue* by Swami Sachchidanand

Published by Gurjar Prakashan, Ahmedabad-380 006

© Swami Sachchidanand

First Published: 2009

This ePub edition: 2014

ISBN: 978-81-8461-845-7

GURJAR PRAKASHAN

Website: www.gurjar.biz

e-mail: goorjar@yahoo.com

eBook by

www.e-Shabda.com

# અર્પણ

જેણે પૂરા પ્રવાસમાં તન-મન-ધનથી

મન મૂકીને મારી સેવા કરી તે

શ્રી શક્તિસિંહજી ચુડાસમાને

સપ્રેમ અર્પણ

# ભૂમિકા

ઘણા સમયથી લેહ-લદ્દાખનો પ્રવાસ કરવા માટે ઉમેશ પાછળ પડ્યો હતો. આરોગ્યના કારણે મારે જવું ન હતું. ઊંચા-ઊંચા પર્વતોની ચઢાઈ, પાતળી હવા અને બીજી ઘણી કઠિનાઈઓ. વળી પાછી મેં બાયપાસ સર્જરી કરાવેલી એટલે મારો વિચાર જરાય ન હતો. પણ ઉમેશ હઠીલો માણસ છે. તે પકડેલી હઠને છોડે નહિ. તેની સાથે સાથે જગદીશભાઈ ભળ્યા. એટલે વાત મજબૂત થઈ અને અંતે આ પ્રવાસ ગોઠવાઈ ગયો. અમે 27 માણસો પ્રવાસ માટે તૈયાર થયા. શ્રી શક્તિ ટ્રાવેલ્સવાળા મહેશભાઈએ રસોડા સાથે પૂરી ટૂર ગોઠવી દીધી. આ પ્રવાસમાં પોતાનું રસોડું હોવું બહુ જરૂરી લાગ્યું. કારણ કે બધો પ્રદેશ માંસાહારી છે અને ગુજરાતી રસોઈની વ્યવસ્થા કઠિન છે. અમારો રસોડા વિભાગ સારો રહ્યો. સેવકો—જેને જે જોઈએ અને જ્યારે જોઈએ ત્યારે બધી સેવા આપતા રહ્યા. કશો જ લોભ ન કરે.

અમારા પ્રવાસમાં સૌથી વધુ ઉત્તમ ક્ષેત્ર લેહ-લદ્દાખ હતું. પૂરી શાંતિ. પ્રામાણિક, સંતોષી અને ઉત્તમ પ્રજા, શતપ્રતિશત બૌદ્ધ. પૂરેપૂરી માંસાહારી પણ જરાય રાક્ષસી વૃત્તિ નહિ. ‘જેવું અન્ન તેવું મન’ એવી કહેવત અહીં સાચી નથી પડતી. ઊંચા પર્વતો, પાતળી હવા, આછી વસ્તી, સમૃદ્ધિનો અભાવ છતાં દરિદ્રતા નહિ. માનસિક દરિદ્રતા જરાય નહિ.

કારગિલ પણ સારું લાગ્યું. 95% મુસ્લિમ હોવા છતાં બધા રાષ્ટ્રવાદી, ભારતવાદી. આજ સુધી કદી તોફાનો થયાં નથી. એક પણ ગોળી ચાલી નથી. કારગિલના શિયાઓ મળવા જેવા માણસો હોય છે. કારગિલનું ખરું આકર્ષણ કારગિલયુદ્ધના શહીદોનું સ્મારક છે. આ યુદ્ધ કશી જ તૈયારી વિના હડબડાટમાં આપણે લડ્યું હતું. એટલે ભારે ખુવારી થઈ હતી. પાકિસ્તાને લુચ્ચાઈ કરીને શિયાળામાં ખાલી પડેલી આપણી ચોકીઓ પડાવી લીધી હતી. આપણું ગુપ્તચરતંત્ર કાયમ ઊંઘતું રહે છે. વિજ્ઞાનનો પણ પૂરો ઉપયોગ ન કરાયો. ચાલો. બધાં પર્વતશિખરો આપણે પાછાં મેળવી લીધાં તે સંતોષની વાત છે. હંમેશાં આક્રમક સેના પૂરી તૈયારી સાથે આક્રમણ કરતી હોય છે, જ્યારે રક્ષિત જીવન જીવનારી પ્રજા કદી પણ આક્રમણ કરતી નથી, તેથી તે તૈયાર પણ નથી હોતી. આપણી આવી જ દશા છે. આપણે આક્રમણ નથી કરતા એટલે તૈયાર નથી હોતા. આપણે પ્રત્યાક્રમણ પણ નથી કરતા. આપણે સમાધાનઘેલી પ્રજા છીએ. જલદીથી જલદી સમાધાન કરી લો. આવી ઉતાવળના કારણે આપણે પ્રશ્નનો પૂરેપૂરો ઉકેલ કરી શકતા નથી. આક્રમણ કરવાની અનેક વાર તક મળવા છતાં આપણે આક્રમણ તો શું પ્રત્યાક્રમણ પણ ન કર્યું. તેથી પ્રશ્નો વધુ વિકરાળ બન્યા છે. વાતચીત જરૂર કરવી જોઈએ. પણ તે ત્યારે જ સફળ થતી હોય છે જ્યારે ધરતી પર તમારો પગ મજબૂત હોય. આપણા પગ કાચા રહ્યા છે. તેથી પાકિસ્તાન આતંક ફેલાવે છે. પૂરી સૈનિક તૈયારી હંમેશાં રહેવી જોઈએ. પણ નથી હોતી.

આવું થવાનું મૂળ કારણ ભારતના સંપ્રદાયો છે. શીખ ધર્મ સિવાય એક પણ ધર્મ કે સંપ્રદાય પ્રજાને યોદ્ધા થવાની પ્રેરણા આપતો નથી. યોદ્ધા વિનાની પ્રજા આપોઆપ નમાલી બની જતી હોય છે. તેનું ચિંતન પણ નમાલું થઈ જતું હોય છે. આપણો ખરો રોગ ચિંતનમાં છે. જ્યાં સુધી પ્રત્યેક ધર્મ, પોતાના અનુયાયીઓને યોદ્ધા થવાની પ્રેરણા આપતો નહિ થાય ત્યાં સુધી આ નમાલાપણું દૂર થવાનું નથી. માત્ર ભગતડાં જ નહિ, યોદ્ધાઓ પણ બનાવો તો જ રાષ્ટ્ર બળવાન બને.

કાશ્મીરની સ્થિતિ બગડી ચૂકી છે. કોઈ સમાધાન દેખાતું નથી. સેના દ્વારા કેટલો સમય કાશ્મીરને પકડી શકીશું? ત્યાં બહુ મોટા ઓપરેશનની જરૂર છે. નાનાં-નાનાં નસ્તરોથી કામ નહિ ચાલે. અલગતાવાદીને એટલી બધી છૂટ અપાઈ છે કે તેઓ બિન્દાસ થઈને પાકિસ્તાનનો વાવટો ફરકાવતા હોય છે. પૂર્વમાં નાગાલૅન્ડ, મીઝોરમ વગેરે સળગી રહ્યાં છે. હવે તો આગ નકસલવાદ અને માઓવાદના દ્વારા છેક આંધ્ર સુધી ફેલાઈ છે. સરકાર નસ્તર તો મૂકી શકે છે. ઓપરેશન નથી કરી શકતી. ચિંતન જ એવું છે.

એકંદરે અમારો પ્રવાસ ખૂબ સારો રહ્યો. થોડાક અપવાદને બાદ કરતાં બધા પ્રવાસીઓ અનુશાસનમાં રહ્યા. અનુશાસનથી જ વ્યવસ્થા આવતી હોય છે અને વ્યવસ્થાથી સુખ-શાંતિ-સફળતા મળતાં હોય છે.

શ્રી શક્તિસિંહ ચુડાસમા મારા રૂમ-પાર્ટનર રહ્યા. છેક સુધી તેમણે મારી બહુ જ સેવા કરી. વચ્ચે મારી તબિયત થોડી બગડી પણ શક્તિસિંહે મન મૂકીને સેવા કરી. તેમનો આભાર.

બીજા બધા ભાઈઓ પણ અનુકૂળ રહ્યા. સૌના સહકાર અને સહયોગથી જ આ પ્રવાસ કરી શકાયો. એટલે સૌ પ્રવાસીઓનો આભાર.
શ્રી શક્તિ ટ્રાવેલ્સે સસ્તા ભાવમાં આ પ્રવાસ કરાવડાવ્યો તથા સારા કાર્યકર્તાઓ આપ્યા તે બદલ તેમનો પણ આભાર.
આ યાત્રા વિકટ હતી છતાં પાર પડાવી તે બદલ પરમકૃપાળુ પરમાત્માનો આભાર.


**સ્વામી સચ્ચિદાનંદ**

3-7-2009

ભક્તિનિકેતન આશ્રમ,
દંતાલી, પો.બો.નં. 19,
પેટલાદ-388450
જિ. આણંદ
(ફોનઃ 02697—252480)

# 1. દિલ્હી થઈ હરિયાણા

ફરી પાછો પ્રવાસ ગોઠવાયો. આ વખતે દેશના જ એક ભાગમાં પ્રવાસ કરવાનો છે. છેક ઉત્તરમાં લેહ-લદ્દાખ-કારગિલ-કાશ્મીરને પ્રવાસકેન્દ્ર બનાવ્યું છે. શક્તિ ટ્રાવેલ્સવાળા શ્રી મહેશભાઈએ પૂરા રસોડા સાથે વ્યવસ્થા કરી છે અને અમે 27 પ્રવાસીઓ તેમાં જોડાયા છીએ. આજે તા.10-6-09 છે અને સાંજે પાંચ વાગ્યે અમદાવાદ રેલવે સ્ટેશન ઉપર સૌએ રાજધાની એક્સપ્રેસમાં વિદાય થવાનું છે. ત્યાં જ બધાએ મળવાનું છે. તે પહેલાં હું કોબા આશ્રમમાં આવી ગયો છું. અહીં નાનો જમણવાર પણ છે. શ્રી રાજેન્દ્ર પટેલ (લંડન) પોતાની સાથે રાજકોટના મહારાજાના પુત્ર શ્રી માંધાતાસિંહને પણ પત્ની સાથે લઈ આવ્યા છે. જમવાને હજી થોડી વાર છે ત્યાં સુધી થોડી ચર્ચા ચાલી. શ્રી માંધાતાસિંહ અને તેમનાં પત્નીનો મારા પર સૌથી પ્રથમ પ્રભાવ તેમની નમ્રતા-વિનય-વિવેકનો પડ્યો. ખૂબ જ નમ્રતાથી તેઓ આવ્યાં અને બેઠાં. વ્યક્તિની ખાનદાની તેના વ્યવહારથી પરખાતી હોય છે. ઘણી ઊંચી જગ્યાએ બેઠેલી વ્યક્તિ પણ જ્યારે તદ્દન સામાન્ય વ્યવહારમાં પૂરેપૂરી ભદ્રતા અને શાલીનતા બતાવે ત્યારે તેના પ્રત્યે આપોઆપ અહોભાવ થઈ જતો હોય છે. શ્રી માંધાતાસિંહજી ભાજપમાં જોડાયેલા છે અને તેમના પિતાશ્રી કોંગ્રેસમાં જોડાયલા છે. એક જ ઘરમાં બાપ-દીકરાના જુદા જુદા પક્ષો લોકશાહીની વિશેષતા બતાવે છે. જોકે હમણાં જ થયેલી ચૂંટણીમાં ભાજપે ધાર્યા પ્રમાણે દેખાવ કર્યો નથી તેનો આઘાત પક્ષના બધા નેતા અનુભવે છે. પરાજયનો આઘાત વ્યક્તિની ખુમારી માપવાનું યંત્ર છે. ખાસ કરીને પરાજિત સેનાનો સેનાપતિ પોતાના આત્મબળ અને હિંમતથી સેનાને ફરીથી બેઠી કરી શકતો હોય છે. જો પરાજયના સમયમાં નેતા જ હિંમત હારી જાય તો ડૂબેલું લશ્કર પૂરેપૂરું ડૂબી જતું હોય છે. તે ફરી કદી બેઠું થઈ શકતું નથી અને પરાજયનો અનુભવ પણ જીવન માટે જરૂરી છે. તેના દ્વારા નેતાની મહત્તા ઘડાતી હોય છે. વિજયી નેતા કે પક્ષની ખાનદાની મપાતી હોય છે. વિજયી નેતા જ્યારે પરાજિત વ્યક્તિ કે પક્ષની માન-મર્યાદા સાચવે ત્યારે તે ખાનદાન સાબિત થતો હોય છે. વિજયી નેતાને કે પક્ષને વિજયનો ઉન્માદ ચઢે અને પરાજિત વ્યક્તિ કે પક્ષને હડધૂત કરે તો સમજવું કે તે હીન ખાનદાનીવાળો છે. એવું લાગે છે કે દેશમાંથી ચૂંટણીની જય-પરાજયલક્ષી ગુણવત્તા સમાપ્ત થઈ રહી છે. લોકશાહીમાં આવી ગુણવત્તા સમાપ્ત થાય ત્યારે યાદવાસ્થળી સર્જાવાની ભીતિ સર્જાતી હોય છે.

અમે બધા જમ્યા અને માંધાતાસિંહજી વિવેકપૂર્વક વિદાય થયા. અમારી લાંબી ચર્ચા ધ્યાનપૂર્વક તેમનાં પત્ની સાંભળતાં રહ્યાં પણ એક પણ શબ્દ બોલ્યાં નહિ. સમય પર ચૂપ રહેવું એ પણ રાજકારણમાં મોટી મુત્સદ્દી થઈ શકે છે. વગર કારણે બોલબોલ કરનારો મુત્સદ્દી થઈ શકતો નથી. રાજદંપતી મારા પર સારી છાપ મૂકીને વિદાય થયું. જોકે હવે કોઈ રાજા રહ્યા નથી તોપણ રાજપરંપરાની ખાનદાની તો રહી જ છે. તેની પ્રતીતિ કરાવતા ગયા. કડવાશ મૂકીને જનારા રાજનેતા લોકપ્રિય થઈ શકતા નથી. લોકશાહીમાં લોકચાહના એ રાજનેતાની સર્વોચ્ચ મૂડી ગણાય છે. અભિમાની વ્યક્તિ આવી લોકચાહના મેળવી શકતી નથી. પદ પરથી ઊતર્યા પછી કડવાશ પોતાને જ કડવા ઘૂંટ પિવડાવતી હોય છે. જ્યારે મધુરતા તો પદ પરથી ઊતર્યા પછી પણ મધુરતાનો સ્વાદ આપતી રહેતી હોય છે.

*

## હરિઓમને મળવા ગયા.

ઘણા સમયથી અમારા આશ્રમમાં, નરોડાના શ્રી મંગળભાઈ પ્રજાપતિ જેને અમે સૌ હરિઓમના ઉપનામથી બોલાવીએ છીએ તે રહે છે. તે બીમાર થયા છે અને નરોડામાં રુદ્રાક્ષ હૉસ્પિટલમાં દાખલ થયા છે. તેમને પ્રોસ્ટેટનું ઓપરેશન કરવું પડ્યું છે. રેલવે સ્ટેશને જતાં પહેલાં હું તેમને મળવા ગયો. આ હૉસ્પિટલ એકાદ વર્ષથી કાર્યરત થઈ છે. તેનું ઉદ્ઘાટન મારા હાથે જ કરાવ્યું હતું. તેની પ્રગતિ જોઈને આનંદ થયો. બધા વ્યવસ્થાપકોએ મારું સ્વાગત કર્યું. હરિઓમ તો ભાવવિભોર થઈ ગયા. કોઈ બીમાર માણસને તમે મળવા જાઓ છો ત્યારે તમને ખબર નથી કે તમે દવાનું કામ કરો છો. તમારા આવવાથી દરદીને બહુ મોટું આશ્વાસન મળતું હોય છે. આ આશ્વાસન દવાનું કામ કરતું હોય છે. હરિઓમ તથા તેમના પરિવારને મળીને ફરી પાછા વિદાય થયા અને પહોંચ્યા અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશને.

અધધધ...આ શું? ક્યાંય પગ મૂકવાની જગ્યા નથી. સ્ટેશનનો પ્રતીક્ષા ભાગ કીડિયારાની માફક ઊભરાઈ રહ્યો છે. આટલી બધી વસ્તી, આ દેશનું થશે શું? બધા જ મહત્ત્વના પ્રશ્નોની માફક આ પ્રશ્ન પણ વણઉકેલાયો આગળ ધકેલાઈ રહ્યો છે. પ્રજાનો એક વર્ગ

વસ્તીનિયંત્રણમાં માનતો નથી. આ વર્ગની મતશક્તિ પ્રબળ છે. સંગઠિત છે. તેથી તે નારાજ થાય તેવા નિર્ણયો સત્તાધીશો કરી શકતા નથી. ઊલટાનું વસ્તીવધારાના વધુ ને વધુ લાભો મળે તેવા નિર્ણયો કરે છે. આને લોકશાહીની કમજોરી જ કહેવાય અથવા દૂષણ કહેવાય.

જેમતેમ કરીને પ્લૅટફૉર્મ પર પહોંચ્યા. ઘણાં વર્ષો પછી મારે અહીં આવવાનું થયું. ઘણાં પરિચિત માણસો મળ્યાં. ખૂબ આનંદ થયો. પરિચિતોનું સ્નેહમિલન જીવનને તાજગી આપતું હોય છે. જેનાં ઘણાં પરિચિતો હોય છે અને બધાં સ્નેહથી ભરપૂર હોય છે તે જીવનને ધન્યતાથી માણતો હોય છે. સ્નેહસભર પરિચિતો વિનાનું જીવન શુષ્ક થઈ જતું હોય છે. પણ સ્નેહ લાવવો ક્યાંથી? બધાં તો કાંઈ સ્નેહભર્યાં નથી હોતાં. સાચા સ્નેહીઓની પ્રાપ્તિ જીવનની ધન્યતા જ કહેવાય.

ટ્રેન સમયસર ઊપડી. અમારા પ્રવાસીઓનું ઊંઝા ગ્રૂપ મહેસાણાથી બેસવાનું છે. શ્રી જગદીશભાઈ 'જગડુશા'ના નેતૃત્વમાં બધા આવ્યા અને ટ્રેનમાં ગોઠવાયા. બધાને લઈને તથા બાકીનાને વિદાય આપીને ફરી પાછા ઊપડ્યા. રાજધાની એક્સપ્રેસમાં અપેક્ષાકૃત સારી સગવડો હોય છે. ચા-પાણી-નાસ્તો-જમવાનું બધું ટ્રેન તરફથી મળતું હોય છે. તે પણ સારી કક્ષાનું. આબુ પાર કરીને બધા સૂઈ જવા લાગ્યા. આખી રાત ટ્રેન દોડતી રહી. નિદ્રાનો સમય બહુ ઝડપથી પસાર થતો હોય છે. જ્યારે જાગ્યા ત્યારે દિલ્હી પહોંચી રહ્યા હતા. જેને ઊંઘ જ નથી આવતી તે બિચારો બોર થયા કરતો હોય છે. જીવનમાં સૌથી મોટું દુઃખ બોરિંગનું છે. સમય અનેક ગણો લાંબો થઈ જતો હોય છે. કેમે કરીને રાત પૂરી થતી નથી અને જીવનનું પણ એવું જ થાય છે. દિવસ કરતાં રાત મોટી અને રાત કરતાં દિવસ મોટો. આવા દુર્ભાગી માણસની મૃત્યુ પણ દૂર ઊભું ઊભું મજાક ઉડાડતું રહે છે. તે નજીક જ નથી આવતું. તે ધન્ય છે જેને જીવનમાં એકલતાનું બોરિંગ જોવા નથી મળ્યું—જે માનવસ્નેહના બગીચામાં હસતા હસતા જીવ્યા છે.

અમે દિલ્હી પહોંચી ગયા. અહીં પણ એવી જ દશા. માણસો જ માણસો. જેમતેમ કરીને રસ્તો કાઢીને બહાર નીકળ્યા. અમને લેવા માટે શક્તિવાળા શ્રી પ્રવીણભાઈ વગેરે આવ્યા હતા. વ્યવસ્થામાં સુખ છે, અવ્યવસ્થામાં દુઃખ છે. તમારી આગળ-આગળ વ્યવસ્થા થયા કરે તો તમે સુખી થાઓ. પણ જો આગળ-આગળ અવ્યવસ્થા જ અવ્યવસ્થા હોય તો દુઃખી થાઓ.

અમે બધા રેલવેના પુલો પાર કરીને પેલી તરફ ઊભેલી બસ આગળ પહોંચી ગયા. હવે અમારે છેક શ્રીનગર સુધી આ બસમાં પ્રવાસ કરવાનો છે. શનિ ટ્રાવેલ્સની નાની બસ છે. અંતે અમારી બસ વિદાય થઈ. પુષ્કળ ભીડ વચ્ચેથી રસ્તો કરતી કરતી બસ આગળ વધી રહી છે. અમારે ચંદીગઢ જવાનું છે. આ જુઓ, જમણા હાથે રાજઘાટ છે. અહીં દેશના મોટા-મોટા નેતાઓની સમાધિઓ રચાયેલી છે. જેમાં કેટલાક તો તદ્દન સામાન્ય કક્ષાના નેતાઓ પણ અહીં સૂતા છે. સરદાર વલ્લભભાઈ પટેલ જેવા અદ્વિતીય પ્રખર નેતાની અહીં સમાધિ નથી તે જાણીને ભારે વેદના થાય છે. એવું લાગે છે કે આ દેશમાં સાચા માણસોની હંમેશાંથી ઉપેક્ષા થતી આવી છે. એ હજી પણ ચાલુ જ છે.

અને આ ડાબા હાથે લાલ કિલ્લો છે. મોગલ બાદશાહ શાહજહાંએ બંધાવેલો આ ભવ્ય કિલ્લો સેંકડો વર્ષો પછી પણ અડીખમ ઊભો છે. હા, કિલ્લાના કોઈ સત્તાધીશો અડીખમ રહ્યા નથી. બધા બદલાતા રહ્યા છે અને કિલ્લો તેનો મૂક સાક્ષી રહ્યો છે.

અમારી બસ એક વૈષ્ણોઢાબા આગળ ઊભી રહી. અહીં બધાને દહીં-પરોઠા વગેરેનો નાસ્તો કરવાનો છે. અહીં 'વૈષ્ણો' શબ્દ 'શાકાહારી' અર્થમાં વપરાય છે. વૈષ્ણો ન લખ્યું હોય તો માંસાહારી અર્થ થાય છે. અહીં મોટા પ્રમાણમાં પ્રજા માંસાહારી છે. દહીં-પરોઠા સારાં રહ્યાં. ઢાબાની પ્રસિદ્ધિથી અહીં ભારે ભીડ રહે છે. એક વાર પ્રતિષ્ઠા જમાવવી પડે પછી ગ્રાહકો આપોઆપ ખેંચાઈ આવે. પણ પ્રતિષ્ઠા જમાવવી એ બહુ જ અઘરું કામ છે. પ્રામાણિકતા અને સેવાપરાયણતા વિના પ્રતિષ્ઠા જામતી નથી. લુચ્ચાઈ અને પ્રતિષ્ઠા સાથે ન રહે. આ ગુલશન ઢાબાએ પોતાની ઊંચી પ્રતિષ્ઠા જમાવી છે. તેનાં પરોઠા અને દહીંના સ્તરથી ખ્યાલ આવી ગયો.

અમે ફરી પાછા ચંડીગઢ જવા માટે વિદાય થયા. અહીં શૌચાલયનું કામ કરનાર હરિજનભાઈઓ માટે 'જમાદાર' અને 'જમાદારીન' શબ્દ વપરાય છે. પોલીસ માટે નહિ અર્થાત્ બન્નેને માનવાચી શબ્દથી બોલાવાય છે.

હવે અમે હરિયાણા રાજ્યમાં પ્રવિષ્ટ થયા છીએ. હરિયાણા ભારતનાં સમૃદ્ધ રાજ્યોમાં ગણાય છે. લીલાંછમ ખેતરો છે. પાકાં મકાનો છે. ફૅક્ટરીઓ અને ભવ્ય બજારો છે. લોકોનાં વસ્ત્રો અને ચહેરા તેજસ્વી છે. સમૃદ્ધિ કોને નથી ગમતી? પણ બધાં રાજ્યો અને બધી પ્રજા સમૃદ્ધ નથી. તેમાં તે પોતે પણ મહત્ત્વનું કારણ છે. પછાતપણું પ્રારબ્ધથી કે કોઈ બીજાના કારણે નથી આવતું, પ્રજા પોતે તેમાં મહત્ત્વનું

કારણ બનતી હોય છે. રસ્તા પણ સારા છે.
લ્યો જુઓ ત્યારે, આ પાણીપતનું મેદાન છે. હવે તો અહીં ખેતરો અને ગામો વસી ગયાં છે, પણ એક સમયે અહીં મહત્ત્વનાં યુદ્ધો થયાં હતાં. આક્રાન્તા અહીં ચઢી આવતો અને દિલ્હીના શાસકને પડકાર આપતો. મોકળું અને સપાટ મેદાન હોવાથી બન્ને પક્ષોને યુદ્ધ કરવાની અનુકૂળતા રહેતી. યુદ્ધ અનિવાર્ય છે. તેને સદંતર નિવારી શકાતું નથી. પૂરી તૈયારી જ રક્ષણની ખાતરી આપે છે.
પેશ્વાના મરાઠા સૈનિકો અહીં ધસી આવેલા અને જ્યોતિષીના કહેવાથી સારા મુહૂર્ત માટે એક મહિનો યુદ્ધ કર્યા વિના તંબૂઓમાં પડ્યા રહ્યા હતા. ખાધાખોરાકી ખૂટવાથી અંતે યુદ્ધ શરૂ કર્યું અને ચાર જ કલાકમાં સેનાપતિ વિશ્વાસરાવ મરાયા. મરાઠા હાર્યા, ભાગ્યા અને એક લાખ સૈનિકો કપાયા. આ પછી મરાઠાશક્તિ ફરી બેઠી ન થઈ શકી. જ્યોતિષે દાટ વાળ્યો. એ એક મહિનો મુહૂર્ત માટે પડ્યા ન રહ્યા હોત અને તરત જ હુમલો કર્યો હોત તો...
પછી બાબર આવ્યો. મોગલ વંશની સ્થાપના કરનાર બાબર દેશમાં પહેલી વાર તોપો લઈ આવ્યો અને તેણે પોતાના થોડા જ લશ્કરથી સામેની ઇબ્રાહીમ લોદીની વિશાળ સેનાને હરાવી દીધી. શસ્ત્રોનું કેટલું મહત્ત્વ છે તે આ યુદ્ધથી સમજાશે. શસ્ત્રોની ઉપેક્ષા કરનારા ગુલામ થવા જ સર્જાયા હોય છે.
અને આ બાજુ જુઓ. આ રસ્તો કુરુક્ષેત્ર જાય છે. હા, આ ગીતાવાળું કુરુક્ષેત્ર છે. અહીં કાકા-કાકાના બે ભાઈઓ વચ્ચે ભીષણતમ યુદ્ધ થયું હતું જેમાં 18 અક્ષૌહિણી સેનાની લાશો પડી ગઈ હતી. રોકવાના હજાર પ્રયત્નો પછી પણ આ યુદ્ધ રોકાયું ન હતું. એવું લાગે છે કે “યુદ્ધ અનિવાર્ય છે”, તેને માત્ર મંત્રણાથી રોકી શકાતું નથી. હા, થોડા દિવસ ટાળી શકાય ખરું. તેને રોકવાનું ખરું સાધન તો યુદ્ધ જ છે. યુદ્ધના દ્વારા જ યુદ્ધ રોકી શકાય છે. હા, એ યુદ્ધ કરતાં આવડે તો.
અમે એક્સપ્રેસ પર ચાલી રહ્યા છીએ. ટોલટૅક્સો ભારે છે પણ વાહનોમાં ગતિ નથી. બધું ધીમું ધીમું ચાલે છે. સુસ્તી કંટાળો જન્માવે છે. જ્યારે ગતિશીલતા સ્ફૂર્તિ આપે છે. લ્યો ત્યારે, અમે ચંડીગઢ પહોંચી ગયા છીએ.

*

## ચંડીગઢ

ચંડીગઢ બે રાજ્યોની સંયુક્ત રાજધાની છે. પંજાબ અને હરિયાણા. બન્ને રાજ્યો અહીંથી પોતપોતાનાં રાજ્યોનો વહીવટ ચલાવે છે. પૂરા દેશમાં કદાચ અહીં જ આવી વ્યવસ્થા છે.
પહેલાં વિશાળ પંજાબ રાજ્ય હતું. ત્યારે પંજાબની સાથે હરિયાણા અને હિમાચલપ્રદેશનો સિમલાવાળો પ્રદેશ પણ પંજાબમાં હતો. પણ આઝાદીની સાથે જ પંજાબ સૂબાની લડત ચાલી. ભાષાવાર પ્રાંતોની રચના પછી તો આ લડત વધુ તીવ્ર બની. ઘણું નુકસાન થયું. અંતે પંજાબ સૂબો માન્ય રખાયો. જેમાંથી આ સંયુક્ત રાજધાનીનું પણ નિર્માણ થયું. કેટલીક વાર વિકાસ માટે વિભાજન જરૂરી બનતું હોય છે. મમત્વ અને સ્પર્ધા આગળ વધવાનાં પ્રેરક બળ બનતાં હોય છે. ત્રણે રાજ્યોએ સારો વિકાસ કર્યો છે. અમે ચંડીગઢ પહોંચી ગયા છીએ. અહીં પીંજોરા ગાર્ડન જોવા જેવો છે. ત્યાં પહોંચી ગયા. પણ ગાઇડ વિના બહુ મજા ન આવી. ગાઇડ વિના માણસ આંધળો કહેવાય.
એવું કહેવાય છે કે છેક પાંડવોના સમયથી આ ગાર્ડન ચાલ્યો આવે છે. પણ વર્તમાન સ્વરૂપ તો ઔરંગઝેબના સેનાપતિ ફિદાઈનખાને આપ્યું કહેવાય છે. મોગલો ગાર્ડનપ્રેમી હતા. જ્યાં વસતા ત્યાં બાગ-બગીચા જરૂર બનાવતા. વ્યક્તિ કે પ્રજાની પ્રકૃતિમાંથી નિર્માણ પ્રગટતું હોય છે. એક ઢાળવાળી જમીન પર કટકે-કટકે ઊતરતાં-ઊતરતાં બાગનું એવું સરસ નિર્માણ કરાયું છે કે આજે પણ સેંકડો માણસો તેને જોવા તથા માણવા દૂર દૂરથી આવ્યાં છે અને છાયામાં બેઠાં છે કે હરતાંફરતાં કિલ્લોલ કરી રહ્યાં છે. આનંદ-પ્રમોદ કરવાની પણ જગ્યા હોવી જરૂરી છે. માત્ર કરકસરના નામે આખો દિવસ વૈતરું કર્યા કરવું અને આનંદ-પ્રમોદનું નામ જ ન લેવું તે ખરું જીવન નથી. આનંદ-પ્રમોદ માટે સમૃદ્ધિ અનિવાર્ય નથી. ગરીબીમાં પણ એ થઈ શકે છે. જરૂર છે જીવનદર્શનની.
અમે ચંડીગઢમાં ફરી રહ્યા છીએ. નગર સારું છે. નવું વસેલું હોવાથી રસ્તા પહોળા અને વ્યવસ્થિત છે. ચંડીગઢના આધારે ગાંધીનગર વસેલું છે. બન્ને તરફ સારા-સારા બંગલા છે. લીલોતરી પણ સારી છે. આ ગોળ વર્તુળને જુઓ. અહીં એક શહીદ મેજરની પ્રતિમા મૂકી છે. શહીદ મેજર સંદીપ સાગરની યાદમાં આ વર્તુળને ધન્ય બનાવાયું છે. કોઈ યુદ્ધમાં આ મેજર શહીદ થયો હશે. પૂરા દેશમાં આ પ્રથા

પ્રચલિત થવી જોઈએ. આપણા શહીદોને સ્થળે સ્થળે આવું બહુમાન અપાવું જોઈએ.

હવે અમે એક ગાર્ડન પહોંચ્યા છીએ. પથ્થરોમાંથી આકારો બનાવીને આ ગાર્ડન બનાવાયો છે. ભુલભુલામણી ઘણી છે. એક્ઝિટનાં નિશાન ન હોવાથી ક્યાંથી નીકળવું તે લોકોને સૂઝતું નથી. અંદર ને અંદર માણસ ફર્યા કરે છે. અમારાં કેટલાંક માણસો અટવાઈ ગયાં. તેને શોધવા પણ અંદર ન જઈ શકાય. કારણ કે અંદર જનાર જ પાછો અટવાઈ જાય. ખરેખર તો અંદર સ્થળે સ્થળે બહાર નીકળવાના એરો લગાવવા જોઈએ. માંડ અમારા પ્રવાસીઓ આવ્યા અને બસ ઊપડી. આ પાર્ક જોવા ન જવાની મારી સલાહ છે. રાત્રે સન પાર્ક હોટલમાં બધા રોકાયા. દિલ્હીથી ચંડીગઢ 250 કિ.મી. થાય પણ ચંડીગઢ પહોંચતાં અમને 7-30 કલાકનો સમય લાગ્યો. રાત્રે બધા જમ્યા અને સૂઈ ગયા.

26-6-09

*

# 2. મણિકર્ણ

આજે તા 12-6-09 છે. સવારે ચા-નાસ્તો કરીને મણિકર્ણ જવા રવાના થયા. ગુજરાત કરતાં હરિયાણામાં ડીઝલના લિટરદીઠ પાંચ રૂપિયા ઓછા છે. તેથી છેલ્લા પંપે ડ્રાઇવરો ડીઝલ ભરાવી લેતા હોય છે. હવે પર્વતોની ચઢાઈ શરૂ થઈ ગઈ છે. રોડ સાંકડા છે અને સારા નથી તોપણ ગાડીઓ સડસડાટ ચાલી રહી છે. રસ્તામાં સુંદરનગર આવ્યું. અહીં ફળોમાંથી જ્યૂસ બનાવવાની મોટી ફેક્ટરી છે. સિમેન્ટની પણ મોટી ફેક્ટરી છે. બધાં પ્રવાસીઓ થોડો સમય અહીં સ્ટોપેજ કરે છે. ચા-નાસ્તાની પણ સારી વ્યવસ્થા છે. અમે પણ બધા ઊભા રહ્યા. બધા ફરવા ગયા પણ હું તો બસમાં બેસી રહ્યો. એક ગુજરાતી પ્રવાસીમંડળ મળ્યું. આનંદ થયો. અમારા રસોઇયાએ છોલે-પૂરી બનાવીને ઝડપથી જમાડી દીધા. સાથે જ રસોડું હોવાથી સૌને જમવાનો સારો લહાવો મળે છે. નદીના કિનારે કિનારે વિદાય થયા. ઊંચા-ઊંચા પર્વતોમાં દૂર દૂર લોકો છૂટાછવાયા રહે છે. તેમની જરૂરની ચીજવસ્તુઓ પહોંચાડવા માટે જગ્યા જગ્યાએ નદીના બન્ને કિનારાઓથી તાર બાંધ્યા છે, જેના ઉપર ચીજવસ્તુઓની અવરજવર થયા કરે છે. માણસોની નહિ. આ અંતર એકથી બે કિલોમીટર જેટલું હોય છે.
પર્વતીય પ્રદેશ હોવાથી બારમાસી ઝરણાં ઘણાં છે. પાણીનો સંગ્રહ કરીને ઘણાં વીજળીમથકો તૈયાર કરાયાં છે. જેમાં સહજ રીતે ગતિ હોય છે. તે ઊર્જાનો સ્રોત બની શકે છે. પાણીમાં પ્રવાહગતિ છે. તેમાંથી ઊર્જા પેદા કરી શકાય છે. આવું જ પવન માટે પણ કહી શકાય. હવે આપણે ઊર્જા તરફ વળ્યા છીએ. ઊર્જાવૃદ્ધિથી જ રાષ્ટ્ર શક્તિશાળી બની શકે. રાષ્ટ્ર અત્યારે ઊર્જાની ભારે કમી ભોગવી રહ્યું છે. તેની કુદરતી શક્યતાઓ હવે સમાપ્ત થવા આવી છે. એટલે નવા સ્રોતો શોધવા જરૂરી છે.
અમે એક સાડાત્રણ કિ.મી. લાંબી ટનલ પાર કરી. પહેલાં આખો પર્વત ચઢીને પછી પાછા બીજી તરફ ઊતરીને રસ્તો પાર કરાતો, જે ઘણો લાંબો થઈ જતો. પછી આ ટનલ બનાવી. હવે પહાડ ચઢવા-ઊતરવાની જરૂર નથી. સીધા પેલી તરફ પહોંચી જવાય છે. ઓડ ગામના કારણે આ ટનલને પણ ઓડ ટનલ કહેવાય છે. વિકાસ માટે રસ્તાની સગવડો અતિજરૂરી છે. આ કુલ્લુ-મનાલીનું હવાઈમથક આવ્યું છે. અહીં પ્રવાસીઓનાં નાનાં વિમાનોની અવરજવર રહે છે. જ્યારથી કાશ્મીરને આતંકવાદીઓએ ભરડો લીધો છે ત્યારથી કુલ્લુ-મનાલીનું પ્રવાસન વધી ગયું છે. અહીં આતંકવાદ નથી. પૂર્ણ સુરક્ષા છે. પ્રવાસીઓ સુરક્ષિત થઈને અહીં રહે છે. આ જુઓ, આ બીઆસ અને પાર્વતી નદીનો સંગમ છે. બન્ને નદીઓનાં સ્વચ્છ નિર્મળ નીર કલકલ કરતાં વહી રહ્યાં છે. ટ્રાફિક જામ થઈ ગયો છે. લાંબી લાઇન લાગી છે. પણ બધાં વાહનો પોતપોતાની લાઇનમાં જ ઊભાં છે. કોઈ ચીલો ચાતરતું નથી. તેથી વ્યવસ્થા સરળ થઈ શકી છે. અંતે ટ્રાફિક શરૂ થયો અને અમે 45 કિ.મી. દૂર આવેલા મણિકર્ણતીર્થમાં પહોંચી ગયા.
શ્રી ડાંખરા મારા માટે બે પિલ્લા અને એક તકિયો લઈ આવ્યા. જેથી બેસવામાં સગવડ રહે. સગવડો સૌને ગમે છે.

## મણિકર્ણ

મણિકર્ણની બે કથાઓ છે. એક પૌરાણિક અને બીજી આધુનિક. પહેલાં પૌરાણિક કથા કહીએ:
એવું મનાય છે કે ભગવાન શિવે આ સ્થળ પર અગિયાર હજાર વર્ષ સુધી પાર્વતીજી સાથે વાસ કરીને તપ કર્યું હતું. દેવો અને ઋષિઓ પત્નીઓને સાથે રાખીને તપસ્યા કરે છે, જેથી સુરક્ષા મળે છે. સ્ત્રી પુરુષની રક્ષક છે અને પુરુષ સ્ત્રીનો રક્ષક છે. બન્ને એકબીજાનાં ચરિત્રોનું રક્ષણ કરે છે. એકલો પુરુષ કે એકલી સ્ત્રી ગમે તેટલાં સાત્ત્વિક હોય તોપણ લાંબો સમય ચરિત્રનું રક્ષણ કરી શકતાં નથી. સ્ત્રીને પુરુષની કે પુરુષને સ્ત્રીની એલર્જી કરાવવી અને ભગાડવાં તે તપસ્યાનો સાચો રસ્તો નથી. હા, બન્ને સમાનવ્રતી હોવાં જોઈએ.
અહીં માતા પાર્વતીજીનું ક્રીડાસ્થળ પણ છે. સ્ત્રીઓ ક્રીડાપ્રેમી હોય છે. જો તેમને ક્રીડા ન મળે તો જીવન નીરસ થઈ જતું હોય છે. ક્રીડાવિરક્ત પુરુષ ઉત્તમ પતિ થઈ શકતો નથી. આ જળમાં પાર્વતીજી જળક્રીડા કરતાં હતાં તેવામાં તેમના હાથમાંથી મણિ નીચે પડી ગયો અને છેક પાતાળમાં શેષનાગ પાસે પહોંચી ગયો. શિવજીએ મણિને શોધવા ગણો મોકલ્યા પણ મણિ મળ્યો નહિ તેથી શિવજી કોપાયમાન થઈને ત્રીજું નેત્ર ખોલવાની તૈયારી કરવા લાગ્યા. મર્દ પતિને સમય પર ક્રોધ કરતાં પણ આવડવું જોઈએ. સમય આવ્યે પણ જે ક્રોધ નથી કરી શકતો તે નમાલો ગણાતો હોય છે. તેની ઉપેક્ષા થતી હોય છે. શિવજીના ક્રોધથી શેષનાગ ગભરાયો અને તેણે મણિ આપી દીધો, જે અહીં પડ્યો તેથી મણિકર્ણતીર્થ બન્યું છે.

## ઐતિહાસિક કથા

ઈ.સ. 1574માં ગુરુદેવ નાનકજી અહીં પધાર્યા હતા. તેમની સાથે ભાઈ બાલા તથા ભાઈ મરદાના (મુસ્લિમ) પણ હતા. અહીંના રાજા દર્શન કરવા આવ્યા. ગુરુજીએ પ્રસન્ન થઈને આશીર્વાદ આપ્યો કે આ ધરતી હવે ધનધાન્યથી સમૃદ્ધ થઈ જશે. પહેલાં અહીં માત્ર પશમ અને ડાંગર જ થતી હતી. પણ ગુરુમહારાજે બધાં ધાન ધરતી પર વિખેરી નાખ્યાં. એટલે હવે બધાં અનાજ અહીં ઊગે છે. ગુરુદેવ નાનકજીના આગમનથી અને અહીં રહેવાથી મણિકર્ણ તીર્થ શીખો માટે પણ પવિત્ર તીર્થ બન્યું છે. આમ હિન્દુ અને શીખ બંને માટે આ મોટું પવિત્ર તીર્થ છે.

અમે મણિકર્ણ પહોંચી ગયા. પાર્વતી નદીના આ કિનારે બસ ઊભી રાખી. પુલ પાર કરીને સામે જ આવેલા ગુરુદ્વારામાં દર્શન કર્યાં. સ્થાનના મહંતજીની દૃષ્ટિ મારા પર પડી. આગ્રહ કરીને તે મને તેમની પાસે લઈ ગયા અને સાથે બેસાડ્યો. તેમનો પ્રેમભાવ અદ્ભુત હતો. મને એક શાલ અને પાઘડી ભેટમાં આપી અને સાથે માણસ મોકલી બધું બતાવવાનું કહ્યું. શ્રદ્ધાળુઓની ઘણી ભીડ હોવા છતાં ભોમિયાની સાથે અમે બધા ફર્યા અને બધું જોયું. અહીં ગરમ પાણીના કુંડ છે. માત્ર સલ્ફરના કારણે જે પાણી ગરમ થતું હોય છે તેવું આ પાણી નથી. આ તો ધગધગતું ઊછળતું પાણી છે. તેથી આ પાણીમાં રેડિયમતત્ત્વ હોવાનું લોકો માને છે. પાણીમાં કેટલીયે પોટકીઓ ભાત બાંધેલી પડી છે, જે અડધા કલાકમાં પાકી જાય છે. દાળ-ભાત વગેરે ઘણી વસ્તુઓ અહીં કુદરતી રીતે પાક્યા કરે છે. આ જગ્યાનું લંગર-અન્નક્ષેત્ર અહીંના પાણીથી રસોઈ પકવે છે. લગભગ 14 કિ.મી. સુધી આવું ગરમ પાણી નીકળે છે. ગરમ પાણીના કુંડ ઉપર જ શિવજીની ભવ્ય વિશાળ પ્રતિમા છે. બાજુમાં મંદિર પણ છે. અમે બધે દર્શન કરીને વિદાય થવા માગતા હતા, ત્યાં મહંતજીની દૃષ્ટિ મારા પર પડી ગઈ. તે આવ્યા અને પ્રસાદ લેવાનો એટલો આગ્રહ કર્યો કે અમારે સૌએ જમવા માટે બેસવું જ પડ્યું. અહીં સેંકડો સ્વયંસેવકો દ્વારા કશા જ ભેદભાવ વિના રાત-દિવસ સૌને એક સમાન ભોજન જમાડવામાં આવે છે. કોઈ લોભ-લાલચની વાત નહિ. પૈસો મૂકો કે ન મૂકો, જમવાનું તો ખરું જ. જમવાનું સારું હતું. સૌ જમ્યા. ધન્ય ધન્ય થઈ ગયા. અમારા બધા પ્રવાસીઓ ખૂબ પ્રસન્ન હતા. આવો નિઃસ્વાર્થ ભાવ તો ક્યાંય જોવા ન મળ્યો. મારી દૃષ્ટિએ ધર્મસ્થાનોના ચાર પ્રકાર છેઃ

1. સ્થાપત્યની દૃષ્ટિએ મહાન. 2. રોટલાની દૃષ્ટિએ મહાન 3. વિદ્યાની દૃષ્ટિએ મહાન અને 4. માનવતાની દૃષ્ટિએ મહાન.

ઘણાં ધર્મસ્થાનો સ્થાપત્યની દૃષ્ટિએ ઘણાં ભવ્ય હોય છે પણ તે કોમર્શિયલ બની ગયાં છે. ઊંચી ટિકિટો લઈને જ પ્રવેશ આપવો. બધું જ પૈસાથી મળે. જેવા પૈસા તેવો પ્રસાદ. બધે જ પૈસો, પૈસો અને પૈસો જ દેખાય. આવાં મંદિરોને મંદિર કહેવા કરતાં દુકાન કહેવી વધુ યોગ્ય લાગે. અહીં કોઈ કૂતરાને પણ ટુકડો રોટલો મળતો નથી.

કેટલાંક ધર્મસ્થાનો સ્થાપત્યની દૃષ્ટિએ મહાન નથી હોતાં, પણ રોટલાથી મહાન હોય છે. જે આવે તે બધાને કશા જ ચાર્જ વિના જમાડવાનાં. અહીં ગરીબ-શ્રીમંત બધાં જ એકસાથે પ્રભુપ્રસાદ જમે છે તેથી મહાન છે.

કેટલાંક વિદ્યાની દૃષ્ટિએ મહાન હોય છે. અહીં વિદ્વાનો, શાસ્ત્રીઓ, આચાર્યો પેદા થાય છે. કશા જ ચાર્જ વિના વિદ્યાર્થીઓ ભણે છે. તે વિદ્યાથી મહાન થતાં ધર્મસ્થાનો છે. જે લોકો ભારે કે અતિભારે ચાર્જ લઈને વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણ આપે છે તે કોમર્શિયલ ધર્મસ્થાનો કહી શકાય. તેની ઇમારતો ગમે તેટલી ભવ્ય હોય તોપણ તે મહાન ધર્મસ્થાન ન કહેવાય. કારણ કે કોમર્શિયલપણું આભડી ગયું છે.

કેટલાંક ધર્મસ્થાનો ઇમારતોથી ભવ્ય નથી હોતાં પણ માનવતાની પ્રવૃત્તિથી ભવ્ય હોય છે. આવાં માનવતાવાદી ધર્મસ્થાનો સદા વંદનીય છે.

અમે બધાએ જમીને મહંતજીને પ્રણામ કરીને વિદાય લીધી. કેટલાક પ્રવાસીઓ મને કહેવા લાગ્યા કે આપણા કેટલાક વ્યાપારિક મહંતોને અહીં પકડીને લાવવા જોઈએ અને આ બધું બતાવવું જોઈએ કે, "જુઓ... જુઓ આ નિઃસ્વાર્થ સેવા જુઓ. હવે તો તમારો વ્યાપાર બંધ કરો. ધર્માદામાં માગી-માગીને અનાજ ભેગું કરવું પછી તેની રસોઈને વેચવી! બસ પૈસા જ કમાવાની દૃષ્ટિ રાખવી. હવે તો સુધરો, હવે તો ધર્મનો ધંધો બંધ કરો."

અમે સૌ ભાવવિભોર હતા. બધા ધન્ય ધન્ય હતા. તીર્થ હોય તો આવું હોય. મંદિર હોય તો આવું હોય. સૂર્યાસ્ત થઈ ચૂક્યો છે. અમે સૌ મનાલી જવા રવાના થયા. ગાડીનું ગિયરબોક્સ બગડ્યું છે તેથી વારંવાર ગિયર પાડવામાં તકલીફ થાય છે. આ બસ લેહ-લદ્દાખ કેમ પાર

પાડશે તેની ચિંતા થઈ. બ્રેક પણ વારંવાર લાગતી નથી. શ્રી મહેશભાઈને અમદાવાદ ફોન કર્યો કે આ બસ નહિ ચાલે. તેમણે 4-5 કોલીસ કરી આપવાનું નક્કી કર્યું. અંતે રાતના 10 વાગ્યે અમે મનાલી પહોંચ્યા અને રામાયણવાળા રામાનંદસાગરની હોટલ 'સાગર રીસોર્ટ'માં રાત રહ્યા. હોટલ સારી, સ્વચ્છ અને સુંદર હતી. થાક્યાપાક્યા બધા સૂઈ ગયા.

ગુરુદ્વારામાં માત્ર જમવાની જ ફ્રી વ્યવસ્થા ન હતી પણ રહેવા-ઊતરવાની વ્યવસ્થા પણ હતી. પાર્વતીના કિનારેથી પાંચ માળ સુધી ભવ્ય આવાસો બંધાયેલા છે. જેમાં યાત્રિકો શાંતિથી રહી શકે છે. મહંતજીની ઇચ્છા હતી કે અમે સૌ અહીં રાત્રિરોકાણ કરીએ. પણ અમારી વ્યવસ્થા મનાલીમાં થઈ ગઈ હોવાથી અમે સૌ વિદાય થયા.

27-6-09

*

# 3. મનાલી

આજે તા.13-6-09 છે. સવારનાં ચા-નાસ્તો પતી ગયાં છે. તૈયાર થઈને બધા બેઠા છીએ. તડકો છે અને વાતાવરણ સારું છે. સામે જ બીઆસ નદી છે જે રોહતાંગ પાસેથી આવે છે. શહેરમાં બસ ચાલતી નથી એટલે નાની કારો લઈને ફરવા નીકળ્યા છીએ. નાનાં-નાનાં મકાનો છે. લોકો ગીચ રીતે રહેવાને ટેવાયેલાં છે. અમે મનાલીનાં જુદાં જુદાં પરાંઓમાં ફરી રહ્યા છીએ. લોકો બહુ જ સંતોષી છે. ચારે તરફ ઊંચા ઊંચા પર્વતો છે. દશ્ય મનોરમ છે. મનાલી મોટે ભાગે ટૂરિઝમ પર ચાલે છે. થોડી ખેતી પણ છે. ખેતીમાં સફરજન વગેરે ફળો તથા ડાંગર થાય છે.

ઈ.સ. 1440માં રાજા સિદ્ધિસિંહે જે કિલ્લો બાંધેલો તે અમે જોઈ રહ્યા છીએ. મજૂરોને મહેનતાણામાં સોનાના સિક્કા અપાતા તેવી કિંવદંતી છે. કિલ્લાની માલિકી ફરતી ફરતી અંગ્રેજો પાસે આવી, પછી હિમાચલ સરકાર પાસે આવી. હવે અત્યારે કાર્યાલય જેવું છે. મકાનોની પણ દશા-વીસી હોય છે. કોણ બાંધે અને કોણ ભોગવે—કાંઈ કહેવાય નહિ.

અમારો ટૅક્સી ડ્રાઇવર બહુ ભલો માણસ છે. ડો. જીવરાજના પ્રશ્નોના ઉત્તરમાં તેણે કહ્યું કે અમારે કોઈ પ્રોબ્લેમ જ નથી. અહીં કોઈ બેકાર નથી. કોઈ ભૂખ્યું નથી. સૌને રોજીરોટી મળી રહે છે. અમારે એટલી બધી વીજળી ઉત્પન્ન થાય છે કે અમે પાડોશીઓને વીજળી વેચીએ છીએ. ડ્રાઇવરના જવાબથી અમને આનંદ થયો. ઘણા લોકો વગર પ્રોબ્લેમે પણ રોકકળ કરતા રહે છે, જ્યારે આને તો શાંતિ જ શાંતિ છે. કોઈ પ્રોબ્લેમ જ નથી.

અત્યારે મનાલીમાં સ્થાનિક વસ્તી કરતાં પ્રવાસીઓની સંખ્યા વધારે ઊભરાય છે. આ બધા મોટા ભાગે પિકનિક કરનારા છે. યાત્રા, પ્રવાસ અને પિકનિકનો ભેદ સમજવા જેવો છે.

શ્રદ્ધા-ભક્તિથી જે થાય તે યાત્રા કહેવાય.

નવું નવું જાણવા-સમજવાની જિજ્ઞાસાથી જે થાય તે પ્રવાસ કહેવાય.

આનંદ-પ્રમોદ-ઍન્જોય કરવા માટે જે થાય તેને પિકનિક કહેવાય.

આપણે ત્યાં યાત્રા હતી. પ્રવાસ અને પિકનિક પશ્ચિમનાં છે. લોકો યાત્રા કરવા નીકળી પડતા ત્યારે પગપાળા દિવસો શું, મહિનાઓ સુધી યાત્રામાં ફરતા. રહેવા-જમવાનાં કષ્ટો ભોગવતા. પૈસાની છૂટ ન હોવાથી ઓછામાં ઓછા ખર્ચે યાત્રા કરતા. તીર્થોમાં ભીડ ન રહેતી, કારણ કે યાત્રાળુઓ ઓછા રહેતા.

નવું નવું જોવા-જાણવા-સમજવા માટે જિજ્ઞાસાથી થનારો પ્રવાસ આપણે ત્યાં ઓછો રહેતો કે ન રહેતો. ઇત્સિંગ, ફાહ્યાન, હ્યુએન સાંગ કે બીજા પ્રવાસીઓ જેવા પ્રવાસીઓ આપણે ત્યાં થયા નથી દેખાતા. જ્ઞાનવૃદ્ધિ માટે પ્રવાસ જરૂરી છે. વિશ્વસંપર્ક માટે પણ પ્રવાસ જરૂરી છે. પ્રવાસીઓ પેદા ન કરવાના કારણે આપણે કોલોનીઓ બનાવી ન શક્યા. કારણ કે પાડોશી કે દૂરના પાડોશીઓનું જ્ઞાન જ ન હતું. હવે ધીરે ધીરે પ્રવાસવૃત્તિ ખીલી રહી છે તે સારાં લક્ષણો કહેવાય.

પિકનિક તો હતી જ નહિ. પિકનિકનો હેતુ 'ઍન્જોય' છે. જીવનમાં ભરપૂર 'ઍન્જોય' કરવું જોઈએ, કારણ કે જીવન માણવાની વસ્તુ છે. આવો દષ્ટિકોણ પશ્ચિમનો છે. આપણે તેમને ભોગવાદી કહીને નિંદીએ છીએ. આપણે જીવનને ઍન્જોય-મય નહિ પણ ત્યાગ-સંયમમય જીવવાનો દષ્ટિકોણ ધરાવીએ છીએ. એટલે પિકનિકનું મહત્ત્વ રહેતું નથી. હવે આપણે પણ પિકનિક તરફ વળ્યા છીએ. બાલ-બચ્ચાં સાથે હવે લોકો નીકળી પડે છે અને આ મનાલી જેવાં સુંદર સ્થળોમાં શક્તિ પ્રમાણે 2-5-10 દિવસ રહીને ઍન્જોય કરે છે. આના કારણે મનાલી માણસોથી ઊભરાઈ રહ્યું છે. અહીં સેંકડો નહિ હજારો હોટલો, ગેસ્ટ હાઉસો વગેરે છે, જેમાં લોકો ઊતરે છે. હજારો દુકાનો છે જ્યાંથી લોકો ખરીદી કરે છે અને ફેરિયાઓનો તો પાર નહિ. વાહનો, ગાઇડો વગેરે કેટલાય માણસો કામે લાગ્યા છે. આ રીતે પ્રજાને રોજી અને સમૃદ્ધિ મળતી હોય છે તો બીજી બાજુ સરકારને રેવન્યૂ મળતું હોય છે. પ્રજાને તદ્દન કરકસરભર્યું સાદું જીવન જીવતી કરી દેવાય તો પ્રજા ગરીબ થઈ જાય તે વાત સમજવા જેવી છે. પિકનિક કરવા નીકળનારે કોઈને ભારરૂપ ન થવાય. કોઈના ત્યાં મફત ઊતરવું, મફત ખાવું તેને પિકનિક ન કહેવાય, ત્રાસ કહેવાય. તેવું ન કરાય.

મનાલીમાં આનંદ-પ્રમોદનાં કેટલાંય સાધનો છે જેનો ઉપયોગ કરીને માતા-પિતા બાળકોને આનંદ કરાવે છે.

અમે હવે હિડમ્બામાતાનાં દર્શન કરવા પહોંચ્યા છીએ. નવાઈ લાગે તેવી વાત છે. મહાભારતમાં હિડમ્બા ભીમની પત્ની છે. તેને વિકરાળ રાક્ષસી માની છે. લોકોને ત્રાસ આપનાર આ રાક્ષસીને ભીમે હરાવી દીધી હતી. બાહુબલી ભીમથી હિડમ્બા મોહિત થઈ ગઈ. તેનામાં ક્રૂરતાની જગ્યાએ પ્રેમનું ઝરણું વહેવા લાગ્યું. આવો ભડવીર તો તેણે પહેલી વાર જ જોયો હતો. ભીમે પણ તેનો સ્વીકાર કર્યો. બન્ને પરણી ગયાં અને ઘટોત્કચ નામના પુત્રને જન્મ આપ્યો. ખરેખર તો હિમાલયમાં ત્યારે યક્ષ, રક્ષ, ગાંધર્વ, કિન્નર વગેરે જાતિઓ વસતી હતી. તેમાં રક્ષ એટલે રાક્ષસ જાતિ પણ હતી જે બહુ રૂપાળી હતી. આજે પણ આ જાતિઓ અહીં વસે છે. કિન્નરોનો તો પૂરો પ્રદેશ જ છે. જેને કિન્નોર કહેવાય છે. કાળે કરીને આ હિડમ્બા અહીંનાં માતાજી થયાં. એક ટેકરા પર તેમનું મંદિર છે. હું પહેલી વાર દશેક વર્ષ પર આવ્યો હતો ત્યારે કશી ભીડ ન હતી. પણ આજે તો અડધો કિલોમીટર લાંબી લાઇન લાગી છે દર્શનાર્થીઓની. અમે લાઇનમાં ઊભા ન રહ્યા. સીધા જ ટેકરા પર ચઢી ગયા. પ્રદક્ષિણા કરી તો એક તરફ બલિદાન આપનાર યૂપ જોયો. લોકોને પૂછ્યું તો ખબર પડી કે અહીં રોજ એક બકરાનું બલિદાન અપાય છે. અમારા આવતાં પહેલાં જ આજે બલિદાન અપાયું હતું. અમારા સાથી પ્રવાસીઓએ પ્રશ્ન કર્યો કે આવાં બલિદાન કેમ અપાતાં હશે? શું માતાને પ્રસન્ન કરવા આ જ રસ્તો હશે? બીજો નહિ હોય? મેં કહ્યું કે એ લાગણીના પ્રવાહમાં વહી ન જાઓ તો ખરી વાત કહું.

પહેલાં પૂરી દુનિયા માંસાહારી હતી. એટલે ત્યારે દુનિયા શિકારી પણ હતી. સાથે સાથે બહુ દેવવાદી પણ હતી. માણસ જે પોતે ખાતો તે દેવને પણ ચઢાવતો. તે પ્રમાણે માત્ર બકરાં જ નહીં, બીજાં પ્રાણીઓ પણ બલિદાનમાં અર્પણ થતાં. કાળાંતરે એકેશ્વરવાદી અને અહિંસાવાદી ચિંતન આવ્યું. તેનો પ્રભાવ હિંદુઓ પર પણ પડ્યો. જ્યાં જૈન અને પછી વૈષ્ણવો વગેરેનો પ્રભાવ વધારે પડ્યો ત્યાં આવાં બલિદાનો બંધ થયાં. આપણું ગુજરાત તેમાં સર્વાધિક પ્રભાવમાં આવ્યું. તેથી આપણે પૂરા વિશ્વમાં ખોરાકની બાબતમાં સૌથી વધુ શાકાહારી છીએ. હવે ગુજરાતમાં આવાં બલિદાનો ભાગ્યે જ થતાં સંભળાય છે. પણ આજે પણ બીજા ભાગોમાં બલિદાન અપાતાં હોય છે. તેને રોકી શકાતાં નથી. આવાં બલિદાનો ન અપાય—બંધ થાય તેના પક્ષમાં હું છું. તેમ છતાં તેની પાછળનું અમુક ગણિત સમજવા જેવું છે. 100 બકરીઓ પ્રતિવર્ષ વિયાય તો 100 બચ્ચાં જન્મે તેમાં કુદરતી પ્રક્રિયા પ્રમાણે 50 બકરા-50 બકરીઓ જન્મે. આગળની સંતતિ ચાલુ રાખવા એકાદ બકરો પર્યાપ્ત થઈ જાય. બાકીના 49 બકરાનું કરવું શું? પાંજરાપોળો માત્ર ગુજરાતમાં જ છે. તેમાં પુરાયેલાં બકરાંનાં બચ્ચાં પંદરેક દિવસમાં મરી જતાં હોય છે. ત્યાં ભાગ્યે જ કોઈ બકરાં પૂરું જીવન જીવતાં હશે. ત્યાં રિબાઈ-રિબાઈને થોડા જ દિવસોમાં મરી જવાનું કારણ ખોરાક-પાણીની ઉપેક્ષા છે. બાકીના બકરા (જે પાંજરાપોળમાં નથી પુરાતાં તે) માંસાહારીઓના ખોરાકમાં ચાલ્યા જાય છે. આ જ કારણસર હિન્દુઓ બકરીઓ પાળી શકતા નથી, કારણ કે બકરો જન્મે તો કરવું શું?

બીજી વાત સમજવા જેવી છે. જે લોકો લોહીનું ટીપું પણ જોઈ શકતા નથી તે યુદ્ધ કરી શકતા નથી. લોહીની સેરો ઊડતી હોય છતાં જેને કશી અસર ન થાય તે જ યુદ્ધ કરી શકે. જે યુદ્ધ ન કરી શકે તે રાજ પણ ન કરી શકે. વિશ્વમાં પ્રાણીમાત્રમાં જે હિંસક હોય છે તે જ રાજ કરતાં હોય છે. અહિંસક પ્રાણીઓ ઘાસચારો તો ખાઈ શકે પણ રાજ ન કરી શકે. જોઈ લો પૂરા પ્રાણીજગતને. બીજી વાત હિંસક પ્રાણીઓમાં એકતા હોય છે. તે એકસાથે મળીને હુમલો કરે અને શિકાર કરે છે, જ્યારે અહિંસક પ્રાણીઓ ભેગાં મળીને ઘાસ તો ચરી શકે પણ બધાં મળીને હુમલો ન કરી શકે. એ એકાદને કોઈ દબોચે તો બાકીનાં બધાં તબડક-તબડક ભાગી છૂટે. બધાં મળીને દબોચાયેલા પોતાના ભાઈને છોડાવવા પ્રત્યાક્રમણ પણ ન કરે. આ રીતે તે માત્ર શિકાર થઈને વારાફરતી હિંસક પ્રાણીનો ખોરાક થયા કરતાં હોય છે. આ જ નિયમ મનુષ્યોમાં પણ જોવા મળતો હોય છે. હિંસક મનુષ્યોમાં જે એકતા અને આક્રમકતા હોય છે તે અહિંસક માણસોમાં નથી હોતી. આક્રમકતા અને એકતાના અભાવે તે રાજ કરી શકતા નથી. આપોઆપ ગુલામી આવી જતી હોય છે. એટલે શિકાર કે બલિદાનો દ્વારા વ્યક્તિને લોહી જોતી અને પરાક્રમ કરતી પણ કરી શકાય છે, જેથી તે હિંસકોની સામે ઝઝૂમી શકે, ટકી શકે. આવું તદ્દન ન કરનારી પ્રજા નથી તો ઝઝૂમી શકતી કે નથી ટકી શકતી. તે મહોલ્લાઓ છોડી-છોડીને ભાગતી પ્રજા થઈ જાય છે. મારું દર્શન-ચિંતન તમને સમજાય તો કદાચ પોતાની કમજોરીનાં કારણો સમજાય. આપણી સ્થિતિ ઘાસાહારી પ્રાણીઓ જેવી થઈ ગઈ છે.

હિડમ્બામાતાના મંદિરેથી અમે આગળ નગરમાં ફરવા નીકળ્યા. અમારે વશિષ્ઠકુંડ જોવો છે. જ્યાં ગરમ પાણીનાં ઝરણાં વહે છે. અમે તો પહોંચી ગયા વશિષ્ઠકુંડે. બરાબર આ જ સમયે એક મોટું સરઘસ નીકળ્યું. સરઘસ ભવ્ય હતું. આમ તો અહીં હિમાચલપ્રદેશમાં બારે

મહિના સરઘસો નીકળતાં જ હોય છે, કારણ કે અહીં પણ અત્યારે સેંકડો દેવ-દેવીઓની પૂજા થાય છે. હજી પણ જૂનો હિન્દુ ધર્મ પ્રચલિત છે. આજનું સરઘસ કુલ્લુના મહારાજા દ્વારા પ્રતિવર્ષ થતા અશ્વમેધ યજ્ઞના ઘોડાનું છે. પ્રાચીનકાળના રિવાજ પ્રમાણે રાજા અશ્વ છોડતો અને જે તેને બાંધે તેની સાથે યુદ્ધ કરતો. આ રીતે દિગ્વિજય થતો. સરઘસની વચ્ચે એક અશ્વ પણ હતો જે સામાન્ય ટટ્ટુ કરતાં પણ નાનો અને દુર્બળ હતો. મોટી-મોટી ભેર વગાડતું સરઘસ પસાર થઈ ગયું. વિદેશીઓ પણ જિજ્ઞાસાથી સરઘસ જોતા રહ્યા. હજી અહીં સુધારાવાદનો પ્રભાવ આવ્યો નથી. લોકોને આનંદ આવ્યો.

અહીં એક ઇટાલિયન ચિત્રકારનું મ્યુઝિયમ પણ છે જેમણે હિમાલયનાં શિખરોનાં જુદાં જુદાં ચિત્રો દોર્યાં છે. તે પં. નહેરુજીના મિત્ર હતા તેથી તેમને અહીં મોટી જમીન અપાવી હતી. તેમની સ્મૃતિમાં પોસ્ટની ટિકિટ પણ કાઢવામાં આવી હતી. અમે મ્યુઝિયમ જોવા ગયા પણ કોઈને કશી મજા ન આવી. જોવા ન જવાની સલાહ આપવી ગમશે. કેટલીક વાર ભારે ફી લગાવીને કશું જ ન જોવા જેવું ગોઠવી દેવાય છે.

અમે સાંજે હોટલ પર આવ્યા અને જમીને સૂઈ ગયા. સૂતાં પહેલાં બધા મારા રૂમમાં ભેગા થયા અને લાંબી ધર્મચર્ચા કરી.

શ્રી ડાંખરા મારા માટે સાદા બૂટ લઈ આવ્યા અને અજિત એક સસ્તું ઘડિયાળ લઈ આવ્યા. બન્નેનો ઉપયોગ પ્રવાસમાં સારો રહ્યો.

**27-6-09**

*

# 4. રોહતાંગ પાસ—સરચૂ

આજે તા. 14-6-09 છે. વહેલી સવારે અમે બધા તૈયાર થઈ ગયા. પહેલાં અમારે રોહતાંગ પાસ જવાનું છે. માત્ર 55 કિ.મી. દૂર છે. પણ પાંચ કલાકનો સમય લાગવાનો છે. નવાઈ લાગી કે આટલો બધો સમય કેમ લાગતો હશે? પણ બસ ચાલુ કર્યા પછી ખબર પડી કે એટલો બધો ટ્રાફિક છે કે ચાલવાની કે ઓવરટેક કરવાની જગ્યા જ નથી. બહુ મોટા પ્રમાણમાં પ્રવાસીઓ રોહતાંગ જઈ રહ્યા છે. અમે પણ વિદાય થયા. ટ્રાફિક જોઈને એવું લાગ્યું કે એક દિવસ પૂરા ભારતમાં આવી દશા થવાની છે. રસ્તા થોડા અને વાહનો વધારે. પરદેશમાં વાહનો વધ્યા પહેલાં રસ્તા તૈયાર થઈ જાય છે. આપણે વાહનો વધ્યા પછી પણ રસ્તા વધારતા નથી. પછી પ્રશ્ન જ પ્રશ્ન થાય છે.

અમે મનાલી બહાર નીકળ્યા. ચારે તરફ પર્વતશિખરો જ શિખરો છે. છેક મથાળે બરફ જામેલો છે. સૂર્યના તાપમાં શિખરો ચમકી રહ્યાં છે. બરફ પીગળી-પીગળીને નીચે પાણી આવે છે. તેમાંથી આ નદી બની છે. અમે નદી પાર કરી. સ્વચ્છ અને ઠંડું જળ ખળખળ કરતું વહી રહ્યું છે. પર્વતો પરથી જે પથ્થરો ગબડી પડે છે તે પ્રવાહમાં ગબડતા ગબડતા આપોઆપ ગોળમટોળ થઈ જાય છે. હવે તે નદીના કિનારે પડ્યા છે. જુઓ આ રહ્યા. જીવનમાં પણ કદાચ આવું જ થતું હશે. જે લોકો ઉપરથી ગબડે છે અને નીચે પટકાય છે તેમને એ પ્રવાહ મળે તો વેગમાં વહેવા લાગે છે અને ઘડાઈને આવા ગોળ થઈ જતા હોય છે. જે કદી ગબડ્યા જ નથી કે વેગમાં તણાયા જ નથી તે ગોળ નથી થતા, બરછટ થઈ જાય છે.

અમારી બસ 3-4 કિ.મી.ની ગતિમાં ચાલી રહી છે. બકરાંનું ટોળું જઈ રહ્યું છે. ક્યાં જતું હશે? ચરવાનું તો કશું દેખાતું નથી અને માઈલો સુધી બૂટ અને રેઇનકોટોની દુકાનો જ દુકાનો છે. બધી દુકાનોને નંબર અપાયા છે. જે મોટા-મોટા અક્ષરોમાં લખાયા છે. જેથી ભાડે લેનાર ગ્રાહકને તરત જ દુકાન મળી રહે. એવું લાગે છે કે માત્ર બૂટ-કોટ વગેરેની દુકાનો જ બે હજાર જેટલી હશે. કેટલી બધી રોજીઓ રોહતાંગ પાસ આપે છે! અહીં લોકો પિકનિક કરવા, બરફ પર સ્કેટિંગ કરવા આવે છે. તેમનો પૈસો નકામો ખર્ચાતો નથી. એક તરફ આનંદ-પ્રમોદ અને બીજી તરફ રોજીઓ આપે છે. લોકો પૈસો વાપરે તો રોજીઓ ઊભી થાય. કીડીના વેગે ટ્રાફિક ચાલી રહ્યો છે. પર્વતોની ચઢ-ઊતર થયા કરે છે. જો આગળનું વાહન બહુ જ ધીમું હોય તો જગ્યા મળતાં એક તરફ થઈને પાછળવાળાને ઓવરટેક કરવાનો મોકો આપે છે. ડ્રાઇવરો બહુ જ સહિષ્ણુ છે. બરફ કાપી કાપીને રસ્તો બનાવ્યો છે. પાંચેક કલાકે અમે હવે રોહતાંગ પહોંચી ગયા છીએ. મારે આ બીજી વાર આવવાનું થયું છે. બધા પ્રવાસીઓ ફરવા ગયા. એક ઓટલા આગળ રસોડું ઉતારીને મૂળજીભાઈ રસોઈ કરવા લાગ્યા. પવન ફૂંકાય છે. ઠંડીનો પાર નથી. મેં રેઇનકોટ પહેરી લીધો, જેથી હવા ન લાગે. 15-20 હજાર માણસો દસ કિ.મી. સુધી કીડિયારાની માફક ઊભરાઈ રહ્યાં છે. રસ્તાથી 100-200 ફૂટ સુધીનો માનવપટ્ટો જ બની ગયો છે. લોકો બરફ સાથે જાતજાતની રમતો રમી રહ્યાં છે. અહીં પાણી નથી, બરફ છે. એટલે બરફને તપેલામાં નાખીને ગરમ કર્યો, જેથી પાણી મળે. ઠંડી એટલી બધી વધી ગઈ છે કે મારે બસમાં બેસીને બારણું બંધ કરી દેવું પડ્યું. વાદળો છવાયાં છે. સારું છે કે વરસાદ શરૂ થયો નથી. યુ.પી., બિહાર તરફના ઘણા ફેરિયાઓ મકાઈના ભુટ્ટા શેકી શેકીને વેચી રહ્યા છે. તેમના ચહેરા અને ગંધાતાં વસ્ત્રો જુદાં તરી આવે છે. અમારી બસના કારણે એક ફેરિયાની ભઠ્ઠી ઢંકાઈ ગઈ. તેનો વ્યાપાર અટકી ગયો. મેં તેને 20 રૂપિયા આપવા માંડ્યા. તેણે પૂછ્યું કે "ક્યા દૂ!" મેં કહ્યું કે કાંઈ નહિ. મેં તો તારો વ્યાપાર અટક્યો છે એટલે આપ્યા છે. તેણે ન લીધા અને કહ્યું, "હમ મુફત કા નહિ લેતે." બહુ આગ્રહ કર્યો પણ તે એકનો બે ન થયો. જે યુ.પી.-બિહારને લોકો બદનામ કરે છે આ તેનો જ હિસ્સો છે. સલામ કરવાનું મન થાય. બધે બધા જ એકસરખા નથી હોતા. ઘણી વાર કાંકરામાં પણ મોતી ભળી ગયાં હોય છે તો કેટલીક વાર મોતીઓમાં કાંકરા ભળી ગયા હોય છે. ગરીબનું મોરલ વધુ વંદનીય મનાવું જોઈએ.

બે કલાક રખડીભટકી ફરીને અમારા પ્રવાસીઓ આવવા લાગ્યા. તિરુપતિનું કહેવું છે કે આટલાં બધાં માણસો અહીં છે પણ એક પણ ટોઇલેટ નથી. સરકારને કેટલી બધી આવક થાય છે પણ ટોઇલેટની વ્યવસ્થા નથી કરતી. ગુજરાતમાં આવું ન ચાલે. ગુજરાતમાં તો ખાનગી સંસ્થાઓ પણ પે એન્ડ યુઝના ધોરણે તરત જ ટોઇલેટ-વ્યવસ્થા કરી દે. સરકારને લખવું જોઈએ. હવે જો આટલાં બધાં

માણસોનો મેળો ભરાયો હોય અને ટોઈલેટની જ વ્યવસ્થા ન હોય તો ગંદકી થવી સ્વાભાવિક જ થઈ જાય. તેમાં પણ બિચારી સ્ત્રીઓની દશાની તો વાત જ શી કરવી!

અમે બધાએ જમવાનું ચાલુ કર્યું. પૂરી અને છોલે લઈ લઈને બસમાં બેઠા બેઠા જ જમવા લાગ્યા. બહાર તો પવન સુસવાટા મારી રહ્યો છે. આવી ઠંડીમાં પણ ઘણા લોકો ઊંચા-ઊંચા બરફ પર ચઢઊતર કરી રહ્યા છે. તિરુપતિ પર્યાવરણવાદી છે એટલે 'સેવ ટ્રી' બરફ પર કોતર્યું. અમે 14000 ફૂટની ઊંચાઈએ છીએ.

અમે ચાલ્યા તો ખરા પણ ચાલવું ક્યાં? જગ્યા મળે તો ચલાય ને! હાશ, દસ કિલોમીટરે મેળાની ભીડ પૂરી થઈ. પણ હવે રસ્તો એટલો બધો ખરાબ છે કે બધાની બોલતી બંધ થઈ ગઈ. એક કલાક સુધી બધા ચૂપ થઈ ગયા. જાણે કે હમણાં મર્યા...હમણાં મર્યા...એવું લાગતું હતું. મૃત્યુનો ભય સાચો છે અને તે ધ્યાન લગાવી દે છે.

અમે ચંદ્રભાગા નદીના કિનારે-કિનારે ચાલી રહ્યા છીએ અને આ કાલસર્પ ગામ છે. ગામ તો સારું છે પણ ટોઈલેટ ક્યાં? અહીં હેલિકોપ્ટર ઊતરે છે. હેલિપેડની વ્યવસ્થા છે. જિસ્પા ગામ આવ્યું. મોટું ગામ છે. બધા ચા પીવા નીચે ઊતર્યા પણ ઠંડી વધારે હોવાથી દોડી દોડીને પાછા બસમાં બેસી ગયા. અહીં ચંદ્રા અને ભાગા એમ બે નદીઓનો સંગમ થાય છે. આગળ જતાં ચંદ્રભાગા નદી બને છે. લોકો બધા લદ્દાખી છે. તિબેટ જેવા જ દેખાય છે. વસ્તી બહુ ઓછી છે અને ગામો દૂર દૂર છે. પર્વતો સૂકા છે પણ ઊંચાઈના કારણે બરફથી ઢંકાયેલા છે. ચારે તરફ બરફ જ બરફ છે.

ફરી પાછા પાંચ-છ કલાક ચાલીને એક ખીણમાં અમે પહોંચ્યા. અહીં તંબૂઓમાં અમારે રાત ગુજારવાની છે. ઠંડી તો કહે કે મારું કામ. રાતના સાડા આઠ વાગ્યા છે. બધા બસમાંથી ઊતર્યા અને થરથર કાંપવા લાગ્યા. શ્રી શક્તિસિંહ ચુડાસમા મારી સાથે રહે છે અને બહુ જ કાળજીથી મારી સેવા કરે છે. અમે અમારા તંબૂમાં પેસી ગયા. પણ પડદાની ચેન કામ કરતી નથી. પડદો જરા જેટલો પણ ખુલ્લો રહે તો માણસ ઠરી જ જાય. ઘણી મહેનતે માંડ ચેન બંધ કરી. હાશ, હવે શાંતિ થઈ. 'હું આત્મા છું' એમ કહેવાથી કોઈ પ્રશ્ન ઉકેલાતો નથી. શરીર એક વાસ્તવિકતા છે. તેના પ્રશ્નો ઉકેલીને જ માણસ સુખ-શાંતિ અનુભવતો હોય છે. શ્રી મહેશભાઈએ મારા માટે 'ઈનર' લાવી આપ્યું છે. એ મેં પહેર્યું. પછી ઉપર બધાં કપડાં પહેર્યાં, મોજાં અને ટોપી પહેરી, જાડી-જાડી બે રજાઈઓ અને ધાબળો ઓઢ્યાં તોપણ હાડ કમકમાં થઈ રહ્યું છે. ઓછી હવા અને વધુ પડતી ઠંડીના કારણે ઊંઘ ઓછી આવી. સંડાસમાં એક જ બાલટી પાણી હતું તેમાં જ બધું પતાવવાનું. નહાવાનું તો નામ જ ન લેવાય. સવારે ઊઠ્યા ત્યારે ખબર પડી કે રાત્રે માઈનસ પાંચ ડિગ્રી ઉષ્ણતામાન હતું. અમારા તંબૂઓ આગળ ચાલતી પાણીની નીકો પર બરફ જામી ગયો છે.

પછી કોઈએ સમાચાર આપ્યા કે ડો. જીવરાજભાઈને રાત્રે ઘણી તકલીફ થઈ હતી. હું તેમના તંબૂએ જોવા ગયો. ત્યારે ડાંખરાએ કહ્યું કે રાત્રે મેં સાક્ષાત્ મૃત્યુનો અનુભવ કર્યો. પોતે ડૉક્ટર હોવાથી રાત્રે નાડીના ધબકારા ગણતા રહ્યા અને લાગતું રહ્યું કે બસ હવે આ છેલ્લો ધબકારો છે. પછી રામ... રામ... બાળબચ્ચાં બહુ યાદ આવ્યાં પણ કરવું શું? અહીં મોબાઈલ તો ચાલતો નથી. મૃત્યુનું ભાન થતાં વહાલાં સ્વજનો યાદ આવે જ. મેં કહ્યું કે મને જગાડવો હતો ને! પણ કહે કે ના, ના, કોઈની ઊંઘ શા માટે બગાડવી!" જીવનમાં એકાદ વાર તો મર્યા પહેલાં મૃત્યુનો અનુભવ કરવો જોઈએ.

શ્રી ડાંખરા હવે સ્વસ્થ હતા. ચિંતા ટળી ગઈ હતી. જીવનમાં એકાદ વાર તો આવો અનુભવ થવો જરૂરી છે. માણસને મૃત્યુનો અને પોતાની પરવશતાનો અનુભવ થાય. પછી જ્યારે ફોન કર્યો ત્યારે ડાંખરાનાં પત્ની કંચનબહેને કહ્યું કે મને ખબર પડી ગઈ હતી કે તમે ભારે મુસીબતમાં છો. હું બહુ રડી... બહુ રડી... બધાં પૂછે કે કેમ રડો છો તો કહું કે તમારા ભાઈને સારું નથી લાગતું." કહેવું પડે ને! કેવી ટેલિપથી ગોઠવી છે! તીવ્ર લાગણીથી કોઈ કોઈને યાદ કરે એટલે ટેલિફોન પહોંચી જ જાય. કુદરતે પણ એક તાર વિનાના ટેલિફોનની વ્યવસ્થા કરી છે.

સૂર્યોદય થઈ ચૂક્યો છે. તડકો સારો લાગે છે. અમે બધા તડકો શેકી રહ્યા છીએ. એક મહારાષ્ટ્રિયન પરિવાર પણ આ તંબૂઓમાં ઊતર્યું છે. તેમાં ઘણી બહેનો પણ છે. મેં બધાંને પ્રસાદ આપ્યો. બધાં ખુશખુશ થઈ ગયાં. રાત્રે તો કશું દેખાતું ન હતું પણ હવે દેખાય છે. ચારે તરફ બરફ છવાયેલા પર્વતો છે. ખીણમાં અમે રાત રહ્યા હતા.

બધા બસમાં ગોઠવાયા અને ભગવાનનો જય બોલીને વિદાય થયા.

*

# 5. લેહ—થિક્સે ગોમ્પા

આજે તા. 15-6-09 છે. સવારે ચા-નાસ્તો કરીને સરચૂથી લેહ જવા વિદાય થયા. અમારે 210 કિમી. 10 કલાકમાં જવાનું છે. થોડી જ વારમાં પોલીસ ચોકી આવી. હિમાચલપ્રદેશ અને લદ્દાખમાં ક્યાંય પોલીસની કશી કનડગત નથી. કોઈ એન્ટ્રી માગતું નથી. કાગળો બતાવો અને તરત જ આગળ ચાલો. કદાચ હિમાલયની સાત્ત્વિકતાનો પ્રભાવ પોલીસ પર પણ પડ્યો હશે. બીજે બધે તો દેખાય જ છે.

હવે ટ્રાફિક નથી. ભાગ્યે જ રડ્યુંખડ્યું એકાદ વાહન દેખાય છે. પર્વતો સૂકા છે. વૃક્ષો નથી, લીલોતરી પણ નથી. રસ્તામાં એક જગ્યાએ બરફ ધસી પડવાથી રસ્તો બંધ થઈ ગયો છે. સાધનો કામે લાગ્યાં છે. બન્ને તરફનો ટ્રાફિક રોકાઈ ગયો છે. પછી રસ્તો તૈયાર થઈ ગયા પછી વાહનવ્યવહાર ચાલુ થઈ ગયો. બરફની દીવાલોની દીવાલો વચ્ચેથી પાર થઈ રહ્યા છીએ. હિમાચલપ્રદેશની હદ પૂરી થઈ અને જમ્મુ-કાશ્મીરની હદમાં પ્રવેશ કર્યો. રોડ સારા છે અને દૂર દૂર નાનાં-નાનાં ગામો છે. બૌદ્ધ શત-પ્રતિશત માંસાહારી પ્રજા છે. પણ બહુ શાંત પ્રજા છે. જરાય ઝઘડા નથી કરતી. અમે નદીકિનારેથી હોટલમાં ઉતારો કર્યો. લેહ લાંબું શહેર છે. જૂનાં અને નવાં મકાનોનો સંગમ છે.

રાત્રે મને ડાયરિયા થઈ ગયો. પાણી જેવા ઝાડા થઈ ગયા. શરીરમાં શક્તિ ન રહી. મેં મનને ઘણું સમજાવ્યું કે હું આત્મા છું, શરીર નથી. આત્માની શક્તિથી શરીર ચાલે છે. પણ કાંઈ પરિણામ ન આવ્યું. પછી સમજાયું કે ખરી શક્તિ તો શરીરની જ છે. શરીરનાં આંતરડાંમાં જે મળ રહે છે તે શક્તિ આપે છે. તે એકદમ પાણી થઈને નીકળી ગયો. આંતરડાં ખાલી થઈ ગયાં. હવે ઊઠવાની પણ શક્તિ ન રહી. લોકો સાચી વાત ક્યારે સમજશે? શરીરને સાચવો, શરીર જ શક્તિ છે. પેટ સાથે વગર જોઈતી છેડછાડ ન કરો. યોગના નામે વારંવાર બસ્તી લેવાથી આંતરડાં ખાલી થઈ જાય છે, ઘસાય છે જેથી અંતે નુકસાન થાય છે. આત્મા નથી જ એવું મારું કથન નથી પણ શરીર તો છે જ. તે સુખ-દુઃખ, શક્તિ-દુર્બળતામાં મુખ્ય કારણ છે. જેને આપણે આત્મબળ કહીએ છીએ તે મનોબળ છે. તે દૃઢ હોય તો માણસ દુઃખમાં પણ ટકી શકે છે. મનોબળ અને આત્મબળ એક ન સમજો. મનોબળ તો અજ્ઞાની, નાસ્તિકમાં પણ દૃઢ હોય છે. મારી પાસે ઘણા લોકો દવા લઈ આવ્યા પણ મેં ન લીધી. હું નાછૂટકે જ એલોપથી દવા લઉં છું. મેં રસોડામાંથી ખસખસ અને ખાંડ મગાવી. પછી ચાવી-ચાવીને ખાધી. મને ઠીક થવા લાગ્યું. મારી કમજોરી કાચું ભોજન છે. રસોઇયા સારું ભોજન બનાવે છે તોપણ કોઈ વાર કાંઈ કાચું રહી જાય તો મને આવું થઈ જાય છે. સતત પ્રવાસીજીવનમાં શરીરને સોએ સો ટકા સાચવવું કઠિન હોય છે. અમે બધા હોટલ લાસેરમોમાં ઊતર્યા છીએ. હોટલના માલિક અશરફ ખાન છે. બહુ જ ભલા માણસ અને મળતાવડા છે. લેહમાં અમારે ચાર દિવસ રોકાવાનું છે.

સવારે ચા-નાસ્તો કરીને બધા ફરવા નીકળી પડ્યા. અહીં લેહની કાયમી વસ્તી પાંચ હજાર જ છે. બે હજાર જેવા સૈનિકો હશે. આ વર્ષે પ્રવાસીઓ ઘણા ઓછા છે. ખરેખર તો પ્રવાસીઓથી જ આ જગ્યા ભરચક લાગે છે. બૌદ્ધોની વસ્તીનું પ્રમાણ વધારે છે. થોડા પ્રમાણમાં મુસ્લિમો પણ છે જે વધી રહ્યા છે. શિયાળામાં આ રસ્તો બરફ પડવાથી બંધ થઈ જાય છે. પૂરા વિશ્વથી આ ભાગ કપાઈ જાય છે. માત્ર હવાઈમાર્ગ ચાલુ રહે છે. લેહમાં નાના-નાના પુષ્કળ સ્તૂપો છે. આ સ્તૂપો એક પ્રકારથી લોકોની સમાધિઓ છે. મૃત્યુ પછી અહીં અગ્નિદાહનો રિવાજ છે પણ લામાઓને ભૂમિદાહ પણ અપાય છે. પછી સ્તૂપ બંધાય છે. મુસ્લિમો કબર કે પછી મજાર બાંધે છે. આપણે હિન્દુઓ આવું કશું કરતા નથી. કદાચ કોઈ બહુ મોટા સંત હોય તો સમાધિ બાંધીએ છીએ. સમાધિ બાંધવી એ સારી વાત છે. વ્યક્તિની સ્મૃતિ રહે છે. ઇતિહાસ સચવાય છે.

પૂર્વે કહ્યું તેમ અહીં આર્મીનાં ઘણાં માણસો કાયમ રહે છે. અહીં ખાધાખોરાકીની વસ્તુઓ બહારથી આવે છે. બરફ પડવાના કારણે ખેતીવાડી ઓછી થાય છે. શાકભાજી વગેરે બહારથી આવતું હોવાથી મોંઘું રહે છે. ચીજવસ્તુઓ ખરીદવામાં આર્મીવાળાને પ્રથમ સ્થાન આપવાનું રહે છે. અહીં બળાત્કારનું પ્રમાણ ઘણું ઓછું છે. અહીં ગ્રામવસ્તી ખેતી કરીને અને નગરની વસ્તી સરકારી નોકરી કરીને ગુજરાન ચલાવે છે. સરકારી નોકરી કરનારા વધુ સુખી અને પ્રતિષ્ઠિત હોય છે. અહીં કોઈ કોઈ વાર દલાઈ લામા આવે છે. લોકો તેમને બહુ જ માને છે. તે જ્યારે અહીં લેહમાં આવે છે ત્યારે આ સ્થળે સભા કરે છે. દૂરદૂરથી લોકો દર્શન કરવા અને પ્રવચન સાંભળવા અહીં આવે છે. આ છે તે જગ્યા. લદ્દાખ 3520 મીટરની ઊંચાઈએ વસેલું નગર છે. વિશાળ-સપાટ જમીનની ચારે તરફ પર્વતમાળા છે.

જે સૂકાં પણ બરફનાં શિખરોથી સુશોભિત છે.
અમે બધા સિંધુઘાટે પહોંચી ગયા છીએ. આ સિંધુ નદી તિબેટથી નીકળે છે જે હવે ચીનના હાથમાં છે. સિંધુ નદી અહીં બહુ સાંકડી છે. કદાચ સો-દોઢસો ફૂટ પહોળી હશે. જ્યારે અટલબિહારી વાજપેયી પ્રધાનમંત્રી હતા ત્યારે તે અહીં આવેલા અને આ સિંધુ ઘાટનું નિર્માણ કરાવેલું. અહીં પ્રતિવર્ષ 'હિન્દુદર્શન' મેળો ભરાય છે. હજારો લોકો ભેળા થઈને સિંધુનું પૂજન કરે છે. આ સિંધુ નદી આગળ જતાં પાકિસ્તાનમાં જઈને વિશાળ થઈ જાય છે. સિંધુઘાટ પર બધાએ ખૂબ આનંદ કર્યો, પછી વિદાય થયા.
લદ્દાખ જમ્મુ-કાશ્મીરમાં હોવા છતાં તેની કમિશનરી અલગ છે. તે સ્વાયત્તશાસી છે. બધાં જ બોર્ડો અંગ્રેજી અને લદ્દાખી લિપિમાં લખેલાં હોય છે. ક્યાંય ઉર્દૂ લિપિનો પ્રયોગ થતો નથી. વાહનોની નંબર પ્લેટો પણ અંગ્રેજી અને લદ્દાખી લિપિમાં લખેલી હોય છે.
અમે બધા શે પૅલેસ પહોંચ્યા છીએ. સીધા-ઊંચા ટેકરા પર પેલેસ બંધાયેલો હોવાથી હું વચ્ચે જ અટકી ગયો. જગડુશા પણ અટકી ગયા. પહેલાં અહીં લેહ-લદ્દાખનો રાજા રહેતો હતો. પ્રાચીનકાળમાં હિમાલયમાં નાનાં-મોટાં રજવાડાંની પેલે પાર તિબેટ હતું. તિબેટ પણ દલાઈલામાના શાસનમાં હતું. તેના પછી ચીન હતું. અંગ્રેજોએ આ બધાં રજવાડાં કાં તો ભારત સાથે જોડી દીધાં હતાં કાં પછી ભારતના પ્રભાવમાં લાવ્યા હતા, જેથી કોઈ મહાસત્તા ભારતની નજીક ન આવી જાય. જે બૌદ્ધ ધર્મી હતા તે તિબેટના દલાઈ લામાને ગુરુ માનીને મહાયાન બૌદ્ધ ધર્મ પાળતા હતા. જે મુસ્લિમ થઈ ગયા હતા તે (કારગિલ, ગિલગિટ, ચિત્રાલ, હુંઝા વગેરે) ઇસ્લામ ધર્મથી સંચાલિત હતાં. મહારાજા રણજિતસિંહજી (પંજાબ)ના મહાન સેનાપતિ જોરાવરસિંહ છેક અહીં સુધી વિજયકૂચ કરતા પહોંચ્યા હતા.
ઈ.સ. 1650માં આ પૅલેસની રચના થઈ હતી. રાજા અહીં માત્ર ત્રણ મહિના જ રહેવા આવતો. મહેલમાં ઘણી જગ્યાએ સોનાનો ઉપયોગ કરેલો છે. રાજાને ઉપાસના કરવા નિજી મંદિર છે. ભગવાન બુદ્ધની સુંદર પ્રતિમા સ્થાપિત છે. આ મહેલમાં બે મોટા ઉત્સવો ઉજવાતા. અહીં જુદાજુદા રંગની અસંખ્ય ધજાઓ લાંબા-ઊંચા વાંસડા પર લગાવેલી હોય છે. આ દશ્ય નેપાળ, સિક્કિમ, ભુતાનથી માંડીને છેક લાઓસ, કમ્બોડિયા, વિયેતનામ વગેરે દૂર દૂરના દેશો સુધી જોવા મળે છે. ધર્મની એકરૂપતા તેમાં કારણ હશે. બૌદ્ધોનું બહુ મોટું જમાપાસું એ છે કે તે એકમાત્ર બુદ્ધને જ વળગી રહ્યા છે. આ તરફ ગુરુ પદ્મસંભવની માન્યતા વિશેષ છે. કારણ કે અહીં બૌદ્ધ ધર્મને લાવનાર ગુરુ પદ્મસંભવ હતા. પણ તે ગુરુ તરીકે પૂજ્ય છે. બુદ્ધ તરીકે નહિ. સર્વોચ્ચ સ્થાન તો બધે બુદ્ધનું જ છે. આપણે હિન્દુઓ પાસે આવું કોઈ એક જ પ્રતીક નથી, અસંખ્ય છે. નવા નવા ભગવાનો થઈ રહ્યા છે અને તે પણ સર્વોચ્ચ કક્ષાના. આના કારણે હિન્દુપ્રજા બૌદ્ધો જેવી એકતા ધરાવતી નથી. અત્યારે એક ગુરુ દલાઈ લામા અને એક ભગવાન બુદ્ધ જેવી દઢ સ્થિતિ છે.
અમે હવે અહીંની પ્રસિદ્ધ મોનેસ્ટ્રી થિકસે પહોંચ્યા છીએ. અંગ્રેજીમાં જેને મોનેસ્ટ્રી કહેવાય છે તેને તિબેટી ભાષામાં ગોમ્પા કહેવાય છે. ગોમ્પા એટલે મંદિર, ધર્મસ્થાન, પાઠશાળા, સાધુઓને રહેવાની જગ્યા વગેરે. આ બધું એકસાથે જ્યાં ભેગું થાય તેને ગોમ્પા કહેવાય. આપણી પાસે આવા ગોમ્પા નથી. પહેલાં મઠ હતા. પણ પછી આશ્રમો થયા. પણ તેમાં આ બધાં તત્ત્વો નથી હોતાં. બૌદ્ધ પાસે સદીઓજૂની વ્યવસ્થા છે. જે ભિક્ષુ થાય તે ધર્મશાસ્ત્રો જરૂર ભણે. અહીં ગોમ્પામાં રહે અને વર્ષો સુધી અધ્યયન કરે. આપણી માફક કોઈ ભિક્ષુ, રખડતો-ભટકતો, ઉઘરાણાં કરતો કે લોકો પર જબરદસ્તી કરતો જોવા ન મળે. પૂરી ધર્મવ્યવસ્થા કામ કરે છે. તેથી અવ્યવસ્થા જોવા નથી મળતી. હા, અહીં પ્રત્યેક ગોમ્પામાં બાળભિક્ષુઓનું પ્રમાણ ઘણું મોટું છે. એ બધા અહીં રહીને પરંપરાગત શાસ્ત્રો ભણે છે.
લેહથી 20 કિ.મી. દૂર સિંધુ નદીના કિનારે આ થિકસે ગોમ્પા. એક ઊંચા ડુંગરના ઢાળ પર બંધાયેલો છે. સેંકડો મકાન ઢાળ પ્રમાણે એવી રીતે બંધાયાં છે કે દૂરથી સુંદર દશ્ય ઊભું કરે છે. નીચેથી ઉપર સુધી બાર માળનું આ ભવન બને છે. નવમી શતાબ્દીમાં આ ગોમ્પાનું નિર્માણ થયું હતું. મૈત્રેય બુદ્ધની ભવ્ય પ્રતિમા અત્યંત દર્શનીય છે. તેમાં સોનું પણ વપરાયું છે. બૌદ્ધો તારાદેવીને માને છે, જેમ આપણે અંબાજીને માનીએ છીએ. તારાદેવીનાં 21 રૂપો પ્રચલિત છે, જે બુદ્ધના મુગટમાં સ્થાન પામ્યાં છે. આ 21 દેવીઓ જુદાં જુદાં કામો કરે છે. આ ગોમ્પાની રચના દલાઈ લામાના લ્હાસામાં આવેલા પોટાલા મહેલને મળતી બનાવી છે. પોટાલા મહેલને એક હજાર ઓરડા હતા. દલાઈ લામાના ભાગી છૂટ્યા પછી સાંભળવા પ્રમાણે ચીને આ ભવ્ય મહેલને જમીનદોસ્ત કરી દીધો છે. આ ભિક્ષુઓ ગોમ્પાથી યાકો લઈને છેક તિબેટ સુધી રેશન-સામગ્રી લેવા લોકો જતા. હવે અત્યારે અહીં 80 ભિક્ષુઓ રહે છે. અમે રસોડું જોયું. બધા માંસાહારી છે. યાક, ઘેટાં, બકરાં વગેરેનો ઉપયોગ ભોજનમાં થાય છે. આઠમ અને પૂનમના દિવસે ભિક્ષુઓ માંસાહાર કરતા નથી. પ્રાણીઓની કતલ

મુસ્લિમો આવીને કરે છે. કદાચ મુસ્લિમો ન મળે તો બૌદ્ધોમાંથી કેટલાક આ કામ કરે છે. કતલ કરતાં પહેલાં નિશ્ચિત મંત્ર બોલે છે જેથી પાપ ન લાગે.

મહાયાનની મુખ્ય ચાર ધારાઓમાંથી એક રૂપા ધારામાં લામાઓ લગ્ન કરે છે. દારૂ પણ પીએ છે. ઘણી છૂટ છે. અમે મ્યુઝિયમ જોઈ રહ્યા છીએ. માનવઅસ્થિમાંથી બનાવેલાં વાંજિત્રો પણ છે. બંધાયેલા મોટા મોટા ઘણા ગ્રંથો પાંડુલિપિમાં અહીં સચવાયા છે. બ્રાહ્મીલિપિમાં બધી રચનાઓ છે.

એવું મનાય છે કે ગુરુ પદ્મસંભવ જ્યારે બૌદ્ધધર્મને લઈને તિબેટ પહોંચ્યા હતા ત્યારે ત્યાં બેન્ગો નામનો ધર્મ હતો. એટલે અહીંના બૌદ્ધધર્મ પર બેન્ગોની અસર છે જ. તિબેટમાં 31 બૌદ્ધ રાજાઓ થયા. તેમણે બૌદ્ધધર્મના પ્રચારમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો પણ 32મો છેલ્લો રાજા થયો, તેણે બૌદ્ધધર્મનો નાશ કરાવ્યો. પુષ્કળ નુકસાન કર્યું. તેનું નામ લાંગ તરમા હતું. તેના પછી ફરીથી પાછો બૌદ્ધધર્મનો પુનરુદ્ધાર થયો. કોઈ નાસ્તિક કે દુશ્મન ધર્મનો નાશ કરી શક્યો નથી. સૂડ કર્યા પછી ફરી પાછી વનરાજી ખીલી ઊઠે છે તેમ ફરીથી ધર્મ પણ ખીલી ઊઠે છે. મ્યુઝિયમ જોઈને બહાર નીકળ્યા. આ ગોમ્પામાં પ્રવાસીઓને ઊતરવાની પણ વ્યવસ્થા છે. રોજના ત્રણ સો રૂપિયા પ્રમાણે રહેવા-જમવાનો ચાર્જ લેવાય છે. પ્રવાસીઓને શાકાહારી ભોજન અપાય છે. ગોમ્પા અને લામાઓને નજીકથી જોવા-જાણવા માગતા લોકો માટે આ સારી વ્યવસ્થા કહેવાય.

29-6-09

*

# 6. લેહ—હિમેસ વગેરે

અહીંનો એક બીજો ગોમ્પા—હિમેસ છે. તેને જોવા જઈ રહ્યા છીએ. બે માળનો આ ગોમ્પા બહુ સમૃદ્ધ ગોમ્પા મનાય છે. આપણી માફક પહેલાં અહીં 13-14 વર્ષની ઉંમરે લગ્ન થઈ જતાં પણ હવે 20-25-30 વર્ષે લગ્ન થાય છે. મોટા ભાગે હવે પ્રેમલગ્નો જ થાય છે. અહીં સ્ત્રીઓનું પ્રમાણ વધારે છે. એક હજાર સ્ત્રીઓએ આઠસો પુરુષો છે. સ્ત્રીઓ ગૌરવર્ણની રૂપાળી અને બહુ ઓછાબલી હોય છે. ક્યાંય કશું વલ્ગરપણું દેખાતું નથી. આ વધારાની કન્યાઓનો વિનિમય ગુજરાતમાં કરી શકાય પણ એક તો ગુજરાતનું ગરમ વાતાવરણ આ કન્યાઓને અનુકૂળ ના આવે. બીજી તરફ આ કન્યાઓનો આહાર ગુજરાતીઓને અનુકૂળ ન આવે છતાં પ્રયત્ન કરવા જેવો ખરો.

અમારી કોલીસો જઈ રહી છે. ત્યાં રસ્તામાં 20-25 સૈનિકોએ બધી ગાડીઓ રોકી. મને થયું કે કાંઈક તપાસ થશે, પણ ના, બધાને ઉતારી-ઉતારીને ચા-નાસ્તો કરાવ્યો. મોટા ભાગે શીખો હતા. મારી પાસે પુષ્કળ પ્રસાદ છે. મેં બધાંને મૂઠી ભરી ભરીને બદામનો પ્રસાદ આપ્યો. બધા રાજી રાજી થઈ ગયા. વાત એમ હતી કે આજે શીખોના પાંચમા ગુરુ અર્જુનદેવજીની શહીદી તિથિ હતી. શહીદીની વાત જાણવા જેવી છે.

ત્યારે દિલ્હી તખ્ત પર જહાંગીરનું રાજ હતું. તેના શાહજાદાએ વિદ્રોહ કર્યો. પહેલાં બાદશાહો અને રાજાઓને વિદ્રોહ શમાવવામાં જ લાગ્યા રહેવું પડતું. શાહજાદો જહાંગીરની સેનાથી બચવા માટે ભાગતો રહેતો. છેવટે લાહોરમાં ગુરુ અર્જુનદેવજીના ડેરામાં તેણે શરણ લીધું. જહાંગીરનું લશ્કર ત્યાં પહોંચ્યું તો શાહજાદો ત્યાંથી પણ ભાગ્યો. લશ્કરના સેનાપતિએ ગુરુજીને બંદી બનાવી લીધા. બાદશાહના વિરોધીને શરણ કેમ આપ્યું? આ બાબતે જહાંગીરે ફરમાન કાઢ્યું કે ગુરુ અર્જુનદેવજીને જીવતા બાળી મૂકો. રાવીના કિનારે તેમને બાળવાની વ્યવસ્થા થઈ. વ્યવસ્થા આ પ્રમાણે હતી. એક બહુ મોટા લોખંડના તવા ઉપર એક ફૂટ જાડો થર રેતીનો કર્યો. તેના ઉપર ગુરુજીને બેસાડ્યા. પછી નીચે અગ્નિ પ્રગટાવ્યો. ધીમે ધીમે રેતી ગરમ થઈ, ગુરુજી બળવા લાગ્યા. આ રીતે કલાકો સુધી દાઝયા પછી પૂરી સ્વસ્થતાથી તેમણે પ્રાણ છોડ્યા. આ રીતે તેઓ શહીદ થયા.

તેમના પછી છઠ્ઠા ગુરુજી (હરગોવિંદજી) આવ્યા. તેમણે શીખધર્મમાં બે પરિવર્તન કર્યાં. શીખોને માંસાહારી બનાવ્યા. શાકાહારી માંસાહારીને પહોંચી ન શકે. ઘાસખાઉં હરણાં ગમે તેટલાં હોય તોપણ હિંસક પ્રાણીઓનો સામનો ન કરી શકે. એવી તેમની ધારણા હતી. બીજું, શીખોને કહ્યું કે અત્યાર સુધી તમે જ્યારે મારી પાસે આવતા ત્યારે ફળફૂલ, મીઠાઈ, વસ્ત્રો વગેરે લાવતા હતા, જ્યારે હવે આવો ત્યારે તલવાર, ભાલો, ઘોડા લઈને આવો. મારે તમને સિપાહી બનાવવા છે. માત્ર ભગતડાં નથી બનાવવાં. આ બીજું પરિવર્તન હતું. નવમા ગુરુ તેગબહાદુરજીની શહીદી પછી ગુરુ ગોવિંદસિંહજીએ પંચપ્યારા દ્વારા ખાલસા પંથની સ્થાપના કરી શીખોને વિશ્વની બહાદુર કોમ બનાવી દીધી. ધર્મ અને ધર્મગુરુ પ્રજાનું ઘડતર કરે છે.

અમારી સાથે અમરેલીના ઉમેશ બોસમિયા પણ છે. તે ચુસ્ત વૈષ્ણવ છે. મેં તેને પૂછ્યું કે, “ઉમેશ, વૈષ્ણવોમાં યોદ્ધાઓનું પ્રમાણ કેટલું? વૈષ્ણવો કેટલા પ્રમાણમાં યોદ્ધાઓ પેદા કરે છે?” ઉમેશનું કહેવું છે કે અમે તો ભક્તો પેદા કરીએ છીએ, યોદ્ધાઓ નહિ. મેં કહ્યું કે “શૌર્ય વિનાની ભક્તિથી ભગતડાં પેદા થાય, ભક્તો નહિ. વીરભક્તો તો પાળિયા થાય, શહીદ થાય. અને ભગતડાં તો માત્ર ભોગો આરોગવા ભેગાં થાય અને એ એક કાંકરો પડે તો બોમ્બ ફૂટ્યો છે તેમ માનીને કાગડાઓની માફક ભાગી છૂટે.” ઉમેશ કહે કે “બિલકુલ સાચી વાત છે.”

અમારી સાથે અજિત શાહ પણ છે, તે ઉમેશનો મિત્ર છે તેનું કહેવું થયું કે, “યોદ્ધાઓ તો અમારે ત્યાં પણ નથી થતા, અમે વ્યાપારીઓ અને ત્યાગીઓ પેદા કરીએ છીએ.” બીજા ઘણા લોકોનું મંતવ્ય હતું કે શીખો જેવા યોદ્ધાઓ અને સેનાપતિઓ આપણા કોઈ સંપ્રદાયો પેદા કરતા નથી. મેં કહ્યું કે હવે ખબર પડી કે હિન્દુપ્રજા કેમ ગુલામ થઈ? કેમ દુર્બળ છે?

ધર્મ જો યોદ્ધાઓ પેદા ન કરે તો કદાચ ચાલે પણ ધર્મ જો યોદ્ધાવિરોધી, વીરતાવિરોધી જીવનપદ્ધતિ આપે તો ચાલે જ નહિ. આપણે ત્યાં લગભગ એવું જ થયું છે. એની શરમ નહિ, પણ આપણે ગૌરવ અનુભવીએ છીએ. એટલે તો મેં સૂત્ર આપ્યું કે ‘વીરતા પરમો ધર્મ.’ હિંદુપ્રજાના દુર્બળતાના કારણની વાત સૌના ગળે ઊતરી.

લેહથી 49 કિ.મી. દૂર હિમેસ ગોમ્પાએ અમે પહોંચ્યા છીએ. અહીં ત્રણસોથી વધુ લામાઓ રહે છે. લદ્દાખના સૌથી વધુ ધનવાન ગોમ્પામાં હિમેસની ગણતરી થાય છે. અહીં જે રંગો વપરાયા છે તે કુદરતી તત્ત્વોમાંથી બનાવેલા છે. જેવા કે પથ્થરો, વનસ્પતિઓ વગેરેમાંથી. અમે ખાસી ઊંચાઈ ચઢીને ગોમ્પાના પ્રથમ માળે પહોંચ્યા. વિશાળ ચોકમાં યુવાન લામાઓ નૃત્ય કરી રહ્યા હતા. તેમાં 2-4 લામીઓ પણ હતી. પણ પછી ખબર પડી કે ના, તે લામા જ હતા પણ તેમનો દેખાવ સ્ત્રી જેવો હતો. અહીંના લોકોને દાઢીના વાળ નથી હોતા અથવા બહુ થોડા જ હોય છે. એક પ્રૌઢ લામા બેઠા બેઠા નૃત્ય જોઈ રહ્યા છે. હું તેમની સાથે ખુરશીમાં બેઠો. તેમણે ઊભા થઈને હાથ જોડીને આવકાર આપ્યો. અમારે ત્યાં સાધુ અને સંત એમ બે ભેદ હોય છે. જે હાથ ન જોડે પણ હાથ ઊંચો કરીને માત્ર આશીર્વાદ જ આપે તે સાધુ હોય છે. તે ગુરુતાગ્રંથિથી પીડાતા હોય છે. હું મોટો છું, હું પૂજ્ય છું, હું મહાન છું. આ તુચ્છ છે. એવી ગુરુતા તેના મનમાં જામી ગઈ હોય છે. તે માત્ર સાધુ જ છે. પણ જે ઊભો થઈને સામે ચાલીને હાથ જોડે, વંદન કરે, આવકાર આપે તે સંત છે. સંત પહેલાં હાથ જોડે, તેમાં સહજ નમ્રતા, વિનય, વિવેક, આધીનતા હોય છે. તે સૌને પોતાના કરતાં મોટા માને છે. તે હાથ ઊંચો કરીને આશીર્વાદ આપવાનો દંભ નથી કરતા પણ હાથ જોડીને સૌને વંદન કરવાની નમ્રતા બતાવે છે. સાધુઓ તો ઘણા જોવા મળશે પણ સંત તો જવલ્લે જ જોવા મળશે.

બેઠા બેઠા યુવાન લામાઓનું વીરનૃત્ય અમે જોઈ રહ્યા છીએ. કોઈ ઉત્સવ થવાનો છે તેની તૈયારી ચાલી રહી છે. આ સારું છે. આવાં નૃત્ય કરવાથી આરોગ્ય સારું રહે છે. માત્ર ગુફાઓમાં પુરાઈ રહેવાથી પ્રતિષ્ઠા તો મળે છે પણ આરોગ્ય બગડી જાય છે. અત્યારે મહન્ત દુબચેક છે. નૃત્ય કરનારા વચ્ચે વચ્ચે દેકારો બોલાવે છે. મહન્ત પદયાત્રામાં ગયા છે. 600 માણસો તેમની સાથે પદયાત્રામાં જોડાયા છે. હવામાન બદલાઈ ગયું. એકદમ ઠંડું વાતાવરણ થઈ ગયું. નૃત્ય જોઈને અમે નીચે ઊતરી રહ્યા છીએ. લામાઓની વિશેષતા એ હતી કે કોઈની પાસેથી કશું માગતા ન હતા. અરે જોતા પણ ન હતા. પોતાના નૃત્યમાં મશગૂલ હતા.

અમે એક મહેલ જોવા પહોંચ્યા છીએ. આ રાજમહેલ છે. 975 ઈ.સ.ના નામગ્પાલ રાજાએ બંધાવ્યો હતો. 1997માં જિગ્મે નામગ્પાલ છેલ્લો રાજા થયો છે. તે અહીં આ મહેલમાં રહે છે પણ અત્યારે સરકારી નોકરી કરવા લેહ ગયા છે. કદાચ ભારતમાં આ એક જ રાજા હશે, જે સરકારી નોકરી કરીને ગુજરાન ચલાવે છે. રાજમહેલ સાદો અને સામાન્ય દેખાય છે. રાજાની રાણી પણ નોકરી કરે છે. તે એક હાઈસ્કૂલની પ્રિન્સિપાલ છે. તે પણ નોકરી કરવા ગઈ છે. પ્રત્યેક ફેબ્રુઆરીની 9-10 તારીખે અહીં ઉત્સવ ઊજવાય છે.

અમે મહેલ જોઈને વિદાય થયા. આ સામે પીળા રંગનાં ભવ્ય મકાનો દેખાય છે તે જાપાનીઓ દ્વારા બંધાવેલાં છે. જેમાં બૌદ્ધધર્મની પાઠશાળાઓ ચાલે છે. સંસ્કૃત પણ ભણાવાય છે. અહીં એક પૂરું ગામ માત્ર મુસ્લિમોનું જ છે. તેમની મસ્જિદ દેખાઈ. કોઈ મુસ્લિમ છોકરો કોઈ બુદ્ધિસ્ટ છોકરીને લવ કરે કે પરણે ત્યારે હોબાળો થાય છે. અહીંના લોકોને તે નથી ગમતું. અમે નદી પાર કરી રહ્યા છીએ. નદીના પુલ પર પુષ્કળ રંગબેરંગી ધજાઓ ચઢાવી છે. નદીને આ લોકો પવિત્ર માને છે.

અમે લેહના બજારમાં ફરી રહ્યા છીએ. બજાર ભરચક છે પણ શિયાળામાં બધું બંધ થઈ જાય છે. નદી થીજી જાય છે. વિદેશીઓ બરફ પર લપસે છે.

હવે અમે શંકર મોનેસ્ટ્રી પહોંચ્યા છીએ. આ નાનીસરખી પણ સુંદર મોનેસ્ટ્રી છે. અહીંના મહન્ત શ્રી કુશુક બકુલા વર્ષો સુધી પાર્લમેન્ટના સભ્ય રહ્યા હતા. તે તો દેવ થઈ ગયા પણ મરતાં પહેલાં તેમણે ભવિષ્ય ભાખેલું કે તેમનો નવો જન્મ નુંબ્રાવેલીમાં થશે. તે પ્રમાણે નુમ્બ્રાવેલીમાં તેમનો ત્રણ વર્ષથી જન્મ થઈ ચૂક્યો છે. હવે અત્યારે અહીંના પ્રતિનિધિ તરીકે શ્રી અબ્દુલ રજ્જાક M.P. થયા છે. પરિવર્તન સમજી શકાય છે.

બજારની ફૂટપાથ પર જ સૂકો મેવો, શાકભાજી વગેરે વેચાય છે. લેહ દરવાજો પણ સારો બન્યો છે. આ તરફ બધાં સરકારી કાર્યાલયો છે.

મને ડાયરિયા થઈ ગયો હોવાથી અશક્તિ છે. હું એક મોનેસ્ટ્રી ચઢી શક્યો નહિ. ત્યાંના મુખ્ય લામા મારા સ્વાગતની તૈયારી કરીને રાહ જોતા હતા. અમે બધા પાછા હોટલે આવ્યા. શ્રી મૂળજીભાઈએ મારા માટે ઉપમા અને બાજરીનો રોટલો બનાવ્યો. પણ રુચિ ન હોવાથી ખાસ ખાઈ શકાયું નહિ. આરોગ્યનું મહત્ત્વ બીમાર થયા પછી સમજાતું હોય છે. હું અત્યારે તદ્દન નર્વસ—ઢીલો થઈને પથારીમાં પડ્યો છું.

29-6-09

# 7. લેક દર્શન

આજે તા. 17-6-2009 છે. ચા-નાસ્તો કરીને અમે બધા તૈયાર છીએ. અમારે આજે પાંગોંગ લેક જોવા જવાનું છે. આ સરોવર છેક ચીનની સીમા પર આવેલું છે. પહેલાં પરમિટ લેવી પડતી. મને લાગે છે કે પરમિટની વ્યવસ્થા થઈ ગઈ છે. લેહમાં બે મસ્જિદો છે. એક શિયાની અને બીજી સુન્નીની. અહીં શિયા વધારે છે જે ભારત તરફી છે. સુન્નીનું વલણ પાકિસ્તાન તરફી મનાય છે. અહીં લેહ-લદ્દાખમાં માત્ર 1-1॥ ઇંચ જ વરસાદ થાય છે. બરફ બહુ પડે છે. ઢીંચણ જેટલો બરફ પડે છે. તેથી ખેતી ખાસ થતી નથી. અમારી ગાડીઓ સડસડાટ દોડી રહી છે. આર્મીનો કૅમ્પ પાર કરીને આગળ નીકળ્યા. અહીં એક વિચિત્ર પ્રથા છે. મંત્રો બોલેલા હજારો પથ્થરો ભેગા કરીને તેની દીવાલો બનાવાય છે. તેવી ઘણી દીવાલો જોવા મળે છે.

શક્તિ નામનું મોટું ગામ આવ્યું છે. આર્મીના કૅમ્પ પણ છે. અમે લેક તરફ આગળ વધ્યા. અમારે 150 કિ.મી. દૂર જવાનું છે. પહાડી કિ.મી. એટલે આપણા ત્રણગણા કરી લેવા. અત્યારે અમે 14300 ફૂટની ઊંચાઈએ ચાલી રહ્યા છીએ. ચારે તરફ બરફ જ બરફ દેખાય છે. નીચે તળેટીમાં લીલાંછમ ખેતરો છે. દૃશ્ય અદ્‌ભુત છે. બરફ પડવો શરૂ થયો. બધી ગાડીઓ જામ થઈ ગઈ. પોલીસનું કથન છે કે બે કલાક રોકાવું પડશે. તડકો નીકળે, બરફ પીગળે પછી જવાનું. સેંકડો વાહનો અટકી પડ્યાં છે. આવા સમયે મારી પાસેનો પ્રસાદ સારો કામમાં આવે છે. હવે તો જોરજોરથી બરફ પડવા લાગ્યો છે. કેટલીક ગાડીઓનાં ટાયરને સાંકળો બાંધી છે. તોપણ બરફ ઉપર સ્લિપ થઈ જવાય છે. જો ગાડી સ્લિપ થાય અને નિયંત્રણમાં ન રહે તો સીધી જ હજારો ફૂટ નીચે ખીણમાં જઈ પડે. એટલે અનુભવી ડ્રાઇવરો સમજી-સમજીને આગળ વધે છે. અમે બધા ઊભા થઈ ગયા છીએ.

ડૉ. જીવરાજ ડાંખરા મોબાઇલ લઈને આવ્યા. બોલ્યા કે એક SMS આવ્યો છે, તેમાં કહ્યું છે કેઃ

“મૃત્યુ એક જીવનની સૌથી મોટી હાનિ નથી, પણ જ્યારે બે માણસ વચ્ચેનો આત્મીય સંબંધ નાશ પામે છે એ જ સૌથી મોટી હાનિ છે.”

કેટલી સાચી વાત છે! સંબંધોના સુખ જેવું કોઈ સુખ નથી અને સંબંધોના તૂટવા જેવું કોઈ દુઃખ નથી.

બને તો વ્યક્તિએ કોઈની પણ સાથે સંબંધ બાંધવો નહિ, પણ માણસ સંબંધ વિના રહી શકતો નથી. એકાકી વ્યક્તિ વૅક્યૂમમાં જીવતો હોય છે. વૅક્યૂમ માણસને મારી નાખે છે પણ બધાંને ઉત્તમ સંબંધો મળતા નથી. ઉત્તમ સંબંધો મળવા કઠિન હોય છે. મળે તો નિભાવવા કઠિન હોય છે. કોઈની પણ બહુ નજીક ન જવું. ઘણા નજીક ગયા પછી દૂર ફંગોળાવાનું થાય તો તે બહુ દુઃખદાયી થઈ શકે છે. પોતાની પાત્રતાનો વિચાર કરવો. થોડે દૂર રહીને જ સંબંધ બાંધવો, જેને નિભાવવો સરળ થઈ શકે છે. કદાચ તૂટે તોપણ તેનો ઘોર આઘાત નથી લાગતો હોતો. પણ એકદમ સજ્જડ નજીક જવું અને પછી ફેંકાઈ જવું બહુ દુઃખદાયી હોય છે. ફેંકાયા પછી પણ બેવફાઈની નીચી સપાટીએ નથી જતો તે મહાન ખાનદાન માણસ કહેવાય. બાકીના છીછરા કહેવાય. છીછરા માણસો ખૂબ નજીક આવીને ખૂબ દૂર જતા રહે તો તે નિંદકશત્રુ થઈ જતા હોય છે. ફરીથી કદી પણ તેમને નજીક ન લવાય.

ગાડીઓ આગળ લઈ જવા લોકો વલખાં મારે છે. 17586 ફૂટની ઊંચાઈએ અમે જેમતેમ પહોંચ્યા છીએ. આ ચાંગલા ગામ છે. આર્મીના માણસો છે, તબીબી મદદ કરે છે. હવા બહુ જ પાતળી છે. અમારા ડ્રાઇવરને ક્ષત્રિય-રાજપૂતની કશી ખબર નથી. અહીં તેવી જ્ઞાતિઓ જ નથી. અહીં સૌથી ઊંચા પંડિત છે. ડ્રાઇવર પોતાને પંડિત માને છે. અછૂત કોઈ નથી. છેક નીચી ગારો કોમ છે જે ઝાડુ લગાવે છે. અહીં એક ગામ એવું પણ છે જ્યાં 60-70 સ્ત્રીઓ રહે છે અને 10-15 જ પુરુષો રહે છે. આ ગામને સ્ત્રીઓનું ગામ કહેવાય છે. આ સ્ત્રીઓ પુરુષોને ઝંખતી રહે છે. યાદ રહે, સ્ત્રીઓ વિના પુરુષો એકલા રહી શકે છે, પણ પુરુષો વિનાની એકલી સ્ત્રીઓ લાંબો સમય રહી શકતી નથી. ચાણક્યે સ્ત્રીઓના બ્રહ્મચર્યને સ્વીકાર્યું નથી. તેણે કહ્યું છે કે બ્રહ્મચારિણી સ્ત્રી નિસ્તેજ અને સુકાઈ ગયેલી હોય છે. પણ શું થાય? અહીં સ્ત્રીઓનું પ્રમાણ ઘણું વધારે છે. પણ સ્ત્રીઓમાં ક્યાંય છાકટાપણું દેખાતું નથી. હિમાલય કદાચ દેવભૂમિ હોવાથી લોકોમાં સંયમ સહજ રીતે રહેતો હશે.

અહીંનું મુખ્ય પ્રાણી યાક છે. જગ્યા-જગ્યાએ ચરતાં જોઈ શકાય છે. યાકથી ખેતી થાય, સવારી થાય, તેનો આહાર થાય. વૃદ્ધ યાકોને મુસ્લિમો મારી આપે. મરેલા યાકોનું માંસ પણ ખવાય છે. મુસ્લિમો મુડદાલ માંસ નથી ખાતા પણ બૌદ્ધો ખાય છે. તેના ચામડાના તંબૂઓ

સારા બને છે. આ પ્રજા મોટા ભાગે તંબૂઓમાં રહે છે.

આખરે જેમતેમ કરીને અમે પાંગોંગ લેક પહોંચી ગયા. આ પેલું દૂર દેખાય. સૌ નાચી ઊઠ્યા. પણ સરોવરના કિનારે પછી જઈશું. પ્રથમ આ તંબૂમાં બધા ચા-નાસ્તો કરવા માગે છે. આટલી ઊંચાઈએ આટલે દૂર પણ હોટલ છે. ચા-નાસ્તો તેમ જ જમવાનું પણ છે. મેં એક સેવોની મેગી બનાવડાવી. એક મેગીમાં અમે ત્રણ જણાએ નાસ્તો કર્યો. પછી તો દાળ-ભાત અને લીલું શાક પણ મગાવ્યું. તેમાં પણ ત્રણ-ચાર જણા જમ્યા. પેલો વધારે આપતો હતો, પણ અમે જ બસ બસ કરીને થોડા દાળ-ભાત લીધા. બિલ આવ્યું 65/- રૂપિયા. નવાઈ લાગી. અમે તો ધાર્યું હતું કે 200થી 300 રૂપિયા બિલ જરૂર આવશે. કોણ કહે છે કે "જેવું અન્ન તેવું મન થાય છે." જુઓ, બૌદ્ધ કપલ, બન્ને માંસાહારી છે પણ આટલું સસ્તું અહીં આપે છે. દાળ જાડી હતી અને ભાત પણ સારા હતા. બધું સ્વાદિષ્ટ હતું. આપણા લોકો ક્યારે સમજશે કે અમુક ધારણાઓ તદ્દન ખોટી બાંધી બેઠા છીએ. જેને આપણે ધાર્મિક શાહુકારો માની બેઠા છીએ તેમની લુચ્ચાઈનો પાર નથી, આમની આગળ આ લુચ્ચા-શોષણખોરો તદ્દન હલકા અને અવિશ્વસનીય જ કહેવાય. ભલે ને તેમનો આહાર રીંગણાં-બટાટા કે લસણ-ડુંગળી વિનાનો હોય.

અમે બધા પ્રેમથી જમ્યા. બિલ ચૂકવતાં મેં વધારાની સો રૂપિયાની નોટ ભેટ આપી તો બાઈ ભાવવિભોર થઈ ગઈ. તેના ચહેરાની સાત્ત્વિકતા અને તૃપ્તિ આજે પણ દેખાય છે.

અમારા જેવું જ એક બંગાળી ગ્રૂપ આવ્યું. બધાં જમવા બેઠાં. મેં શક્તિસિંહજીનો મોહનથાળ બધાને પ્રસાદ તરીકે આપ્યો. બધાં પ્રસન્ન થયાં. ગુજરાતી, મરાઠી અને બંગાળી લોકો સૌથી વધુ પ્રવાસીઓ હોય છે.

ઉમેશ હોય ને પરાક્રમ ન હોય તેવું બને નહિ. તેમણે એક જુવાન લામાને શોધી કાઢ્યો. આ લામો ક્યારનોય આંટાફેરા કરતો હતો. ઉમેશે તેને પૂછ્યું કે તમે લામા કેમ થઈ ગયા? પેલાએ જવાબ આપ્યો કે, "અહીં બીજું કોઈ કામ જ નથી. હું શું કરું?" "લગ્ન કરવાં છે?" "હા, લગ્ન કરવાની ઇચ્છા તો થાય છે, પણ અમારો સમાજ મને ફેંકી દે." વગેરે વગેરે. આ યુવાન લામા દસ વર્ષની ઉંમરે લામા થયો હતો. હવે તેની યુવાની ખીલી રહી છે, પણ પરાધીન લાચાર છે કે પોતાની ઇચ્છા પ્રમાણેનું જીવન જીવી શકતો નથી. આવાં તો કેટલાંય જીવન હશે જેને બાળદીક્ષા દ્વારા કરમાવી નખાયાં હશે. તેમની દશા "ઉપર બુદ્ધ અને અંદર યુદ્ધ" જેવી છે.

અમે બધા તળાવના કિનારે પહોંચી ગયા. બધાએ નિર્મળ જળમાં ખૂબ આનંદ કર્યો. મારી દૃષ્ટિ એક વૃદ્ધ ડોશી પર પડી. એની પીઠ પર છ મહિનાનું નાનું બાળક બાંધેલું હતું. તે ચૂપચાપ ઊભી હતી. કશું બોલતી કે માગતી ન હતી. તેની નજીક જઈને મેં તેના હાથમાં દસ રૂપિયા મૂકી દીધા. 'ઝુલે'—અહીંના લોકો થેંકયુને મળતો ઝુલે શબ્દ બોલે છે. આપણે કશું બોલતા નથી. તિરુપતિએ પણ દસ રૂપિયા આપ્યાઃ 'ઝુલે'. કૅમેરાનો ઘણો ઉપયોગ કર્યા પછી પાછા પોતપોતાની ગાડીઓમાં બેસવા જતા હતા ત્યાં મારી નજર પેલી વૃદ્ધાને શોધવા લાગી. દૂર...એક ખેતરવા દૂર એક શિલા પર તે એકલી બેઠી હતી. માણસ મોકલીને મેં તેને બોલાવી. બધાને કહ્યું કે આને કાંઈક આપો. સૌએ દસ-દસ રૂપિયા આપ્યાઃ 'ઝુલે'. હું વિચાર કરું છું કે આપણા ભિખારીઓની માફક તે પાછળ કેમ ન પડી ગઈ? 'આપો જ આપો. લાવો જ લાવો' એવું કેમ ન કર્યું અને દૂર જઈને એકલી કેમ બેસી ગઈ? શું આ હિમાલયનો પ્રભાવ હતો કે પછી અહીંની પ્રજાની ખાનદાની હતી? અમને સૌને નવાઈ લાગતી હતી. પેલું બાળક પણ ચુપચાપ પીઠ પાછળ તગતગતી આંખે અમને જોયા કરતું હતું. કેટલું શાંત હતું!

આ સરોવર 130 કિ.મી. લાંબું અને 5-6 કિ.મી. પહોળું છે. તેનો 3/4 ભાગ ચીની કબજામાં છે. 1/4 ભાગ જ આપણી પાસે છે. 1962ના યુદ્ધ પહેલાં અહીં નજીકમાં જ આપણી હવાઈપટ્ટી હતી. કારણ કે ત્યારે રોડ ન હતા. હવાઈ માર્ગે સૈનિકોની અવરજવર થતી હતી. ચીને ત્યારે તોપના ગોળા ફેંકીને હવાઈ પટ્ટી તોડી નાખી હતી. આપણા ઘણા સૈનિકો અહીં મરાયા હતા. આપણી કશી તૈયારી જ ન હતી. પં. નહેરુજી 'હિન્દી-ચીની ભાઈભાઈ'ના નારા જોરજોરથી બોલતા હતા. પછી કહેવા લાગ્યા કે ચીને દગો દીધો. દુશ્મનનું કામ તો દગો દેવાનું હોય જ છે. દુશ્મનને ભાઈ માનવો અને ભાઈને દુશ્મન માનવો તે અયોગ્ય રાજનેતાની સૌથી મોટી નિશાની કહેવાય.

ભારત સરકારે ફરીથી એરપોર્ટનો સુધારો કર્યો નથી, તોપની રેન્જ સુધી નજીક હવાઈ મથક ન બંધાય તેવું તેને સમજાયું હશે. હવે દૂર દૂર હવાઈ મથકો બાંધ્યાં છે. તળાવમાં બતક જેવાં ઘણાં પક્ષીઓ તરી રહ્યાં છે. માણસોને જોઈને કાંઈક ખાવાનું મળશે તેવી આશાએ તરતાં તરતાં નજીક આવી જાય છે.

લેક જોઈને અમે બધા વિદાય થયા. પવન ફૂંકાય છે અને રેતી ઊડે છે. એટલે કાચ બંધ રાખવા પડે છે. તાંગ્સી ગામમાં પહોંચ્યા છીએ. અમારી હોટલમાં અભિનેત્રી કરિના કપૂર અને સૈફઅલી ખાન પણ ઊતર્યાં છે. તે બન્ને અહીં શૂટિંગ કરવા આવ્યાં છે. થોડી ભીડ ભેગી થઈ ગઈ છે. થોડે દૂર ગાડી ઊભી રાખી. અમારા માણસો પણ તેને જોવા ગયા. ડાંખરા તેને ગાંડી કહીને બોલાવે છે. હજી પણ અભિનેતાઓ પ્રત્યે લોકોને ઘેલું આકર્ષણ છે જ. એક સમયે દેશનેતાઓ પ્રત્યે આવું આકર્ષણ હતું તે હવે નથી રહ્યું. અમે ફરીથી વિદાય થયા. લીલોતરીવાળી જગ્યાએ યાકો ચરી રહ્યાં છે. ડ્રાઇવરને તિબેટી ગીતો વગાડવાનું કહ્યું. સારાં લાગ્યાં, ભલે સમજણ ન પડતી હોય. સંગીતની ત્રણ કક્ષાઓ છે. 1. શબ્દ, 2. સ્વર અને 3. સૂર. શબ્દનો સંબંધ અર્થથી છે. કદાચ શબ્દ કે અર્થ ન સમજાય તોપણ સ્વર અને સૂરનો તો આનંદ લઈ જ શકાય છે.

લોકોને નવાઈ લાગે તેવી વાત છે કે આ લોકો ભલે માંસાહારી હોય પણ માછલી નથી ખાતા. માછલી પકડવા પર પ્રતિબંધ છે. આ લોકો માછલીને પવિત્ર માને છે. બૌદ્ધો જ્યારે ભૂંડને મારતા કે ખાતા હોય ત્યારે મુસ્લિમો ચિઢાય છે અને ગાળો આપે છે. ફરીથી પાછા ચેમલા પહોંચ્યા છીએ. 17500 ફૂટની ઊંચાઈ છે. સવારે બરફ જામેલો હતો તેથી રોડ સપાટ લાગતો હતો. હવે બરફ ધોવાઈ ગયો હોવાથી નીચેના ખાડા છતા થઈ ગયા છે તેથી ગાડીનો ખડખડાટ થયા કરે છે. ગઈ કાલે અહીંથી એક ટ્રક નીચે ખીણમાં પડી ગઈ હતી. લોકો તેને જુએ છે પણ દેખાતી નથી. ડ્રાઇવરનું કહેવું છે કે જે વાહન નીચે પડ્યું તે ગયું. તેને જોવા કોઈ નીચે જતું નથી. બહુ દુર્ગમ છે. ફરી પાછા શક્તિ અને કારુ ગામો આવ્યાં. સેના જ સેના દેખાય છે. હજી તબિયત બરાબર થઈ નથી. ડાયેરિયાની અસર ચાલુ છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' સમજાય છે. આત્માની શક્તિ કશી અનુભવાતી નથી.

30-6-09

*

# 8. ખારદોંગલા-શાન્તિસ્તૂપ

આજે તા.18-6-2009 છે. સવારે ચા-નાસ્તો કર્યો. હજી અશક્તિ તો છે જ. હોટલ માલિક અશરફ ખાન મારી ઘણી કાળજી રાખે છે. અહીં ચારે તરફ યુ.પી., બિહાર, ઝારખંડ તરફના માણસો મજૂરીકામ કરતા જોવા મળે છે. આતંકવાદીઓ કોઈ કોઈ વાર તેમને નિશાન બનાવે છે. જોકે લદ્દાખમાં આતંકવાદ આવ્યો નથી પણ જમ્મુ-કાશ્મીરમાં હાહાકાર મચાવે છે. કોઈ ઉકેલ દેખાતો નથી. અમે પર્વતો ચઢી રહ્યા છીએ. સૂકા પણ બરફથી આચ્છાદિત પર્વતો બહુ રમ્ય દેખાય છે. બધો ટ્રાફિક રોકી દેવાયો છે. પુષ્કળ પ્રવાસીઓ છે. સુરતનું એક ફેમિલી આવી ગયું. બધાંને આનંદ થયો. એક વૃદ્ધ લામાને 50 રૂપિયા આપ્યા. બીજા વૃદ્ધ લામાને તો ઘણો આગ્રહ કર્યો ત્યારે માંડ લીધા. આ લામાઓ કોઈની પાસે કશું માગતા નથી. તે પોતાને ગામ જઈ રહ્યા છે. મારી પાસે પ્રસાદનો ભંડાર છે. બધા ટ્રાફિકને પ્રસાદ આપવાનું શક્તિસિંહને કહ્યું. છેક આ છેડેથી પેલા છેડા સુધી સૌને પ્રસાદ ગમ્યો. અંદર ગોરા માણસો પણ છે. એક બ્રાઝીલનો હટ્ટોકટ્ટો ઊંચો યુવાન સૌનું ધ્યાન ખેંચે છે. શારીરિક આકર્ષણ પણ નોંધપાત્ર હોય છે. બે કલાક વીતી ગયા છે. આગળ પુષ્કળ બરફ ધસી પડ્યો છે. જે.સી.બી.ઓ તેને હટાવવાનું કામ કરે છે. બપોરના બે વાગશે તેવું પોલીસ કહે છે. હવે શું કરવું? ઉમેશને સૂઝયું ગરબા ગાવ. બધા ટોળે વળીને ગરબા ગાવા લાગ્યા. ઉમેશના નાજુક બદનના વળાંકો જોઈને ભલભલા જોતા જ રહી જાય છે. તેના શમશાદ બેગમ જેવા તીણા મીઠા કંઠને તો કહેવું જ શું? પેલો બ્રાઝીલીઅન પણ સૌની સાથે ગરબા રમે છે. આ લોકો બહુ જલદી ભળી જાય છે. અતડા રહેતા નથી. ઉમેશ અને અજિતે પાંચ ગરબા ગવડાવ્યા. અમારે ખાડોંગલા 18380 ફૂટની ઊંચાઈએ જવાનું છે. પણ ત્રણ કલાક પછી પણ રસ્તો ન ખૂલવાથી પાછા ફરવાનું નક્કી કર્યું. પણ પાછા ફરવાની જગ્યા ક્યાં છે? ત્રણ કિલોમીટર સુધી વાહનો જ વાહનો છે. આ વખતે અજિત અને તબિયતે ભારે કામ કર્યું. તેણે વાહનોને આઘાંપાછાં કરાવીને રસ્તો કઢાવ્યો. અંતે અમે બહાર નીકળ્યા. ખારદોંગલા માત્ર દસ જ કિ.મી. દૂર હતું પણ ન જઈ શક્યા તેનો વસવસો રહ્યો. પણ ઉમેશ ખારદોંગલા જઈ આવ્યો.

ગઈ કાલે લેહમાં શાન્તિ સ્તૂપ જોવાનો રહી ગયો હતો તે જોવા ગયા. એક જ દિવસમાં ડામર રોડ બનાવી દીધો છે. નીચે ગાડી પાર્ક કરીને અમે ચઢાણ ચઢી રહ્યા છીએ. હું હંમેશાં મારી પાસે ગ્લીસરિન સ્પ્રે રાખું છું. આ પ્રવાસમાં આ સ્પ્રેની બૉટલ મારા થેલામાં રાખતો હતો અને થેલો શક્તિસિંહ ઉપાડતા હતા. આજે સવારે મને થયું કે ઓચિંતાનો કોઈને એટેક આવે અને શક્તિસિંહ દૂર હોય તો સ્પ્રેનો ઉપયોગ કરી શકાય નહીં. તેના કરતાં મારા ગજવામાં રાખું તો તરત જ ઉપયોગ કરી શકાય. આ દૃષ્ટિએ આજે મેં સ્પ્રે મારા ગજવામાં રાખ્યો છે. ચઢતાં-ચઢતાં ફરી પાછો વિચાર આવ્યો કે માનો કે મને કે બીજા કોઈને એટેક આવે પણ સ્પ્રે મારી પાસે છે તેવી કોઈને ખબર ન હોય કે ઉપયોગ ન આવડતો હોય તો? મેં ચાલતાં ચાલતાં ડો. ડાંખરાને સ્પ્રે બતાવ્યો. અને ઉપયોગ સમજાવ્યો. અમે બધા શાંતિ સ્તૂપ પહોંચી ગયા છીએ. હજી મુખ્યસ્તૂપનાં પગથિયાં ચઢવાનાં બાકી છે. પણ શ્વાસ ઉતારવા બધા સામેના ચોકમાં બેઠા છીએ. હું હૃદયની પ્રક્રિયા સમજાવી રહ્યો છું. તલ્લીન થઈને પ્રવાસીઓ સાંભળી રહ્યા છે. એવામાં ભગવાનદાસે કહ્યું કે મને હૃદયમાં બહુ દુઃખે છે. તરત જ તેમને ત્યાં જ સુવાડી દીધા. થોડી જ વારમાં તેમની આંખો ઠરડાઈ જવા લાગી. મેં તરત જ સ્પ્રે કાઢીને ડો. ડાંખરાને મોઢામાં સ્પ્રે કરવા જણાવ્યું. પહેલાં જગડુશાને સ્પ્રે કર્યો. પછી તરત જ ભગવાનદાસને સ્પ્રે કર્યો. તરત જ રાહત થઈ. અમે ઑક્સિજનની બૉટલો પણ સાથે રાખીએ છીએ. સ્તૂપનો ચોકીદાર પરિસ્થિતિની ગંભીરતા સમજી ગયો. તરત જ નીચે ઊભેલા અમારા વાહનને ઉપર લઈ આવ્યો. ડૉક્ટરે બૉટલોમાંથી ઑક્સિજન મોઢામાં નાખવા માંડ્યો. બન્ને બૉટલો ચઢાવી દીધી. હવે ભગવાનદાસ ઠીક થઈ ગયા. મૃત્યુનો સમય નિશ્ચિત નથી હોતો. જો યોગ્ય સારવાર મળે તો તેને ટાળી શકાય છે. જો સ્પ્રે અને ઑક્સિજન ન મળ્યા હોત તો કદાચ ભગવાનદાસ...

ભગવાનદાસને ગાડીમાં સુવાડીને નીચે લેહ હૉસ્પિટલ મોકલી દીધા. હવે શું કરવું? આગળનો પ્રવાસ ચાલુ રાખવો કે પછી તેમને લેહથી વિમાન દ્વારા ગુજરાત મોકલી દેવા? શ્રી ઝીણાભાઈ ભરવાડને પૂછ્યું તો કહે કે ચિંતા ન કરશો. પ્રવાસ ચાલુ રખાવો. શ્રી ઝીણાભાઈ ભગવાનદાસના પિતા થાય છે.

અમે બધા સ્તૂપ ઉપર ગયા. ભગવાન બુદ્ધની ભવ્ય પ્રતિમાનાં દર્શન કર્યાં. 1985માં જાપાન દ્વારા આ ભવ્ય સ્તૂપનું નિર્માણ કરાયું છે. એટલે સ્થાનિક લોકો તેને જાપાની ગોમ્પા પણ કહે છે. વિશ્વશાંતિ માટે નિર્માણ થયું હોવાથી તેને 'શાંતિ સ્તૂપ' કહે છે. સ્વચ્છતા સારી છે.

ધામિર્ક સ્થાપત્યો વર્ષો સુધી લોકોને પ્રેરણા આપે છે. અહીં ક્યાંય કોઈ ટિકિટ નથી કે કોઈ પૈસાની માગણી નથી. શાંતિ એટલે શાંતિ. આપોઆપ પલાંઠી વાળીને બેસી જવાનું મન થઈ જાય. શાંતિ સ્તૂપ જોઈને પાછા નીચે ઊતર્યા. લોકોનું કહેવું હતું કે સારું થયું આપણે ખારદોંગલા ન ગયા. કદાચ ત્યાં એટેક આવ્યો હોત તો? ભગવાન જે કરે તે ભલા માટે. હોટલે આવી ગયા.

હૉસ્પિટલનો અનુભવ સારો ન રહ્યો. ડો. ઇકબાલ અને જગડુશા વચ્ચે ટપાટપી થઈ. પેલો કેસ જ હાથમાં ન લે. “જે કરવું હોય તે કરી લો.” એવી ધમકી આપી. ડાંખરા વચ્ચે પડ્યા અને ઠંડા પાડ્યા. ભગવાનદાસ ઠીક થઈ ગયા હતા. તેમને હોટલ પર લઈ આવ્યા. બધાને શાંતિ થઈ.

સાંજ પડી ગઈ છે. આજે હોટલમાં જ સાંસ્કૃતિક કાર્યક્રમ છે. પ્રત્યેક પ્રજાની પોતપોતાની સંસ્કૃતિ હોય છે. સંસ્કૃતિ જીવનનાં મૂલ્યો આપતી હોય છે. અમે સૌ બેસી ગયા છીએ. કોઈ લાઉડસ્પીકર નથી. માત્ર બે જણા શરણાઈ જેવું વાજિંત્ર અને બે જણા બબ્બે નાનાં નગારાં લઈને વગાડે છે. સંગીત મધુર લાગે છે. પહેલાં ચાર પુરુષો તિબેટી પોશાક પહેરીને આવ્યા અને ધીરે ધીરે નૃત્ય કરવા લાગ્યા. પછી ચાર મહિલાઓ આવી. તેમણે પણ ધીમી ગતિનું નૃત્ય રજૂ કર્યું. પછી બધાં ભેળાં આવ્યાં. ગીતોની ભાષા સમજાતી ન હતી પણ સંગીત મીઠું હતું. ખાસ કરીને, મહિલાઓ જ્યારે ગાતી હોય ત્યારે એક જ ગાતી હોય તેવું લાગ્યું. તીણા અવાજથી લાંબી હલકે ગીત ગવાતાં હતાં. પછી તો એક પછી એક એમ સાત ગીતો રજૂ થયાં. બધાંના પોશાક લદ્દાખી હતા અને મર્યાદાભર્યા હતા. ક્યાંય કશું વલ્ગર ન હતું. પુરુષોએ ઝારીનૃત્ય રજૂ કર્યું. ઝારીમાંથી ટીપું પણ પાણી નીચે ન પડે. બધું વ્યવસ્થિત લાગ્યું. પ્રત્યેક નૃત્ય વખતે પોશાક બદલાઈ જતો. છેલ્લે જ્યારે બધાં મળીને આવ્યાં ત્યારે તો એવું લાગ્યું કે જાણે કાઠિયાવાડના રાજા-મહારાજાઓની મહારાણીઓ આવી હોય તેવું લાગતું હતું. દોઢેક કલાક કાર્યક્રમ ચાલ્યો. બધા કલાકારોની કદર કરી.

પાનખર ઋતુ વીતી ગઈ છે અને હવે વસંત ઋતુ આવી છે. બધાં પક્ષીઓ પાછાં ફર્યાં છે અને પક્ષીઓને ગ્રામીણ લોકો આવકારે છે, તેનું એક સુંદર ગીત હતું. છેલ્લા ગીતમાં અમારા સૌનું વિદાયગીત હતું. બહુ જ પ્રભાવશાળી ભાષામાં અમારા માટે શુભ કામના કરવામાં આવી. અમારી સાથે શ્રી ત્રિવેદી સાહેબ છે. તેમને ઊંડી સમજણ છે. તે બધાને બધું સમજાવે છે. એક નૃત્ય ઢોરો ચરાવતી વખતે ગોવાળો જે ગાય છે તેનું ગીત હતું. એક નૃત્ય ઉનાળામાં પોતાના પડાવ ઉપર પાછા ફરે તેની ખુશીનું હતું. આમ જુદાં જુદાં નૃત્યો પ્રભાવશાળી રહ્યાં. છેલ્લે સૌ દર્શકોએ પણ નૃત્ય કર્યું.

અમારા પ્રવાસીઓએ પોતાની પ્રતિક્રિયાઓ આપી. લેહમાં આ અમારી છેલ્લી રાત્રી છે. બધા ડ્રાઇવરોને, બધા હોટલ કર્મચારીઓને, ગાઇડને સૌને સંઘ તરફથી અને મારા તરફથી ભેટો અપાઈ. સૌ ખુશ થયા. શ્રી અશરફખાન બહુ ભાવવિભોર હતા. તેઓ મારે માટે એક કલાત્મક ભેટ લઈ આવ્યા હતા તે મેં સ્વીકાર કરી. મુસ્લિમ હોવા છતાં તેમણે મને બૌદ્ધ ધર્મના કોઈ પ્રતીકની ભેટ આપી તે તેમની વિશાળતા બતાવે છે. મધુરેણ સમાપયેત્.

30-6-09

*

# 9. કારગિલ તરફ

આજે તા. 19-6-09 છે. સવારના છ વાગ્યા છે. ચા-પાણી કરીને બધા તૈયાર થઈ ગયા છે. અમારે સાંજ સુધીમાં કારગિલ પહોંચવાનું છે. રસ્તો વિકટ છે. ડાંખરાનું કહેવું છે કે અહીં મોટી સરકારી હૉસ્પિટલ છે. ખાનગી કોઈ નથી. મેં સુરતથી કોઈ ડૉક્ટરને અહીં મોકલવાનું સજેશન કર્યું. ડાંખરાનું કથન છે કે સુરતમાં ઘણા ડૉક્ટરો માખીઓ મારે છે. અશરફ ખાનની ભાવભરી વિદાય લઈને અમે બધા વિદાય થયા. ચાર દિવસથી અમારી મિનિ બસ અને ડ્રાઇવર વગેરે આરામ કરતાં હતાં તે તૈયાર છે. નાની ક્વોલિસોના ત્રણ ડ્રાઇવરોને બક્ષિસ આપી દીધી છે. પણ ચોથો મળ્યા વિના જ જતો રહ્યો હોવાથી તેના 500/- રૂપિયા તથા ગાઇડના સો રૂપિયા અશરફ ખાનને આપી દીધા. તે બોલાવીને આપી દેશે. સેવા કરનારને નિરાશ ન કરવો. સૌને કાંઈ ને કાંઈ આપતા જ રહેવું.

લ્યો જુઓ. આ લેહનું હવાઈ મથક છે. દિલ્હીથી અહીં વિમાનો આવે છે. ચંડીગઢથી પણ આવે છે. ચંડીગઢમાંથી કારગો વિમાનો પર્વતીય ચોકીઓ ઉપર રશદ પહોંચાડે છે. એક દરવાજા ઉપર મોટા અક્ષરોએ લખ્યું છે કે “શસ્ત્રસે શક્તિ.” વાત સાચી છે. હું શસ્ત્રપ્રચારક છું. શસ્ત્રનિવારક નથી. મારી ઇચ્છા છે કે પ્રત્યેક ભારતીય શસ્ત્રધારી બને. ગાંધીજીએ ‘હિન્દ સ્વરાજ’માં લખ્યું છે કે ‘જેને વેર નહિ તેને તલવાર નહિ’. આ વાત સાચી નથી. હિન્દી-ચીની ભાઈ-ભાઈ કહેતા હતા તેમ છતાં ચીને હુમલો કર્યો અને ઘણુંબધું પડાવી લીધું છે. એ પૂરતાં શસ્ત્રો સાથે પૂરતા સૈનિકો ગોઠવાયા હોત તો એક ઇંચ જમીન પણ ન લઈ શકત. ભ્રમદર્શન પ્રજાને મારી નાખતું હોય છે. દુશ્મનની તલવાર કરતાં પણ આ ભ્રમદર્શન વધુ ઘાતક નીવડતું હોય છે. સદીઓથી ભારત ભ્રમદર્શનથી પીડાતો દેશ છે.

સુરતની બળાત્કારી ઘટનાની ચર્ચા ચાલ્યા કરે છે. ત્રણ મુસ્લિમ છોકરાઓએ બિન્ધાસ્ત રીતે એક હિન્દુ કુમારિકાનું અપહરણ કરી બળાત્કાર કર્યો અને વીડિયો ઉતાર્યો. આ વીડિયો તેઓ વેચે છે એટલે આ સાતમો બળાત્કાર છે તેવું બહાર આવ્યું છે. મારી સમજણ પ્રમાણે બળાત્કારની ત્રણ કક્ષાઓ કરવી જોઈએ: 1. કામલોલુપ થઈને કોઈ કોઈના પર બળાત્કાર કરી બેસે તે. 2. ગેંગ બનાવીને કોઈ બળાત્કાર કરે તે અને 3. યોજનાપૂર્વક કોમર્શિયલ હેતુ માટે કોઈ ગેંગ કોઈ છોકરીને ફસાવીને બળાત્કાર કરે તે. આ ત્રણેને એક સમાન ન સમજાય. કામાંધ વ્યક્તિ કાંઈ કરી બેસે તો તે બહુ કઠોર દંડને લાયક ન ગણાય. તેને દંડ જરૂર દેવો જોઈએ. પણ બહુ કઠોર નહિ. પણ જે ગેંગ બનાવીને કોઈ છોકરીને ચૂંથી નાખે, તેમાં પણ તે જો નાબાલિગ હોય તો તે બધા અપરાધીઓનાં લિંગ જ કાપી નાખવાં જોઈએ, જેથી જીવનભર યાદ કરે. આવો દંડ ઘણા મુસ્લિમ દેશોમાં આજે પણ પ્રચલિત છે. પણ જે કોમર્શિયલ હેતુ માટે યોજનાપૂર્વક છોકરીઓને ફસાવી વીડિયો ઉતારે અને પછી બ્લૅકમેઇલ કરે તેવા અપરાધીઓને જીવતા રહેવાનો કોઈ અધિકાર ન હોવો જોઈએ. તેમને નગરના ચોકમાં સૌની સામે એવી રીતે ફાંસી આપવી જોઈએ કે જોનારા કાંપી ઊઠે. આ અસહ્ય અપરાધ કહેવાય. તેને કદી પણ હળવાશથી લેવાય નહિ. માનવહક્કપંચવાળા આડા આવે તો તેમને પણ યોગ્ય સબક ભણાવવો જોઈએ. આ અપરાધ હત્યા કરતાં પણ અનેક ગણો વધુ ભયંકર માનવો જોઈએ. આવા અપરાધીઓને જામીન ન હોય, પેરોલ પણ ન હોય.

સ્ત્રીઓએ પણ સમજવું જોઈએ કે તેમણે રક્ષિત જીવન જીવવાનું હોય છે. ભલે લોકો ગમે તેમ બોલે કે સ્ત્રી પુરુષ બરાબર જ છે. આ વાત કુદરતી રીતે સાચી નથી. ગમે તેવી સ્ત્રીને ગુંડાઓ ગમે ત્યારે ચૂંથી નાખી શકે છે. ચૂંથાયેલી સ્ત્રી નિર્દોષ હોય તોપણ કોડીની થઈ જતી હોય છે. તેથી કેટલાક અપરાધો તો સ્ત્રીઓ કે તેના પરિવાર તરફથી દબાવી દેવાતા હોય છે. સ્ત્રીને બ્લૅકમેઇલ કરીને લાંબો સમય શોષણ કરી શકાય છે. એટલે સ્ત્રીએ મર્યાદામાં રહેવું જોઈએ. એકલદોકલ ગમે ત્યારે ગમે ત્યાં રખડવું ન જોઈએ. પુરુષરક્ષિત સ્ત્રી વધુ સલામત રહી શકે છે.

મેં સુરતના ભાઈઓને સલાહ આપી કે પોલીસ તથા વકીલોની સલાહ લઈને પ્રત્યેક યુવતીને એક એવો સ્પ્રે આપવો જે ગમે તેવા ગુંડાને અડધો કલાક આંધળો બનાવી બેભાન બનાવી શકે છે. અમેરિકામાં એકલદોકલ નોકરી-ધંધો કરનારી સ્ત્રીઓ આવો સ્પ્રે રાખે છે. માત્ર 20-30 ગ્રામની નાની સ્ટીક ગમે તેવા ગુંડાથી પણ રક્ષણ કરી શકે છે. આવનારા સમયમાં આવી સ્ટીકોનો વધુમાં વધુ પ્રયોગ જરૂરી થશે. કોઈ બાળકનું કિડનેપ કરે અને જો બાળકને તાલીમ આપી હોય તો આવી સ્ટીકથી તે ગુંડાને હંફાવી શકે છે. જે તે કાર્યકર્તાઓ વિચારે અને છોકરીઓની રક્ષા કરવા પ્રત્યેક હાઈસ્કૂલ-કૉલેજોમાં આ સ્ટીકનું વિતરણ તથા શિક્ષણ આપે. ‘વીરતા પરમો ધર્મ.’ પંજાબમાં નિહંગ

સ્ત્રીઓ કમ્મરે કટાર લટકાવે છે તેમ ગુજરાતમાં પણ લટકતી કટારવાળી સ્ત્રીઓ જોવા મળે. 'શસ્ત્રસે શક્તિ' એ માત્ર સેના માટે જ નથી, આપણા સૌના માટે પણ છે જ. મારે દુઃખ સાથે કહેવું જોઈએ કે હજી આજે પણ આપણી સેના ચીનની તુલનામાં શસ્ત્રોની બાબતમાં ઘણી પાછળ છે. પાકિસ્તાનને એકલું કરીને ન મૂલવવું જોઈએ. પાકિસ્તાનને મિત્રો છે. આપણને નથી. આપણે બધો સરવાળો કરીને હિસાબ ગણવો જોઈએ.

સેનાની પરેડ ચાલી રહી છે. પર્વતાળ પ્રદેશ હોવાથી અને હવા ઓછી હોવાથી અહીં પરેડ વધુ કઠિન હોય છે. સૈનિક અને અશ્વને કદી નવરો ન રખાય. શાંતિકાળમાં પણ તેની પાસેથી પૂરેપૂરું કામ લેવું જોઈએ. અમે સિંધુ નદીના કિનારે કિનારે સડસડાટ ચાલી રહ્યા છીએ. રસ્તો સારો છે. હવે પર્વતો આવ્યા છે. ચઢાઈ શરૂ થઈ છે. એક મોટું ગામ આવ્યું છે. કેટલાક ગોરા પ્રવાસીઓ બસની રાહ જોઈને ઊભા છે. તેમણે હાથથી પ્રાર્થના કરી પણ બસ ન ઊભી રહી. જમ્મુ-કાશ્મીરમાં ગોરાઓને કિડનેપ કરે છે. આતંકવાદીઓનો ભારે ડર છે તોપણ આ લોકો પ્રવાસ કરે છે. ફરી પાછો સેનાનો કૅમ્પ આવ્યો. અમે બસ ઊભી રાખી. લીલી શાકભાજી લીધી. સલાડ તરીકે મૂળા-કોબી વગેરે બધાંએ ખાધું. બહુ મીઠાં લાગ્યાં. સામે જ એક મોચી ભાઈ બૂટપોલિશ વગેરે કરી રહ્યો છે. મેં એક ખારી શીંગનું પડીકું મોકલ્યું. આભાર સાથે તેણે સ્વીકાર કર્યું. ગામનું નામ ખાલસી છે. અમે વિદાય થયા. ચઢાઈ વિકટ છે. સામેથી સેનાની મોટી મોટી ઘણી ગાડીઓ આવી. તેને જગ્યા આપવા અમારી બસ પાછી પડી. માત્ર એક જ ફૂટ બાકી રહી અને લોકો ચીસ પાડી ઊઠ્યા. ડ્રાઇવરે બ્રેક મારી. મૃત્યુનો ભય બધાને લાગે છે. લાગવો જ જોઈએ. બચવાની સાવધાની રહેવી જ જોઈએ. નિર્ભયતાનો અર્થ આંધળૂકિયાં કરીને અનાડીપણું કરવાનો નથી. રોડ બહુ જ સાંકડો અને ઊંચો છે. થોડા દિવસ પહેલાં જ એક ટૅન્કર ઊંડી ખીણમાં પડી ગયું છે. કશો પત્તો નથી. અમારી બસ એક તરફ દબાઈને ઊભી રહી અને સેનાનાં 70 ભારે વાહનો પસાર થયાં. તે પછી અમે આગળ ચાલ્યા. રસ્તો પહોળો કરવા પથ્થરો કાપી રહ્યા છે. ટ્રાફિક જામ થઈ ગયો. એકાદ કલાક ઊભું રહેવું પડ્યું. મેં નીચે ઊતરીને બધાને પ્રસાદ વહેંચ્યો. ઝુલે... ઝુલે... બોલી રહ્યા છે. શક્તિસિંહનો ટોપરાપાક ખરો કામમાં આવ્યો. એક ગોરું કપલ પોતપોતાનો ભાર ઊંચકીને પગપાળા પ્રવાસ કરે છે. કશો જ ડર લાગતો નથી. રોડ બનાવવાનું કાર્ય યુ.પી.—બિહાર તરફના માણસો કરી રહ્યા છે. હજારોની સંખ્યામાં મજૂરો છે.

રસ્તામાં એક બૌદ્ધ મંદિરમાં અમારી રસોડાવાળી જીપ પહોંચી ગઈ છે. પૂરી-શાક બનાવ્યાં. સૌ પ્રેમથી જમ્યા. હજી બૌદ્ધ એરિયા ચાલે છે. મુસ્લિમ એરિયા શરૂ થયો નથી. બુદ્ધમંદિર ખોલાવીને બુદ્ધ ભગવાન તથા તારાદેવીનાં દર્શન કર્યાં. અહીં બે-ત્રણ વર્ષે દલાઈ લામા આવે છે. તેમને ઊતરવાના ઓરડા જોયા. બધું ભવ્ય હતું. આ ગામનું નામ છે 'બુદ્ધખારગો'. ફરી પાછી બસ ચાલુ થઈ. અમારે કારગિલ પહોંચવાનું છે.

હવે મુસ્લિમ એરિયા શરૂ થયો છે. સ્ત્રીઓ માથું ઢાંકીને ફરતી દેખાય છે. નાની નાની કન્યાઓ પણ માથું ઢાંકીને સ્કૂલે જતી-આવતી દેખાય છે. મસ્જિદ દેખાય છે અને બૌદ્ધમંદિર પણ દેખાય છે.

એક જગ્યાએ પહાડમાં કોતરેલી મૈત્રેયબુદ્ધની આકૃતિ જોઈ. હવે સૂકા પહાડો પૂરા થયા છે. હરિયાળી શરૂ થઈ છે. હવે તો બધી વસ્તી મુસ્લિમોની જ છે. હા, પહેલાં આમના પૂર્વજો બધા બૌદ્ધ હતા. ઇસ્લામની આંધી આગળ તે ટકી શક્યા નહિ. પૂરી જીવનપદ્ધતિ જ બદલાઈ ગઈ. કારણ કે ધર્મ જીવનવ્યવસ્થા આપે છે. ક્યાંક ક્યાંક બુરખો પહેરેલી સ્ત્રીઓ દેખાવા માંડી છે. હવે રોડ પર કામ કરનારા બિહારીઓની જગ્યાએ દાઢીવાળા મુસ્લિમો વધારે દેખાય છે. મુસ્લિમો ધર્મપ્રધાન જીવન જીવનારી પ્રજા છે. અર્થપ્રધાનતા નથી. ગરીબમાં ગરીબ રહીને પણ તે ધર્મને વળગી રહે છે. તેને પોતાના ધર્મ પ્રત્યે ફરિયાદ નથી તેથી ધર્મક્રાન્તિ નથી. પ્રજા જ્યારે અર્થપ્રધાન જીવન જીવતી થાય ત્યારે અસંતોષ થાય. ત્યારે જ ક્રાંતિ થાય. મુસ્લિમોમાં ધર્મક્રાંતિ શક્ય નથી, કારણ કે અસંતોષ નથી.

અંતે અમારી બસ કારગિલ પહોંચી ગઈ. છેક નીચે તળેટીમાં વસેલું આ નગર માત્ર અઢી હજારની વસ્તી જ ધરાવે છે.

નદીના કિનારે આવેલી એક હોટલમાં અમે ઉતારો કર્યો. મૅનેજરનું નામ લોકનાથ શર્મા છે. તે અને તેમનો ભત્રીજો અંકિત શર્મા હોટલ ચલાવે છે. હોટલ મોટી અને સારી છે. હજી સૂર્યાસ્ત થવાને ઘણી વાર છે. હોટલના માલિક હાજી રંગીતઅલી લોબીમાં બેઠા છે. વૃદ્ધ પુરુષ, પ્રભાવશાળી વ્યક્તિત્વ અને ઉદાર વિચારો. રંગીતઅલી શિયા છે. શિયાઓ ભારત તરફી છે. પાકિસ્તાનનું નામ પણ તેમને ગમતું નથી. તેમની સાથે થયેલી વાતોનો સાર આવો છેઃ

અહીં આજ સુધી કદી હડતાલ પડી નથી, આંદોલન થયું નથી. એક પણ ગોળી ચાલી નથી. સૌ શાંતિથી રહે છે.

હોટલને અડીને જ નદી વહે છે. તેને અડીને પર્વતો છે. ઊંચા-ઊંચા પર્વતોનાં શિખરો પરથી પાકિસ્તાન શરૂ થાય છે. 1971 પહેલાં તેમની ચોકી પરથી આ રોડ પર ચાલનારી ગાડીઓના નંબર પણ તે નોંધી શકતા હતા. તેઓ અવારનવાર ગોળીબાર કરીને અમને તથા આર્મીને હેરાન કરતા હતા. છેવટે થાકીને એક રાત્રે આપણા જવાનો અંધારામાં ચૂપચાપ પર્વત પર ચઢી ગયા અને પાકિસ્તાની ચોકીમાં સૂતેલા સૈનિકોને ઉડાવી દીધા. તે દિવસથી હવે તેમની સીમા સાતથી દસ કિલોમીટર દૂર થઈ ગઈ છે. હવે શાંતિ છે. "શાંતિ પ્રવચનોથી કે યોગ કરવાથી નથી આવતી. પ્રશ્નો ઉકેલવાથી શાંતિ આવે છે."

લડાઈ વખતે આ આખું ગામ ખાલી કરાવ્યું હતું. અમને 25-30 કિ.મી. પાછળ લઈ ગયા હતા. કારણ કે અહીં બરાબર બોમ્બ પડતા હતા. અહીં હિન્દુ-મુસ્લિમ-બૌદ્ધ વગેરે બધા હળીમળીને એકતાથી રહે છે. આર્મીવાળા અમારી ઘણી કાળજી રાખે છે. વારંવાર પૂછવા આવે છે કે કોઈ તકલીફ તો નથી ને.

હાજી રંગીતઅલી કાશ્મીરના મુસ્લિમોને પસંદ કરતા નથી. તેમનું કથન છે કે આ લોકો કાયમ હડતાળો પાડ્યા કરે છે. શાંતિ થવા જ નથી દેતા. 1955માં પહેલગામથી ચંદનવાડી સુધીનો રોડ રંગીતઅલીએ બનાવ્યો છે. તે બે વાર હજ કરી આવ્યા છે. મોટો દીકરો પણ હજ કરી આવ્યો છે. એક છોકરી દિલ્હીમાં સારી નોકરી કરે છે. બીજો અહીં વીજળી ખાતામાં સારી નોકરી કરે છે. ઘણી મિલકત છે અને સુખી છે. શ્રી રંગીતઅલીનું કહેવું છે કે ભારતમાં લોકશાહી વધુ પડતી છે. લોકોને તોડફોડ કરવાની પણ છૂટ છે. આટલી બધી 'ઓવર' ડેમોક્રેસી ન હોવી જોઈએ. તેમની વાત સાચી લાગી. તેમનું કથન છે કે કાશ્મીરીઓ હડતાળો પાડે તેના કારણે અમારો ધંધો બંધ પડી જાય છે. અહીં માત્ર ત્રણ મહિનાનો જ ધંધો છે. બાકીના નવ મહિના તો બરફ જ બરફ હોય છે. કાશ્મીરીઓ અમારો ધંધો ચોપટ કરી નાખે છે. રંગીતઅલીના નામ આગળ 'હાજી' બોલવું જરૂરી છે. લોકનાથ વારંવાર હાજી બોલે છે. તેમના પોતાના માલિક પ્રત્યે ખૂબ અહોભાવ અને વફાદારી છે. અમારામાંથી જે લોકો કારગિલ ગામમાં જઈ આવ્યા તેમણે કહ્યું કે ગામ નાનું છે પણ સ્વચ્છતા બરાબર નથી. આ પ્રશ્ન તો સૌનો છે. મુસ્લિમોનો તો ખાસ વધારે, પૂરા ભારતમાં.

સાંજે દાળઢોકળી જમીને સૌ સૂઈ ગયા.

1-7-09

*

# 10. કારગિલ

આજે તા. 20-6-09 છે. હોટલ એજિલામાં સવારે નહાયા-ધોયા, ચા-નાસ્તો કર્યો. સૌને બક્ષિસ આપી. હવે શ્રીનગર જવા વિદાય થઈ રહ્યા છીએ. લેહથી શ્રીનગર જતાં માત્ર રાત્રિરોકાણ કરવા માટે જ લોકો કારગિલમાં રોકાય છે. બીજું કશું મહત્ત્વ નથી. પણ કારગિલયુદ્ધ પછી તેનું ઐતિહાસિક મહત્ત્વ વધી ગયું છે. અમારે પણ કારગિલયુદ્ધનાં પર્વતશિખરો જોવાં છે. ખરેખર તો ખરું યુદ્ધ કારગિલથી શ્રીનગર તરફ દ્રાસક્ષેત્રમાં થયું હતું, પણ જિલ્લો કારગિલ હોવાથી યુદ્ધનું નામ કારગિલ પડ્યું છે.

ફરી પાછા સિંધુ નદીના કિનારે-કિનારે અમે વિદાય થયા. અહીં કારગિલમાં દારૂ વેચાતો નથી. શિયા લોકો દારૂના સખત વિરોધી હોવાથી પૂરી શિયાપટ્ટીમાં દારૂબંધી છે. અહીંની મોસમ એવી છે કે પ્રતિવર્ષ મકાનોને નવો કલર કરવો પડે છે. કલર જૂનો થઈને નીકળી જાય છે. અહીંના શિયાઓ પોતાને કાશ્મીરી માનતા નથી પણ કારગિલી માને છે. તેઓ કાશ્મીરીઓને પસંદ કરતા નથી. કાશ્મીરીઓને નોકરીએ રાખવા કરતાં હિન્દુઓને નોકરીમાં રાખવાનું પસંદ કરે છે. અહીં હોટલનો રસોયો ભંડારી કરીને નેપાળી છે. નેપાળમાં રાજાશાહી ચાલી જવાનું તેને દુઃખ છે. તેનું કહેવું છે કે "ઘરમેં યદિ બાપ નહિ હોગા તો ઘર ચલેગા કૈસે. બાપ તો હોના હી ચાહિયે." વાતે સાચી છે. લોકશાહી બાપ વિનાની થઈ જાય છે. અમે સિંધુ નદીના કિનારે-કિનારે ચાલી રહ્યા છીએ. 50થી 100 ફૂટ માંડ પહોળી હશે. સામા કિનારે છૂટક-છૂટક ઘરો છે અને ખેતી છે. ખેતી સારી છે. અહીં બે નદીઓનો સંગમ થઈ રહ્યો છે. સુંદર દૃશ્ય છે. જેલમ અને સિંધુ અહીં મળે છે. હવે અમે સિંધુને છોડીને જેલમના સામા પૂરે જઈ રહ્યા છીએ.

હવે અમે દ્રાસક્ષેત્રમાં પહોંચ્યા છીએ. ખરું કારગિલયુદ્ધ અહીં થયું હતું. આ સામે જે ઊંચાં ઊંચાં પર્વતશિખરો દેખાય છે તે યુદ્ધની ભૂમિ હતી. થોડી વિગતો જોઈએ.

આઝાદી પછી પાકિસ્તાને તાયફાવાળાઓને શ્રીનગર જીતવા મોકલેલા. તેમને પાછા હટાવતાં હટાવતાં આપણી સેના છેક અહીં પર્વતશ્રેણી સુધી આવેલી. સેનાની પ્રગતિ ચાલુ જ હતી ત્યાં પ્રધાનમંત્રી પં. નહેરુજી સરદાર સાહેબની સલાહથી વિરુદ્ધ કાશ્મીરનો પ્રશ્ન યુનોમાં લઈ ગયેલા. સુરક્ષા પરિષદે ત્યારે યુદ્ધવિરામનો આદેશ આપેલો. એટલે જે સેના જ્યાં હતી તેણે ત્યાં જ અટકી જવાનું થયેલું. આ રીતે જે લાઇન થઈ તેને LOC કહેવાય છે. લાઇન ઓફ કંટ્રોલ. આ આંતરરાષ્ટ્રિય સીમા નથી, પણ યુદ્ધવિરામ રેખા છે. આ રેખા આ પર્વતોનાં શિખરો પરથી પણ જાય છે. એટલે આપણા સૈનિકો ઉનાળા-ચોમાસામાં પર્વતોનાં છેક ઊંચાં શિખરો પર ચોકીઓ બનાવીને રહે છે. પણ શિયાળો આવતાં બરફના કારણે બધું થીજી જાય છે એટલે નીચે આવતા રહે છે. આવું વર્ષોથી ચાલતું આવતું હતું. 1992માં પણ રાબેતા મુજબ સૈનિકો નીચે આવી ગયા. ત્યારે પાકિસ્તાનમાં નવાજ શરીફનું રાજ હતું અને પરવેજ મુશર્રફ સેનાપતિ હતો. તેમણે એક ષડ્યંત્ર ગોઠવ્યું. ભારતીય સૈનિકો જ્યારે ચોકીઓ છોડીને નીચે ચાલ્યા જાય ત્યારે પાકિસ્તાની સિપાહીઓએ તેનો કબજો કરી લેવો જેથી લદ્દાખ જતો રોડ તદ્દન નીચે જ આવી જાય. આ રોડને જો કાપી નખાય તો કારગિલ અને લેહ-લદ્દાખ ભારતથી કપાઈ જાય. સરળતાથી આ ભાગ કબજે કરી લેવાય. પછી કાશ્મીરનો કડદો થાય. યોજના તો ઘણી ચતુરાઈભરી હતી. પણ એક ગડબડ થઈ ગઈ. ધાર્યા કરતાં પહેલાં પાક. સૈનિકો પ્રગટ થઈ ગયા. ભારતને ખબર પડી ગઈ. તેણે તરત જ મોરચા ગોઠવી દીધા અને તોપોના ગોળા છોડવા માંડ્યા. અમેરિકા પણ વચ્ચે પડ્યું. આપણા સૈનિકોએ એક પછી એક પર્વતશિખરો સર કર્યાં અને બધો કબજો પાછો મેળવી લીધો. પાકિસ્તાને કહ્યું કે અમે તો ત્યાં હતા જ નહિ. ત્યાં તો આઝાદ કાશ્મીરના લોકો હતા. આપણે કોઈ સૈનિકને પકડ્યો ન હતો તેથી આપણી પાસે પુરાવા ન હતા. વાત પૂરી થઈ. આ યુદ્ધમાં વીર સૈનિકો શહીદ થયા હતા. તેમની યાદમાં અહીં સ્મારક બનાવાયું છે. અમે બધા બસમાંથી ઊતરીને સ્મારક જોવા ગયા. અમને જોઈને સેનાના મોટા અમલદારે એક સેનાના મેજરને ગાઇડ તરીકે મોકલ્યો.

અમે શહીદોનું સ્મારક જોઈ રહ્યા છીએ. રાજસ્થાનના કારીગરો બોલાવીને આ સ્મારક 1994માં તૈયાર કરાવ્યું હતું. યુદ્ધ અહીંથી શરૂ થયું હતું. જેટોલોલિંગ પર્વતશિખર દેખાય છે ત્યાંથી ગોળી શરૂ થઈ હતી. તેની સાથે બીજાં પણ શિખરો દેખાય છે. તે બધાં ઉપર દુશ્મનો છુપાઈને બેઠા હતા. આ ટાઇગરહિલ કહેવાય છે. ટાઇગરહિલની બાજુમાં બીજાં શિખરો દેખાય છે. ત્યાં પણ દુશ્મનો છુપાઈને બેઠા હતા. પેલી પહાડી પર કૅપ્ટન બત્રાસાહેબ શહીદ થયા હતા. આ ગામ બીંબર ગામ છે. આ નાળા પર પણ યુદ્ધ થયું હતું. શિયાળામાં

પાકિસ્તાની સેના અને ઉગ્રવાદી સંગઠનોએ મળીને આ બધી જગ્યા પર ચુપચાપ કબજો કરી લીધો હતો. ટોલિંગ પર્વતને તેર દિવસે વિજય મળ્યો હતો. આ બીજાં શિખરો પણ આવી જ રીતે બહાદુરીથી કબજે કર્યાં હતાં. કેપ્ટન બત્રાને મરણોપરાન્ત 'પરમવીરચક્ર' સર્વોચ્ચ પદક અર્પણ થયો હતો. 26મી જુલાઈના દિવસે પૂરી પાકિસ્તાની સેનાને અહીં દ્રાસથી હાંકી કાઢી હતી એટલે અમે 26મી જુલાઈને દર વર્ષે ઊજવીએ છીએ. આ યુદ્ધમાં આપણા ઘણા સૈનિકો શહીદ થયા હતા. પેલા બોર્ડમાં બધાંનાં નામ લખ્યાં છે. કેટલાક સામાન્ય નાગરિકો પણ શહીદ થયા હતા. તેમનાં નામ પણ લખ્યાં છે. ઉપર શિયાળામાં રાત્રે માઇનસ 30 ડિગ્રી ટૅમ્પરેચર થઈ જાય છે. તોપણ હવે ખાલી કરીને પાછા નીચે આવતા નથી. અહીં છ મહિનાનું રેશન સ્ટોક કરી લેવાય છે. આ રસ્તો બંધ થઈ જાય છે. મોટા ભાગનો સામાન હેલિકોપ્ટરથી લાવવામાં આવે છે. હવે બન્ને તરફના સિપાહીઓ પોતપોતાની ચોકીઓમાં રહે છે. હવે એકબીજા પર વિશ્વાસ રહ્યો નથી. અહીંથી દસ કિલોમીટર દૂરથી LOC શરૂ થાય છે. એ લોકો આટલા અંદર આવી ગયા હતા. હવે દૂર થઈ ગયા છે.

અમે બધા શહીદોની સમાધિ સ્મારકની સામે ઊભા છીએ. અધધધ... કેટલા બધા શહીદોએ પ્રાણ આપ્યા છે! બધાંનાં નામ લખ્યાં છે. હિન્દીની કવયિત્રી સુભદ્રા ચૌહાણની કાવ્યપંક્તિઓ પણ લખી છે જે આ પ્રમાણે છે.

એક પુષ્પ પોતાની ઇચ્છા વ્યક્ત કરે છેઃ

*"ચાહ નહિ મૈં સુરબાલા કે ગહનોં મેં જાઉં,*
*ચાહ નહિ પ્રેમી કી પ્રિયમાલામેં વીધ પ્રેમી કો લલચાઉં,*
*મુઝે તોડ લેના વનમાલી, ઉસ પથ પે મુઝે દેના ફેંક,*
*માતૃભૂમિ કે પથ પર શીશ ચઢાને જિસ પથ જાયેં વીર અનેક."*

અર્થાત્ પુષ્પ કહે છે વનમાળીને, હે વનમાળી, મારી ઇચ્છા એવી નથી કે કોઈ અપ્સરાના કાનમાં કે અંબોડામાં હું ગૂંથાઉં, વળી મને એવી પણ ઇચ્છા નથી કે પ્રેમીજને પોતાની પ્રિયતમાને રાજી કરવા બનાવેલી માળામાં ગૂંથાઉં. મારી તો એક જ ઇચ્છા છે કે જે માર્ગ પરથી અનેક વીરપુરુષો માતૃભૂમિની રક્ષા કરવા પોતાનું શીશ ચઢાવવા જતા હોય તે રસ્તા પર મને ફેંકી દેજે. જેથી એ શહીદ થનારા વીરપુરુષોનાં ચરણો નીચે હું છૂંદાઈ જાઉં.

સુભદ્રાકુમારી ચૌહાણે ઝાંસીની રાણી માટે પણ વીરરસભરી કવિતા લખી હતી, જેમાં 'ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી' એવું આવે છે.

સમાધિ ઉપરનો આ શેર વાંચોઃ

*'શહીદોં કી ચિતાઓં પર લગેંગે હર બરસ મેલે*
*વતન પર મીટનેવાલોં કા યહી બાકી નિશાં હોગા.'*

બૅટલ ઑફ ટાઇગર હિલ્સ, બૅટલ ઑફ ટોલોલિંગ, કુલ 4875 વીર શહીદ થયા હતા. બધાંનાં નામો લખ્યાં છે. અજિત અને ઉમેશ ધ્યાનથી બધાં નામો વાંચે છે. મેં પૂછ્યું કે કેમ આટલા બધા ધ્યાનથી વાંચો છો? તો કહે કે જોઉં છું કે કોઈ અમારી નાતનો શહીદ થયો છે? મેં પૂછ્યું કે કોઈ નામ મળ્યું, તો કહે કે ના, હજી તો નથી મળ્યું. મેં કહ્યું કે ત્રણ ગાથાઓ એક બીજાની પૂરક હોય છે.

1. વીરગાથા 2. પ્રેમગાથા અને 3. ભક્તિગાથા. આ ત્રણ ગાથાઓનો મૂલાધાર શૌર્યગાથા હોય છે. અર્થપ્રધાન જીવન જીવનારામાં આ ત્રણે ગાથામાંથી એક પણ નથી હોતી.

અહીં કૅપ્ટન વિક્રમ બત્રા અને મનોજકુમાર પાંડેય બન્ને શહીદ થયા હતા. પાંડેય બ્રાહ્મણ છે અને તેનો ફોટો ફૂટડા યુવાનનો છે. હા, આવો યુવાન સામે દોડીને દુશ્મનોનાં છોતરાં ઉડાડતો ઢેર થઈને ઢળી પડ્યો હતો. પાંડેયની મા કેટલી રૂપાળી હશે! તેને કેટલો આઘાત લાગ્યો હશે! પણ જે મા પોતાના આવા વીરબાળકને સેનામાં મોકલે તે કદી કાગળના હૃદયની ન હોય. તેનું હૃદય પોલાદનું જ હોય. પ્રથમ દિવસથી જ નક્કી હોય કે હું માતૃભૂમિ પર શહીદ થવા મારા સંતાનને મોકલું છું. જેનામાં આટલી બલિદાનવૃત્તિ ન હોય તેનાં છોકરાં સુરતમાં હીરા ઘસે કે પછી સંચા ચલાવે. પેટ ભરીને રાજી થાય. તે પેટ તો ભરી શકે છે પણ શહીદ નથી થઈ શકતા. હા, અકસ્માતમાં મરી શકે. તેમનાં અહીં નામ ન હોય.

આ કારગિલ કલશ છે. અહીં કલશમાં ભસ્મ રાખી હશે. હિન્દુઓ અગ્નિદાહ કરે છે તેથી તેની ભસ્મ પૂજાય છે. અહીં યુદ્ધમાં વપરાયેલાં

શસ્ત્રો રાખ્યાં છે. જેમાં બોફોર્સ તોપ પણ છે. અમે બધા સમાધિ આગળ બે મિનિટ મૌન ઊભા રહ્યા. સૌનાં હૃદય ભરાઈ આવ્યાં. મનોમન વીર શહીદોને નમસ્કાર કર્યા. આ શહીદો કેટલા ભાગ્યશાળી કે ખરા સમયે ખપમાં આવ્યા. શહીદીથી મોટું કોઈ ઊંચું પદ નથી. હજાર સાધુઓ, હજાર તપસ્વીઓ, હજાર ઉપવાસીઓ કરતાં પણ એક શહીદ ઘણો મહાન છે. તે પ્રાણનો ત્યાગ કરે છે. તેના ત્યાગ આગળ બધા ત્યાગ ફિક્કા છે.

મેજર ગુરુંગનો આભાર માનીને ભારે હૈયે અમે વિદાય થયા. મનમાં એક જ કસક છે. ગુજરાતીઓ ક્યારે સેના તરફ વળશે? જે લોકો સાધુ બનાવવા છોકરા માગતા ફરે છે, અરે, એકનો એક છોકરો પણ અમને આપી દો, જેથી મિલકત પણ મળે. તેવી મનોવૃત્તિ ધરાવીને સાધુઓનાં ટોળાં બનાવે છે અને ખરા સમયે બારણાં બંધ કરીને રૂમમાં પુરાઈ જાય છે તેમને અહીં લઈ આવો અને આ સ્મારક બતાવો અને પૂછો કે તમે કેટલા શહીદો પેદા કર્યા? છે કોઈ નામ આ લિસ્ટમાં? માત્ર ભગતડાંનું મોટું લિસ્ટ કરીને રાષ્ટ્રરક્ષા ન કરી શકાય, ન ધર્મરક્ષા કરી શકાય.

સ્મારકનું નવીનીકરણ ચાલી રહ્યું છે. જૂના પથ્થરો તોડીને નવા બેસાડી રહ્યા છે. બધા મજૂર-કારીગરો છત્તીસગઢ-મધ્યપ્રદેશના છે. કારગિલયુદ્ધ વિશે એક પણ પુસ્તક મળ્યું નહિ. બધા બસમાં બેઠા અને વિદાય થયા.

હું વિચારું છુંઃ ચોકીઓ ખાલી કરીને શિયાળામાં નીચે આવી જવાનું અનિવાર્ય હોય તો સેન્સર તો મૂકી શકાય ને! હવે તો એવાં એવાં સેન્સરો નીકળ્યાં છે કે બધી માહિતી ઘરબેઠાં મળી શકે. ગુપ્તચર ખાતું આ પ્રસંગમાં પણ નિષ્ફળ નીવડ્યું હતું. આ યુદ્ધ વ્યૂહપ્રધાન ન હતું. આપણી પાસે શૌર્ય તો છે પણ વ્યૂહની કમી રહે છે. વ્યૂહ વિનાનું શૌર્ય ઘણી કેજ્યુઅલ્ટી ઊભી કરે છે. પ્રાચીનકાળથી આવું જ થતું આવ્યું છે.

અમે સૌ બધાને પ્રસાદ વહેંચીને વિદાય થયા.

1-7-09

*

# 11. શ્રીનગર તરફ

સાંજ પડી છે અને અમે શ્રીનગર જઈ રહ્યા છીએ. હવે અમારો પ્રવાસ બહુ જ સેન્સિટિવ થઈ ગયો છે. અત્યારે શ્રીનગરમાં હડતાલ ચાલી રહી છે. જમ્મુ-કાશ્મીરની વાત પછી. પહેલાં તેની સામાન્ય માહિતી જોઈએ.

જમ્મુ-કાશ્મીરનું ક્ષેત્રફળ 222236 વર્ગ કિ.મી. છે.

જનસંખ્યા—5987389 છે (1981).

લાંબી નદી—ઇંદસ (સિંધુ) છે.

શ્રીનગરની જનસંખ્યા દસ લાખ લગભગ છે. એ જેલમ નદીના કિનારે વસ્યું છે. નદી ઉપર સાત પુલ બનાવેલા છે. અહીં ડાલ ઝીલ અથવા સરોવર છે. જેમાં શિકારા તથા હાઉસબોટો સેંકડોની સંખ્યામાં પડ્યાં હોય છે.

આ શહેરની જનસંખ્યામાં 95% વસ્તી મુસ્લિમોની છે. પહેલાં બ્રાહ્મણ પંડિતો પણ રહેતા હતા. વચ્ચે બધાને ભગાડી દેવાયા છે. એ અત્યારે જમ્મુ તથા દિલ્હી જેવી જગ્યાઓમાં નિરાશ્રિત છાવણીઓમાં રહે છે. 370મી કલમ દૂર કરવાની હઠ કરનારા આ વાતનો વિચાર કરે કે આ પંડિતોને કાશ્મીરમાં રહેવાનો પૂરેપૂરો હક્ક હોવા છતાં તે રહી શકતા નથી. તેમને 370મી કલમ નડતી નથી તો કલમ હટાવી દેવા માત્રથી કોઈ કેવી રીતે રહી શકે? હિન્દુ પ્રજા ભાગતી પ્રજા છે અને મુસ્લિમ પ્રજા ભગાડતી પ્રજા છે. માત્ર પાકિસ્તાન કે કાશ્મીરમાં જ નહીં, અમદાવાદ અને બીજાં શહેરોમાં પણ આવી જ દશા છે. હિન્દુઓના મહોલ્લાના મહોલ્લા ખાલી થઈ રહ્યા છે. પ્રજામાં બધા વચ્ચે રહી શકવાની ક્ષમતા પણ હોવી જોઈએ તે નથી.

શ્રીનગર 105 વર્ગ કિ.મી.માં વસેલું છે અને 1730 મીટરની ઊંચાઈ પર સ્થિત છે.

શ્રીનગરની પાસે જ ડાલ સરોવર છે. જે 8 કિ.મી. લાંબું અને 4 કિ.મી. પહોળું છે. હવે થોડો કાશ્મીરનો ઇતિહાસ જોઈશું.

બહુ પ્રાચીન કાળમાં અહીં જલદેવ નામક રાક્ષસ રહેતો હતો. તે ઋષિમુનિઓને ત્રાસ આપતો હતો. તેનો નાશ કરવા કશ્યપ ઋષિએ ભગવાનને પ્રાર્થના કરી. રાક્ષસનો નાશ થયો અને અહીં બ્રાહ્મણોને વસાવ્યા. આ કશ્યપભૂમિ આગળ જતાં કાશ્મીર બની. આવી પૌરાણિક માન્યતા છે.

આ રાજ્યની એક ખાસ વિશેષતા એ છે કે આઝાદી વખતે ભારત-પાકિસ્તાનમાં હજારો-લાખો માણસો માર્યા ગયા પણ અહીં ત્યારે કદી પણ કોમી તોફાન ન થયું, ન કોઈ માણસ માર્યો ગયો. આટલા ભાઈચારાથી હિન્દુ-મુસ્લિમ એકસાથે રહેતા હતા.

સમ્રાટ અશોકનું અહીં સામ્રાજ્ય હતું. લોકો બૌદ્ધધર્મ તરફ વળ્યા હતા. મૌર્યો પછી તાતારોનો અધિકાર થયો. તે પછી શકરાજા કનિષ્કનો અધિકાર થયો. કનિષ્કે અહીં બૌદ્ધધર્મનું વિશાળ સંમેલન બોલાવ્યું હતું. બહુ જ પ્રસિદ્ધ બૌદ્ધ વિદ્વાન નાગાર્જુન અહીં કાશ્મીરના જ હતા. કનિષ્ક પછી હૂણોનો વારો આવ્યો. મિહિરગુલ નામના હૂણ રાજાએ ભારે બર્બરતા બતાવીને ઘણાને મારી નાખ્યા હતા.

આઠમી શતાબ્દીમાં (715થી 752) લલિતાદિત્ય નામક હિન્દુરાજા રાજ કરતો હતો. તે બહુ પ્રતાપી રાજા હતો. છેક મધ્ય એશિયા સુધી તેની હાક વાગતી હતી. છેલ્લી રાણી વિદ્યા હતી. તે પણ બહુ પ્રતાપી હતી. છેલ્લો રાજા સિંધદેવ થયો (1128). તેના શાસનકાળમાં તાતારો ચઢી આવ્યા. તેમણે શ્રીનગરને બાળી મૂક્યું અને ભારે કતલ ચલાવી. લગભગ 14મી શતાબ્દી સુધી અહીં હિન્દુ રાજાઓ રાજ કરતા હતા. સિંધદેવના સેનાપતિ રામચંદ્રે કાશ્મીર પર કબજો કરી લીધો. તેનો સેનાપતિ રેંચન શાહ તિબેટનો હતો. તેણે રામચંદ્રની હત્યા કરીને ગાદી કબજે કરી લીધી. તેણે રામચંદ્રની પુત્રી સાથે લગ્ન કરી લીધાં. કાશ્મીરના બ્રાહ્મણોને બોલાવીને તેણે પ્રાર્થના કરી કે મને હિન્દુ બનાવી લો. પણ બ્રાહ્મણો માન્યા નહિ, આખરે નિરાશ થઈને તેણે બુલબુલશાહ ફકીરના હાથે ઇસ્લામ ધર્મ સ્વીકારી લીધો. જૈનુલ આબ્દીન (1420) કાશ્મીરનો સુલતાન થયો. હિન્દુ-બ્રાહ્મણોની આ પાયાની ભૂલ કેટલાં ભયંકર પરિણામો લાવી રહી છે તે વિચારણીય છે. ઈ.સ. 1586માં અકબરે અહીંના શિયા સુલતાન યાકુબશાહને હરાવી મોગલ સલ્તનત સ્થાપી દીધી. તેના પછી જહાંગીર અને શાહજહાં પણ અહીં રાજ કરતા હતા. પાછલા બાદશાહ ઔરંગઝેબે અત્યાચાર કર્યા. જજિયો લગાવ્યો. ઘણાની હત્યાઓ થઈ. ઊથલપાથલ થવા લાગી. જબરદસ્તીથી હિન્દુઓને મુસલમાન બનાવાયા (1811). એવામાં અફઘાનિસ્તાનનો અહમદશાહ દુર્રાની ચઢી આવ્યો અને જીતી

ગયો. તેની સત્તા સ્થાપિત થઈ ગઈ.

થોડા સમય પછી પંજાબના મહારાજા રણજિતસિંહજીના સેનાપતિ દીવાનચંદ્ર મિશ્રે જમ્મુના ડોગરા સરદાર રાજા ગુલાબસિંહની સહાયતાથી અહમદશાહને ભગાડીને અધિકાર કરી લીધો. આ રીતે ઈ.સ. 1816માં જમ્મુ-કાશ્મીર પર મહારાજા રણજિતસિંહજીનો અધિકાર થઈ ગયો.

ઈ.સ. 1845 સુધી આ પ્રદેશ શીખ રાજાઓના હાથમાં રહ્યો. પછી અંગ્રેજો ચઢી આવ્યા. અંગ્રેજો જીત્યા પણ દુર્ગમ પર્વતીય ક્ષેત્રો પર રાજ્ય કરવું કઠિન જણાતાં જમ્મુના ડોંગરા રાજા ગુલાબસિંહને 75 લાખ રૂપિયામાં કાશ્મીર પ્રદેશ વેચી દીધો. હવે જમ્મુ-કાશ્મીર પર ડોગરા રાજપૂતોનું શાસન થઈ ગયું.

ગુલાબસિંહજીના બહાદુર સરદાર જોરાવરસિંહે લદ્દાખ જીતી લીધું અને કાશ્મીરમાં ભેળવી દીધું. પછી તો જાસ્કર, યાસિન, કારગિલ, બાલ્ટીસ્તાન, ગિલગિટ, ચલાસ, પુનિયાલ, હુંજા અને ચિત્રાલ જેવાં બીજાં કેટલાંય રજવાડાં જીતીને કાશ્મીરને મોટું બનાવી દીધું.

રાજા ગુલાબસિંહજીના મૃત્યુ પછી રણવીરસિંહ, પછી પ્રતાપસિંહ ગાદીએ બેઠા. તેમને સંતાન ન હતું. તેથી ભત્રીજા હરિસિંહને દત્તક લઈને ગાદીએ બેસાડ્યા (1924). આઝાદી વખતે આ હરિસિંહજી જમ્મુ-કાશ્મીરના રાજા હતા. તે સ્વતંત્ર રહેવા માગતા હતા. અધૂરામાં પૂરું કાશ્મીરનો હવાલો પ્રધાનમંત્રી પં. નહેરુજી પાસે હતો (સરદાર પાસે ન હતો). પંડિતજી પ્રશ્નને ઉકેલી ન શક્યા. તકનો લાભ લઈને પાકિસ્તાને કાશ્મીર પર છદ્મ આક્રમણ કરી દીધું. મહારાજા હરિસિંહે કાશ્મીરની સેનાને લડવા મોકલી. સેના મુસ્લિમોની હતી જે સામા પક્ષે ભળી ગઈ. હવે રાજા ગભરાયા. આવા સમયમાં કાશ્મીરનું કોકડું ગૂંચવાઈ ગયું. જો પાકિસ્તાની સેના શ્રીનગર પર કબજો જમાવી દે તો કાશ્મીર હાથમાંથી જતું રહે. આવા સમયે પં. નહેરુજીએ સરદારને યાદ કર્યા અને કહ્યું કે કાશ્મીરને બચાવો. સરદારે તરત જ રાતોરાત જરીપુરાણાં વિમાનો દ્વારા સેનાને શ્રીનગર ઉતારવાની વ્યવસ્થા કરી. બીજી તરફ મહારાજ હરિસિંહે ભારતમાં ભળી જવાના દસ્તાવેજ પર સહી કરી. પ્રત્યાક્રમણ શરૂ થઈ ગયું. તાયફાવાળાને આપણું સૈન્ય પાછળ ધકેલતું હતું ત્યાં પં. નહેરુજી સરદારની ઇચ્છા વિરુદ્ધ યુનોમાં ગયા. સુરક્ષા પરિષદે યુદ્ધવિરામનો આદેશ આપ્યો. બન્ને તરફની સેનાઓ અટકી ગઈ. પાકિસ્તાનના હાથમાં 1/3 કાશ્મીર ચાલ્યું ગયું. આજે પણ LOC કાશ્મીરના બે ભાગ પાડે છે. એક મોટા માણસની મોટી ભૂલ રાષ્ટ્રને કેટલા મોટા અનર્થમાં નાખી શકે છે તેનો નમૂનો આ કાશ્મીર છે. આજે કાશ્મીરમાં ક્યાંય શાંતિ નથી. જ્યાં જુઓ ત્યાં પોલીસ અને સેના જોવા મળે છે. ક્યારે શું થઈ જાય તે કહેવાય નહિ.

શ્રીનગર જતાં પહેલાં અમારી બસ બાલતાલ-સોનમર્ગ ઊભી રહી. અહીંથી અમારા સાત પ્રવાસીઓ અમરનાથ જવાના છે તે ઊતરી ગયા. અહીં હેલિકોપ્ટર, ઘોડા, ડોલી, પાયદળ એમ બધી વ્યવસ્થા છે. આ લોકો ત્રણેક દિવસે પાછા અમને શ્રીનગરમાં મળશે.

અમે સોનમર્ગ પહોંચ્યા. અહીં બધાને લંચ લેવડાવ્યું. સરકાર તરફથી સારી વ્યવસ્થા છે. જીવરાજભાઈ નજીકના દક્ષિણ ભારતીય રેસ્ટોરાંમાંથી ઢોંસા-સંભાર લઈ આવ્યા. દક્ષિણ ભારતની આ વાનગી વિશ્વપ્રસિદ્ધ થઈ ગઈ છે. બધા જમી રહ્યા હતા ત્યાં આજુબાજુમાંથી બે-ચાર નાની છોકરીઓ ભીખ માગવા આવી ગઈ. તેમને ધુતકારીને રસોઇયાએ કાઢી મૂકી. ફરી આવી. છેક સુધી આવાં છોકરાં આવતાં રહ્યાં. મેં બધાંને જમાડવાનું કહ્યું. બૌદ્ધ લદ્દાખમાં કોઈ માગવા આવતું ન હતું. સામે ચાલીને અમે આપવા જતા ત્યારે કોઈ માંડ લેતું. બન્ને વચ્ચે આ ફરક છેક સુધી જોવા મળ્યો. પહેલાં પણ મારે બે-ત્રણ વાર કાશ્મીર આવવાનું થયું છે પણ આ વખતનું કાશ્મીર જુદું જ દેખાય છે. અમે રવાના થયા.

*

## ખીરભવાની

સોનમર્ગથી શ્રીનગર જતાં 30 કિ.મી. પહેલાં જ ખીરભવાનીનું મંદિર આવે છે. ખીરનો પ્રસાદ વહેંચાય છે તેથી ખીરભવાની કહેવાય છે. વિશાળ જમીનમાં ચિનારનાં સઘન વૃક્ષોમાં આ મંદિર આવેલું છે. પાણીની નહેર વચ્ચે નાનુંસરખું મંદિર છે. નહેરનું પાણી અવારનવાર રંગ બદલે છે. જેને લોકો ચમત્કાર માને છે અને શુભ-અશુભની આગાહી પણ માને છે. મંદિરમાં ખૂબ યાત્રાળુઓ આવે છે. આવક ઘણી છે. હવે અહીં હિન્દુ વસ્તી ન હોવાથી મંદિરનો કબજો તથા વહીવટ સેના કરે છે. કેટલાક કર્મચારીઓ મુસ્લિમો પણ છે. કેટલી કરુણ

દશા કહેવાય!! અમે બધાએ દર્શન કર્યાં. ખીરનો પ્રસાદ લીધો. દક્ષિણ ભારતનાં માણસો પણ આવ્યાં છે. મંદિરની બહાર ઘણી દુકાનો છે જે મુસ્લિમો ચલાવે છે. આજુબાજુની બધી વસ્તી પણ મુસ્લિમોની છે છતાં શાંતિ છે. એક પાંચ-સાત વર્ષનો છોકરો ઊંચા વાંસડા પર ચઢીને ચાલે છે અને નાચે પણ છે. તેનો બાપ તમાશો બતાવે છે. તે ઢોલકું વગાડીને રીધમ પૂરું પાડે છે. યુ.પી. તરફનો લાગે છે. બધા પ્રવાસીઓ આવી ગયા અને અમે વિદાય લીધી. આર્મીના જવાનો ક્યાં સુધી આ તીર્થને સાચવશે? અહીં રહેવા-જમવાની પણ વ્યવસ્થા છે.

## હજરત બલ

અમે શ્રીનગરથી 9 કિ.મી. દૂર હજરત બલ મસ્જિદ જોવા પહોંચી ગયા. અત્યારે આ ટૅન્શનવાળી જગ્યા છે. ઘણાં વર્ષો પહેલાં પણ હું અહીં આવેલો ત્યારે પણ અહીં ભારે ટૅન્શન હતું. હજરત મહમ્મદસાહેબની દાઢીનો એક વાળ અહીં રાખ્યો હતો તેનાં દર્શન વર્ષમાં એક વાર સૌને કરાવતા. તે વાળ ચોરાઈ ગયો હતો. હાહાકાર થઈ ગયો હતો. ત્યારે શ્રી ગુલજારીલાલ નંદા ગૃહમંત્રી હતા તે સમાધાન કરાવવા આવ્યા પણ સફળ ન રહ્યા. પછી શ્રી લાલબહાદુર શાસ્ત્રીજી આવ્યા ને સફળ રહ્યા. વાળ તો મળી ગયો હતો પણ આ તે જ છે તેની ખાતરી થતી ન હતી. મોટા-મોટા બે ધર્મગુરુઓએ પ્રમાણિત કર્યું કે આ એ જ વાળ છે ત્યારે શાંતિ થઈ હતી. ત્યારે અલગતાવાદ તો હતો પણ આતંકવાદ ન હતો. બધા ટોળા વચ્ચેથી હું ત્યારે મસ્જિદમાં ગયેલો પણ કશો ભય ન હતો. હવે અત્યારે ટોળાં નથી પણ ભય છે. વાતાવરણ ગૂંગળામણભર્યું લાગે છે. હજરત બલથી દૂર બસ ઊભી રાખી. અમે સૌ મસ્જિદમાં ગયા. બહાર ચોકમાં જુવાન છોકરાઓ ક્રિકેટ રમી રહ્યા છે. સૌ કુતૂહલથી મને જોઈ રહ્યા છે. અંદર ઘણાં કબૂતરો ચણ ચણી રહ્યાં છે. આરબ પદ્ધતિની આ ભવ્ય મસ્જિદ સફેદ સંગેમરમરથી બની છે. એક ભાઈ અમારું માર્ગદર્શન કરી રહ્યા છે. અમારામાંથી એક ભાઈએ “વો બાલ કહાઁ રખતે હૈં?” તેમ પૂછ્યું તો પેલાએ કહ્યું કે, “આમ નહિ બોલવાનું. ‘બાલમુબારક’ બોલવાનું.” આ ઉપરથી આ બાલ પ્રત્યે કેટલું માન અને શ્રદ્ધા હશે તેની કલ્પના કરી શકાય છે. બધાને પહેરવા માટે સાદડીની ટોપીઓનો ઢગલો પડ્યો છે. જે પહેરીને જ અંદર જવાય છે. અંદર જવાની છૂટ છે. એ જ મહત્ત્વની વાત છે. આપણાં ઘણાં મંદિરોમાં આવી છૂટ નથી હોતી. આપણે અભડાઈએ છીએ. આ લોકો અભડાતા નથી. અમે બધા બહાર નીકળ્યા.

બહાર ચોકમાં જે યુવાન છોકરાઓ ક્રિકેટ રમે છે તેમની વચ્ચે અમારા એક વીડિયોગ્રાફર વીડિયો ઉતારવા પેસી ગયા. આ અસભ્યતા જ કહેવાય. છોકરાઓ અટકી ગયા. કાશ્મીરી ભાષામાં તેમણે ગાળ દીધી. મેં પણ પેલા ભાઈને બહાર આવી જવા ઇશારત કરી પણ સમજે એ બીજા. બોડી લેંગ્વેજ પણ ન સમજ્યા. નારાજ થયેલા છોકરાઓ અટકીને ઊભા રહ્યા. વાત આગળ ન વધી. આવી જગ્યાએ સાવધાન રહેવું જોઈએ. આપણા છોકરા રમતા હોય અને કોઈ પેસી જાય તો તેમને પણ ન ગમે. વળી બીજા બે ભાઈઓ સામેની દુકાને પૂરી જોવા પહોંચી ગયા. મોટા થાળ જેવી જાડી પૂરી—મોટી પૂરી અહીં બનાવે છે. પેલા ભાઈઓ ભાવતાલ કરીને થોડી મફત ખાતા પણ આવ્યા. આવું ન કરવા મેં જણાવ્યું. પૈસા આપીને ખાવ. મફત ન ખાવ. તમારી ક્વોલિટી સાચવો. મફત ખાનારની ક્વોલિટી ઊતરી જતી હોય છે. અંતે અમે બધા વિદાય થયા અને ડાલ ઝીલ (ડાલ સરોવર)ની સામે જ એક સુંદર ડ્યુક હોટલમાં ઉતારો કર્યો.

2-7-09

*

# 12. શ્રીનગર-દર્શન

આજે તા. 21-6-09 છે. ચા-નાસ્તો કરીને અમે બધા દર્શનીય સ્થળો જોવા વિદાય થયા. અત્યારે કેટલાય દિવસથી અહીં હડતાલ ચાલી રહી છે. દુકાનો મોટે ભાગે બંધ છે પણ ફેરિયા ઘણા છે. તમે જરાક ઊભા રહો કે ફેરિયાનાં ટોળેટોળાં આવી જાય. પણ કડદો કરતાં આવડે તો જ વસ્તુ ખરીદાય. એક જ ઉદાહરણ પર્યાપ્ત થશે. શ્રી શક્તિસિંહ પાસે કેસર વેચનારો આવ્યો. 300 રૂપિયે તોલો. શક્તિસિંહે દસ રૂપિયે તોલો માગ્યું. પેલાએ આપી દીધું. ઉમેશનું કહેવું છે કે અમે તો વ્યાપારી કહેવાઈએ. અમને ફરી જતાં વાર ન લાગે. બોલેલું પાળવું જ જોઈએ તેવું ન ચાલે. અમારી બસ ડાલ ઝીલના કિનારે કિનારે ચાલી રહી છે. રસ્તામાં બાગ-બગીચાઓમાં પુષ્કળ માણસો બેઠાં-બેઠાં ખાણીપીણી કરી રહ્યાં છે. એવું લાગે છે કે કાશ્મીરને હડતાલ, ધમાકા, ટૅન્શન, પિકનિક, આનંદ-પ્રમોદ બધું એકસાથે સદી ગયું છે. કોઈના મન પર કશી ગભરાહટ નથી. સૌ મસ્તીમાં મસ્ત છે. ચશ્મેશાહી ગાર્ડનમાં પ્રવેશ ન મળ્યો એટલે આગળ ચાલ્યા છીએ. ચશ્મેનો અર્થ કુદરતી ઝરણાં થાય છે. ડાલ ઝીલને ચોખ્ખી રાખવા કચરો સાફ કરનારી 2-5 નાવો ફર્યા જ કરતી હોય છે. અમારી જમણી બાજુ મોગલ ગાર્ડન છે. કાશ્મીરી સ્ત્રીઓ ડાલ સરોવરમાંથી ચારનાં મોટાં-મોટાં પોટકાં માથા ઉપર ઉપાડીને જઈ રહી છે. ઢોરાંઓને ખવડાવશે. અમે મોગલ ગાર્ડન જોયો. શાહજહાંના ગવર્નર અલીમર્દાનખાંએ 1632માં બનાવ્યો હતો. બાગ ભવ્ય છે.

અમે શાલીમાર બાગમાં પ્રવેશ કર્યો છે. આ બાગ બાદશાહ જહાંગીરે બનાવ્યો હતો. પોતાની બેગમ નૂરજહાંની સાથે તે અહીં ગરમીના ત્રણ-ચાર મહિના રહેવા આવતો. બાગ વચ્ચે રહેવાનો મહેલ પણ છે. મોગલો ભવનપ્રેમી અને બાગપ્રેમી પણ હતા. તેમનાં નિર્માણ આજે પણ દાદ માગી લે તેવાં છે. બાગ વિશાળ અને ભવ્ય છે. વચ્ચોવચ નહેર પટ છે. બન્ને તરફ આયોજનપૂર્વકનાં રંગબેરંગી ફૂલો રોપેલાં છે. પાછળ ચિનારનાં ઘનીભૂત વૃક્ષો છે. પુષ્કળ માણસો હરીફરી રહ્યાં છે. ફોટોગ્રાફરો ઘણા છે. અમારા ફોટા પાડવા અંદરોઅંદર લડી પડ્યા. અમે સમૂહમાં ફોટો પડાવ્યો. સૌને રોજીઓ મળી રહે છે. કાશ્મીર—ખાસ કરીને શ્રીનગર તો પ્રવાસીઓ પર જ ચાલે છે. બાગ જોઈને અમે બહાર નીકળ્યા. સામે ઢગલાબંધ દુકાનો છે. અહીં હડતાલ નથી. ટોપીઓ ઘણી વેચાય છે. અમારામાંથી કેટલાક લોકોએ રાજા-મહારાજા કે પઠાણ જેવો ડ્રેસ પહેરીને ફોટા પડાવ્યા. બહુ સારા લાગતા હતા. બધું જોઈને પાછા હાઉસ બોટ ઉપર આવી ગયા. બોટો પર એક વાળંદ ફર્યા કરે છે તેની પાસે મેં હજામત કરાવી. ડાંખરાએ ચાર્જ આપવાનો આગ્રહ રાખ્યો. મને પૈસા આપવા ન દીધા. પછી ખબર પડી કે વાળંદે રૂ. 270 ચાર્જ કર્યો. બધાનો ભારે ચાર્જ કર્યો. 2-3 કલાકમાં હજાર રૂપિયા કમાઈ લીધા. વાળંદને પહોંચ્યા અમૃતભાઈ. તેમને પગે માલિશ કરાવવી હતી. પેલાએ 150/- ચાર્જ કહ્યો. અમૃતલાલ કહે કે "અલ્યા દોઢસોમાં તો નવો પગ મળે છે. નવો જ ન લઉં." અંતે પચાસમાં કડદો થયો. જો પ્રથમથી જ કડદો કર્યો હોત તો ભાવ ઓછા કરત. આ કાશ્મીર છે.

વળી પાછો વાળંદ કટ્ટર ભારતવિરોધી છે. એનું કહેવું છે કે અમારે ભારતમાં તો નથી જ રહેવું. ભલે ને તમે ગમે તેટલી સગવડો આપો. અમારે તો કાં તો પાકિસ્તાનમાં જવું છે કાં પછી સ્વતંત્ર રહેવું છે. 'બહુ જ મક્કમતાથી કશા જ દબાણ વિના તે બોલતો હતો. આ એક વ્યક્તિનો અભિપ્રાય ન હતો. મુસ્લિમોની માનસિકતાને જે નથી સમજી શકતા તે કદી પણ સફળ રાજનેતા નથી થઈ શકતા. તેનું કહેવું છે કે મુંબઈમાં જે ધમાકા થયા છે તે તો તમે હિંદુઓએ કર્યા છે. પાકિસ્તાનને ખોટા બદનામ કરો છો.

રાત્રે જ્યારે અમે હાઉસબોટના આગળના ભાગમાં બેઠા હતા અને પાછળના સીટિંગરૂમમાં બોટના કર્મચારીઓ ટી.વી. જોતા હતા ત્યારે પાકિસ્તાન-શ્રીલંકાની મૅચ ચાલતી હતી. જ્યારે પાકિસ્તાન રન કરે ત્યારે આ લોકો કૂદી-કૂદીને નાચતા હતા. હા, આ છે માનસિકતા. આ માનસિકતાને ન ગાંધીજી સમજી શક્યા ન નહેરુજી સમજી શક્યા. માત્ર સરદાર સાહેબ જ સમજી શક્યા હતા. તેમને વગોવી દીધા. હવે આ સમસ્યા એટલી વિકરાળ થઈ ગઈ છે કે તેનો કોઈ ઉકેલ જ દેખાતો નથી. જોકે બધા મુસ્લિમો આવું વલણ નહિ ધરાવતા હોય તોપણ તેવા રાષ્ટ્રવાદી લોકોનું કશું ઊપજતું પણ નહિ હોય તેવું દેખાય છે.

બપોર વીતી ચૂક્યો છે. હવે અમે બધા શિકારા લઈને ડાલ ઝીલમાં ફરવા જઈ રહ્યા છીએ. શિકારાભ્રમણ અહીંનું મુખ્ય આકર્ષણ છે. અમે તો નીકળી પડ્યા. ડાલ ઝીલ બહુ ઊંડું નથી. નીચે ઊગેલું ઘાસ સ્પષ્ટ દેખાય છે. ચાલુ શિકારાએ લોકો પોતપોતાની નાવો લઈને વસ્તુઓ વેચવા આવે છે. કાશ્મીરીઓનો સૌથી મોટો શત્રુ તેમની અપ્રામાણિકતા છે. તે છેતરવાની જ વાત કરે છે. ભાવતાલ એટલા બધા

ઊંચાં હોય કે ન પૂછો વાત, પછી સસ્તા કરે. પણ કરીકરીને કેટલા કરે. લોકો મોટા ભાગે છેતરાઈ જ જાય. આ દોષથી ફેરિયાવાળા કે વ્યાપારીઓ બચે તો ઘણો જ વ્યાપાર સમય બગાડ્યા વિના જ થઈ શકે.

આ ચાર ચિનાર છે. રાજાએ અહીં પાણી વચ્ચે મહેલ બનાવ્યો છે. કોઈ કોઈ વાર તે રહેવા આવતા. તેની પાસે જ ચાર ચિનારનાં વૃક્ષો ઊભાં છે. ભવ્ય અને સુંદર છે. સાંભળવા પ્રમાણે આજે અહીં ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારી અને સોનિયાબહેન પણ આવ્યાં છે. તેથી સુરક્ષાની વ્યવસ્થા બહુ સઘન અને કડક બની ગઈ છે.

એક મોટી બોટમાંથી ભાડા પર લાઈફજેકેટ મળે છે. ત્યાંથી જેકેટ પહેરીને તળાવમાં સ્નાન કરી શકો છો અને અહીં હાઈસ્પીડ બોટની પાછળ દોરડું પકડીને પાણી પર દોડી શકો છો. અહીં કમળ ફૂલો ઊગ્યાં છે. પેલું ગવર્નર હાઉસ છે. પેલું શિખર પર, શંકરાચાર્ય-મંદિર છે. મોટા ભાગે સેંકડો હાઉસ-બોટો ગેરકાયદે મુકાયેલી છે. સરકાર આંખઆડા કાન કરે છે. જેમ જમીન પર માલિકી હોય છે તેમ અહીં પાણી પર માલિકી હોય છે. સૌ સૌના પાણી પરના પ્લોટો છે. સૌની પોતાની મિલકત છે.

અમારા માટે રોજ શ્રીનગરમાંથી જે દુકાનેથી શાકભાજી લવાતું હતું ત્યાં બોમ્બ ફૂટવાથી દુકાન તો નષ્ટ થઈ ગઈ. સાથે સાથે બન્ને મુસ્લિમ દુકાનદારોનાં આખાં ધડ જ ઊડી ગયાં. આવું છે શ્રીનગર. જહાંગીરે જેને પૃથ્વી પરનું જન્નત કહ્યું હતું તે અત્યારે તો જહન્નમ થઈ ગયું છે. હવે લાલચોકથી શાકભાજી લવાય છે. લાલચોક હંમેશાં ટેન્શનવાળી જગ્યા છે. ત્યાં વધુ સમય ઊભું પણ ન રહેવાય.

અમે ફરતા ફરતા શિકારામાં દૂર અંદરના ભાગમાં પહોંચી ગયા. અહીં લોકો પોતપોતાની હાઉસ-બોટોમાં રહે છે તથા દુકાનો પણ છે. ભય લાગે તેવી જગ્યા છે. દરેક હાઉસ-બોટ પાસે જવા-આવવા માટે નાનો શિકારો હોય છે. આ તેમની રિક્ષા, કાર કે ટૅક્સીનું કામ કરે છે. ચારે તરફ કમળ જ કમળ છે. હજારથી પંદરસો હાઉસ-બોટો હશે. નગીના ઝીલમાં પણ આવી જ બોટો હોય છે. આ ઝીલમાં એકાદ લાખ માણસો રહેતાં હશે.

સ્ત્રીઓ કમળનાં દાંડલા ગાયો માટે લઈ જાય છે. રાત્રે સત્સંગ કર્યો અને સૂઈ ગયા.

2-7-09

*

# 13. ગુલમર્ગ

આજે તા. 22-6-09 છે. ચા-નાસ્તો કરીને વિદાય થયા. ડાલ સરોવરના કિનારે ડ્યુક હોટલમાં અમારી બસ ઊભી છે. આ બોટો પણ તેમની જ છે. શિકારા દ્વારા ત્યાં પહોંચ્યા. ફેરિયા જ ફેરિયા. બસ વસ્તુઓ લેતાં થાકો. અમારી બસ જેલમના કિનારે કિનારે જઈ રહી છે. હડતાલ હોવાથી દુકાનો બંધ છે. આ લાલચોક છે. મોટા ભાગની હિંસા અહીં થાય છે. અહીં અહિંસાનું કશું સ્થાન નથી. અહિંસાવાળા કોઈ આવતા નથી. કશો ઉપદેશ આપતા નથી. તે પણ સુરક્ષિત જગ્યાને શોધતા હોય છે. અહિંસાનો ઉપદેશ સસલાં-હરણાં આગળ વધુ થતો હોય છે. જે બિચારાં શાંતિથી સાંભળતાં હોય છે અને ધન્યતા અનુભવતાં હોય છે. વરુઓની આગળ કોઈ અહિંસાની વાતો કરતું નથી. કદાચ કરવા જાય તો પ્રવચનકારને જ ચૂંથી નાખે.

હિંસાને વીરતાભરી હિંસાથી દબાવી શકાય છે. અમે બધા ફરીએ છીએ તે આ આર્મીની ભરી બંદૂકોના પ્રતાપે ફરીએ છીએ. જો આર્મી ઉઠાવી લેવાય તો કાશ્મીર ગયું સમજો. કાલ્પનિક દર્શનો પ્રજાને ભારે હાનિ પહોંચાડે છે. આ ચોકમાં ઘણી ભીડ હોય છે. તેથી આતંકવાદીઓને વધુ ફાવે છે. આ બસ-સ્ટૅન્ડ છે. બહુ મોટું છે અને ઘણી બસો ઊભી છે. અહીં રિક્ષાઓ તો છે જ. ઘોડાગાડીઓ પણ ચાલે છે. બસોમાં ચિક્કાર માણસો ભરેલાં હોય છે. હવે બુરખાવાળી સ્ત્રીઓ વધુ દેખાવા માંડી છે. જોકે બુરખો નહિ પહેરનારી સ્ત્રીઓનું હજી પણ પ્રમાણ વધારે છે. આતંકવાદીઓએ ફરજિયાત બુરખો પહેરવાનો ફતવો બહાર પાડેલો પણ લોકોએ બહુ ગણકાર્યું નહિ. જો ભારતીય આર્મી ન હોય તો બિચારી સ્ત્રીઓનું તો આવી જ બને. અમે ગુલમર્ગ જઈ રહ્યા છીએ. ઘણી છોકરીઓ હાઈસ્કૂલ-કૉલેજ જઈ રહી છે. અર્ધીઓએ માથે સ્કાર્ફ બાંધેલો છે. છોકરીઓનાં ટોળાં જુદાં છે. તેમાં છોકરા ભળતા નથી. તેમનું ટોળું જુદું હોય છે. બધું મર્યાદિત લાગે છે.

અમે હવે ગુલમર્ગ પહોંચી ગયા છીએ. ભાડાનાં ઘોડાં ઘણાં ફરી રહ્યાં છે. અહીં રોપ-વે છે. અમે બધા ગંડોલામાં બેઠા અને સડસડાટ ઉપર જવા ઊપડ્યા. નીચેનું દૃશ્ય સુંદર લાગે છે. પર્વતોમાં પણ જગ્યા મળે ત્યાં લોકો ખાસ કરીને બચરવાળ લોકો નીચાં ઘર બનાવીને રહે છે. અમે પ્રથમ પોઇન્ટ કોંગડૂર પહોંચ્યા. કાશ્મીરમાં ઘણાં ગામોની પાછળ 'મર્ગ' શબ્દ લાગે છે. જેનો અર્થ થાય છે 'ફૂલોનું મેદાન'. હજી ઉપર બીજો પોઇન્ટ છે. પણ ત્યાં બરફ જ બરફ હોવાથી જવાનું બંધ રાખ્યું. ફરી પાછા નીચે ઊતરી આવ્યા. લોકો ખરીદી કરી રહ્યા છે. અહીં રોજીઓ જ રોજીઓ છે. ખાલસા રેસ્ટોરાં આગળ અમારા લંચની વ્યવસ્થા થઈ છે. પેલું ઉપર ઊંચે મંદિર દેખાય તે શિવજીનું છે. અહીં ફિલ્મોનું શૂટિંગ પણ થાય છે. પાછા શ્રીનગર તરફ ચાલ્યા.

આર્મીની ઘણી ટ્રકો શ્રીનગર તરફ જઈ રહી છે. આર્મીવાળા બંદૂકો ઠીક કરી રહ્યા છે. કાંઈક ગડબડ હશે. અહીં રહેનાર આર્મીના માણસનો એક પગ હંમેશાં મૃત્યુમાં હોય છે. ક્યારે શું થઈ જાય તે કહેવાય નહિ. આ વિધાનસભાભવન છે. બહુ ભવ્ય ન લાગ્યું. અહીં કેટલીયે ગુજરાતી હોટલો તથા રેસ્ટોરાં પણ છે. અહીંની પોલીસ વારંવાર ડ્રાઇવર પાસે એન્ટ્રી માગે છે. ડ્રાઇવર હસીને આપી દે છે. નહીં તો બસ ઊભી કરાવી દે. ડ્રાઇવરે કહ્યું કે અહીંની પોલીસ તો ગાંધીજી જ માગે છે. હું સમજ્યો નહિ એટલે સ્પષ્ટતા કરી—સો રૂપિયાવાળી નોટ.

અમે ફરી પાછા હાઉસ-બોટ પહોંચી ગયા છીએ. જે લોકો અમરનાથ ગયા હતા તે આવી ગયા છે. બધાના અનુભવો સારા ન રહ્યા. કાન્તિભાઈનું કહેવું છે કે જવાય નહિ. તિરુપતિનું કથન છે કે મારા પરથી તો ઘાત જ ગઈ. આગળ ચાલતા ઘોડાવાળાનો રેઈનકોટ ઊડીને સીધો મારા ઘોડાના મોઢા પર આવી ગયો. ઘોડો ચમક્યો. માંડ બચ્યો. સૌએ પોતપોતાના અનુભવો સંભળાવ્યા.

રાત્રે બધાની મિટિંગ થઈ. ડ્રાઇવર, કન્ડક્ટર બધા રસોઇયા, મૅનેજર, સહમૅનેજર વગેરે બધાને સારી રીતે બક્ષિસો આપીને પ્રસન્ન કર્યા. બધા ખુશ ખુશ થયા.

બીજા દિવસે 23મીએ હાઉસ-બોટવાળાની વિદાય લઈને અમે શ્રીનગર હવાઈ મથકે પહોંચ્યા. ત્રણ કલાક પહેલાં પહોંચવું જરૂરી હતું. બે કિલોમીટર પહેલાં જ એક ચેકિંગ થતું હતું. તેથી ટ્રાફિક જામ થઈ ગયો હતો. ઘણી બુરખાવાળી સ્ત્રીઓ રોકાયેલી ગાડીઓ પાસે ભીખ માગવા ફરી રહી છે. બે કિલોમીટર પહેલાં ચેકિંગ એટલા માટે કે કદાચ આત્મઘાતી વિસ્ફોટક હોય તો અહીં જ ફૂટી જાય. ચેકિંગ

કરાવીને હવાઈ મથકે પહોંચ્યા. ફરી ચેકિંગ થયું. સામાન ગયો. એર ઇન્ડિયામાં અમે દિલ્હી પહોંચી ગયા. અહીંથી કિંગ ફિશરમાં અમદાવાદ જવાનું છે. ત્રણ કલાક હવાઈ મથકે જ વિશ્રામ કર્યો. હવે આપણાં હવાઈ મથકો સારાં થઈ ગયાં છે. ગૌરવ લેવા જેવાં. ફ્લાઈટ એક કલાક મોડી પડી. ઘણાં ઓળખીતાં આવ્યાં. અંતે અમે બધા વિદાય થયા અને રાતના 11-30 વાગ્યે અમદાવાદ પહોંચી ગયા.

યાત્રા પૂરી થઈ. કોબા આશ્રમમાં આવીને સૂઈ ગયા. હવાઈ મથક પર રમણભાઈ તથા મેવાડા વગેરે લેવા આવ્યા હતા. હાશ, દુનિયાનો છેડો ઘર. મારું વજન ઊતર્યું હતું અને અશક્તિ આવી ગઈ હતી. એવું લાગતું હતું કે ઓચિંતાનું જ વૃદ્ધત્વ આવી ગયું છે. આમે મને 78 તો થયાં જ છે ને! હવે ક્યાં સુધી પ્રવાસો થશે?

2-7-09

[નીચેનો લેખ આ પ્રવાસ-પુસ્તક સાથે સંબંધ ધરાવતો ન હોવા છતાં, અત્યારે આ વિષય ચારે બાજુ ચર્ચાઈ રહ્યો હોવાથી, સ્વામીજીએ આ લેખમાં આ વિશેના પોતાના વિચારો રજૂ કર્યા છે.]

# સમલૈંગિકતા

દિલ્હીની હાઈકોર્ટે આજે જજમેન્ટ આપ્યું છે (ભારતીય દંડસહિતાની 377મી કલમ પ્રમાણે) કે એકબીજાની સંમતિથી વયસ્ક લોકોના સમલૈંગિક સંબંધોને હવે અપરાધ નહિ મનાય વગેરે. આ જજમેન્ટ પછી પૂરા દેશમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. પક્ષમાં અને વિપક્ષમાં ચર્ચાઓ થાય છે. આ બાબતમાં મારા વિચારો રજૂ કરવા યોગ્ય છે.

1. સેક્સનો હેતુ સંતાનોત્પત્તિ, વાસનાનું શમન અને આનંદ મેળવવો એ હોઈ શકે. વાસનાનું દુઃખ ન હોય તો આનંદનો પ્રશ્ન જ રહેતો નથી. ખરેખર તો વાસનાના પ્રચંડ દુઃખને નિવૃત્ત કરવા જ સેક્સ ભોગવાય છે. દુઃખનિવૃત્તિને જ આનંદ મનાય છે.

માનવજાતિ સિવાય તમામ જીવસૃષ્ટિ માત્ર પ્રજોત્પત્તિ માટે જ સેક્સમાં પ્રવૃત્તિ કરે છે. સૌનો પિરિયડ હોય છે. પિરિયડ પછી આપોઆપ શાંતિ થઈ જાય છે. મોટા ભાગે પશુઓની સેક્સ માદાપ્રેરિત હોય છે. સો ગામોમાં ફરનારો સાંઢ કોઈ ગાય પિરિયડમાં આવે ત્યારે જ સેક્સ કરે છે. પિરિયડ વિનાની ગાયને તે અડતો પણ નથી. આવું જ કૂતરાં-બિલાડાં વગેરેનું છે. તેથી તેઓ આપોઆપ સંયમ પાળે છે. બંધાઈ ગયેલી ગાય ફરી સેક્સની ઇચ્છા કરતી નથી.

મનુષ્યોમાં આવું નથી. માનવજાતિ પિરિયડથી બંધાયેલી નથી. તે હંમેશાં—બારે મહિના કામાતુર રહે છે. એટલે તેની સેક્સ માત્ર પ્રજોત્પત્તિ પૂરતી સીમિત નથી રહેતી. તેની વાસના કાયમ ધધકતી રહે છે. બાળે છે. તેથી તે કાયમ સેક્સભૂખ્યો રહે છે. આ માટે કુદરતે-પરમેશ્વરે નર-નારીની જોડી બનાવી છે, જે સેક્સ માટે એકબીજાનાં પૂરક બને છે. પ્રજોત્પત્તિ માટે અને વાસનાશાંતિ—બન્ને માટે. હવે પ્રશ્ન એ થાય છે કે આવી કુદરતી સનાતન વ્યવસ્થા હોવા છતાં પણ સમલૈંગિક સેક્સની શી જરૂર છે?

આવી સમલૈંગિકતા માનવ સિવાય પશુ-પક્ષીઓમાં ક્યાંય દેખાય છે? શું બે કૂતરા કે બે કૂતરીઓને પરસ્પરમાં સેક્સ કરતાં કદી જોયાં છે? આવું જ બીજાં પશુ-પક્ષીઓમાં પણ જોયું છે? ના, કદી નહિ. આ તો માત્ર માનવે ઊભી કરેલી વિકૃતિ છે. કુદરતી વ્યવસ્થાનો છડેચોક ભંગ કરનારી આ વિકૃતિને સ્વીકારનારો સમાજ મહાન તો ન જ બને.

પૂર્વે કહ્યું તેમ આવી સમલૈંગિક સેક્સ પ્રજોત્પત્તિ માટે તો નથી જ. તો શું તેનાથી વાસનાતૃપ્તિનો હેતુ પૂરો થાય છે? માનો કે કદાચ થાય છે તોપણ તેમાં એક પુરુષને પોતાનું પુરુષપણું અને એક સ્ત્રીએ પોતાનું સ્ત્રીપણું ગુમાવવું જરૂરી થઈ જાય છે. સમલૈંગિકોમાં પણ અંતે તો એક માદાનું પાત્ર ભજવે છે અને એક નરનું પાત્ર ભજવે છે, જે અકુદરતી છે. જો આવું જ હોય તો જે ખરેખર માદા છે કે ખરેખર પુરુષ છે તેને જ પાર્ટનર બનાવો ને? તેમાં વાંધો શું છે? હજી સુધી મારી સમજમાં એ નથી આવ્યું કે બે સ્ત્રીઓ સમલૈંગિક સંબંધ કેવી રીતે બાંધી શકે?

સેક્સમાં પુરુષની સ્થિતિ જુદી હોય છે. વીર્યસ્રાવ થયા પછી પુરુષનું કામ પૂરું થઈ જાય છે. પણ જે પુરુષ માદાના પાત્રમાં છે તેનું કામ તો કદી પૂરું થતું જ નથી. કુદરતી એવી કોઈ વ્યવસ્થા નથી કે તેને તૃપ્તિના ઓડકાર આવે. આવા લોકો હંમેશાં અતૃપ્ત નવા-નવા પુરુષો શોધતા ફરતા હોય છે. તેમની દુર્દશાનો પાર નથી રહેતો. તેનું શું? આવા પુરુષમાદાઓ અનેક પુરુષોને શિકાર બનાવી બગાડતા ફરે છે. તેમને પતિવ્રતા જેવો ધર્મ નથી હોતો.

2. નાના આંતરડાથી મળદ્વાર સુધી સોળ પ્રકારના કીડાઓ હોય છે. આ કીડાઓના સંપર્કથી સામેના પાત્રને એઇડ વગેરે રોગો થઈ શકે છે. મારે દક્ષિણ અમેરિકાના ગ્વાટેમાલા દેશમાં જવાનું થયું હતું. ત્યાં 'તિકાલ' (Tikal) સંસ્કૃતિનાં ભવ્ય ખંડેરો જોવા ગયો હતો. સેંકડો વર્ષ પહેલાં અહીં ભવ્ય સંસ્કૃતિવાળી મહાન પ્રજા રહેતી હતી તે પૂરેપૂરી નષ્ટ થઈ ગઈ. વૈજ્ઞાનિકો એવા તારણ પર આવ્યા છે (કારણ કે ભવનોમાં સમલૈંગિકતાનાં ચિત્રો દોરેલાં મળ્યાં છે) કે આ પ્રજા મોટા પ્રમાણમાં સમલૈંગિક થઈ ગઈ હતી તેથી કોઈ અસાધ્ય રોગ પ્રગટ્યો હતો, જેણે પૂરી પ્રજાનો નાશ કરી નાખ્યો હતો. આપણે આમાંથી કોઈ બોધપાઠ લેવા માગીએ છીએ? કુદરતી વ્યવસ્થા જુઓ કે મળદ્વારમાં તો જંતુઓ રહે છે પણ પેશાબમાં જંતુઓ નથી હોતાં. પેશાબ એન્ટિસેપ્ટિક હોય છે. તેનાથી ઘા રુઝાઈ જાય છે. બે મૂત્રદ્વારોના મળવાથી કુદરતી કવચ મળે છે, જે મળદ્વારમાં નથી હોતું.

3. બે વયસ્ક સમલૈંગિકો સ્વીકૃતિથી ગમે તે કરે તેને માન્ય રાખવાનું હોય તો પ્રશ્ન એ થાય કે પરણેલા લોકો માટે પણ આ છૂટ થઈ જાય.

એક પરણેલો પુરુષ પોતાની પત્ની આગળ પુરુષ થાય અને બીજા પુરુષ આગળ માદા થાય તો કેવી દશા થાય? આવું જ સ્ત્રીપક્ષે પણ. પોતાના પતિને બીજાની માદા થતાં કોઈ પત્ની સ્વીકારી શકે? અથવા કહો કે આવો માદાપુરુષ ખરો મર્દ પતિ થઈ શકે? ન થઈ શકે તો ઘર ભાંગે જ ને? આવો માદાપુરુષ નહિ ઘરનો કે નહિ ઘાટનો થઈ જશે. આવી દશા કોણે કરી? શું મેળવવા કરી? જેમાં કશું મળતું નથી માત્ર બે ક્ષણની વિકૃતિ જ મળે છે અને બધું જ ખોઈ નાખવું પડે છે તેનું સમર્થન કેમ કરાય?

4. આ અકુદરતી સેક્સના રવાડે ચઢેલી વ્યક્તિઓને કુદરતી સેક્સ ગમતી નથી. તેથી મુખ્ય જીવનધારાથી દૂર ફંગોળાઈ જાય છે. બીજી તરફ કુદરતી પતિ-પત્નીમાં જે દામ્પત્ય જામે છે તે 'ગે' લોકોમાં જામતું નથી. એથી વિશ્વસનીય હૂંફ રહેતી નથી. આવી સ્થિતિમાં પાછલી જિંદગીમાં આ લોકો એકાકી થઈને વૅક્યૂમથી પીડાતા રહે છે. પત્ની ન હોવાથી અને બાળકો-સંતાનો ન હોવાથી પાછલી જિંદગી ભારે ત્રાસરૂપ થઈ જતી હોય છે. અધૂરામાં પૂરું વૃદ્ધાવસ્થામાં શારીરિક ક્ષમતા ન રહેવાથી છોતરાની માફક ફેંકાઈ જાય છે. પડેલી આદતો સુધરતી નથી અને હવે પાત્રો મળતાં નથી તેથી રઘવાયા થાય છે. આવી દશા કરાવવી છે પ્રજાની?

5. જો સ્વીકૃત સમલૈંગિકતાને અપરાધ ન મનાય તો પછી સ્વીકૃત વિષમલૈંગિકતાને પણ અપરાધ ન કહેવાય. અર્થાત્ કોઈ પણ પુરુષ કોઈ પણ સ્ત્રી સાથે અને કોઈ પણ સ્ત્રી કોઈ પણ પુરુષ સાથે એકબીજાની સ્વીકૃતિથી સેક્સ કરે તો વાંધો ન રહે. આ રીતે વ્યભિચાર પણ અપરાધ મટી જશે. ક્યાં જશે સમાજ? કોઈનું દામ્પત્ય સાબૂત નહિ રહે.

6. નર-નારીની રચના શારીરિક અને માનસિક બન્ને રીતે જુદી જુદી રીતે થઈ છે. સ્ત્રીનો સ્પર્શ પુરુષ માટે અને પુરુષનો સ્પર્શ સ્ત્રી માટે જુદી જ વસ્તુ છે. બે પુરુષો કે બે સ્ત્રીઓ એકબીજાને સ્પર્શે તો એકબીજાને રોમાન્સ—સુખ થતું નથી; એટલે ચુંબન, આલિંગન વગેરે દ્વારા જે રોમાન્સ સુખ નર-નારીને મળે તે એકલા નર-નરને કે એકલી નારી-નારીને ન મળે. માત્ર મિકેનિક ક્રિયા જેવું વિકૃત સેક્સસુખ જ મળે તે ભુલાવું ન જોઈએ.

આમ એકંદર રીતે જોતાં આ સમલૈંગિકતાની વાત સમાજ માટે, આરોગ્ય માટે, ધર્મ માટે ભયંકર હાનિરૂપ દેખાય છે. તેનાથી લોકો દૂર રહે, બચે તેવા પ્રયત્નો કરવા જોઈએ, તેની જગ્યાએ તેને પ્રોત્સાહન મળે તેવું વાતાવરણ કરવું તે ઠીક ન કહેવાય.

એક અપવાદ કરી શકાય. જે લોકોને ઇચ્છવા છતાં વિજાતીય પાત્ર મળ્યું ન હોય, મળવાની શક્યતા પણ ન હોય આવા લોકો વાસનાભૂખને સંતોષવા આવા રસ્તે વળે તો દયાને પાત્ર ગણાવા જોઈએ. ઉત્તમ તો એ છે કે પ્રત્યેક સ્ત્રી-પુરુષને યથાયોગ્ય વિજાતીય પાત્ર મળી રહે. ધર્મ અને સમાજ આવી પરિસ્થિતિનું નિર્માણ કરે તો ઘણા લોકો સુખી થાય. ઘણા અનર્થોમાંથી બચી શકાય.

28-7-09

* * *